CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ મે ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ વદ ૧૦ | અંક : ૩૧૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ન્યૂઝ બ્રિફ

## અપેક્ષાઓ વધવા પર પોતાના પર દબાણ ન લાવવું : મહેન્દ્ર સિંહ ધોની



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

IPL 2025 ચેન્નઈ સુપર કિંગ્સ અને મહેન્દ્ર સિંહ ધોની માટે ખૂબ જ ખરાબ રહી. ૫ વખતની ચેમ્પિયન ટીમ IPL પોઈન્ટ ટેબલમાં છેલ્લા સ્થાને છે. મંગળવારે રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં મહેન્દ્ર સિંહ ધોનીએ ૧૭ બોલમાં ૧૬ રન બનાવ્યા હતા. મેચ બાદ તેણે IPLમાં પોતાના પ્રદર્શનથી પ્રભાવિત કરનારા યુવા ભારતીય બેટ્સમેનોને ૨૦૦+ ના સ્ટ્રાઈક રેટથી કેવી રીતે બેટિંગ કરવી તેનો ગુરુમંત્ર આપ્યો. ધોનીએ વૈભવ સૂર્યવંશી અને આયુષ મ્હાત્રે સહિત તમામ યુવા બેટ્સમેનોને સલાહ આપી કે અપેક્ષાઓ વધવા પર પોતાના પર દબાણ ન લાવવું. થાલાએ દબાણ હેઠળ પણ સાતત્ય જાળવવા અને શાંત રહેવાના મહત્વ પર ભાર મૂક્યો.

## અરજદારો સમગ્ર મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ નથી કરતાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

વક્ફ સુધારા કાયદા પર સુપ્રીમ કોર્ટમાં બીજા દિવસની સુનાવણી બુધવારે શરૂ થઈ. આ મહત્ત્વપૂર્ણ સુનાવણીમાં કેન્દ્ર સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મજબૂત રીતે કાનૂની પક્ષ રજૂ કર્યો. સરકાર તરફથી કોર્ટને જણાવવામાં આવ્યું કે, વકફ કાયદામાં ફેરફારો અંગે વ્યાપક ચર્ચા અને સલાહ સૂચન કરવામાં આવ્યું છે. તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી કે અરજદારો સમગ્ર મુસ્લિમ સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા નથી. તેમણે કહ્યું કે, આ વિષય પર ૯૭ લાખથી વધુ લોકો તરફથી સૂચનો મળ્યા હતા, અને વિવિધ સ્તરે મીટિંગોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં આ સુધારાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. એસજીએ જણાવ્યું હતું કે, ૨૫ વક્ફ બોર્ડ પાસેથી અભિપ્રાય લેવામાં આવ્યો હતો, જેમાંથી કેટલાકે રુબરુમાં આવીને તેમનો અભિપ્રાય રજૂ કર્યો હતો. આ ઉપરાંત રાજ્ય સરકારો સાથે પણ સલાહ-સૂચન કરાયું હતું. તુષાર મહેતાએ કહ્યું કે, સુધારાના દરેક કલમ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

### ૧ કરોડના ઇનામી રાજુ વસાવા એન્કાઉન્ટરમાં ઠાર

# છત્તીસગઢમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી, ૩૧ નક્સલી ઠાર

### આ એન્કાઉન્ટર દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો જ્યારે એક ઘાયલ થયો : ૧૨ બોરની રાઇફલ, પિસ્તોલ અને અન્ય નક્સલી સામગ્રી મળી

। (એજન્સી) બીજાપુર, તા.૨૧ ।

છત્તીસગઢમાં નક્સલીઓ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. છત્તીસગઢના નારાયણ પુર અને બીજાપુરમાં સુરક્ષા દળોએ ૩૧ નક્સલીઓને ઠાર માર્યા છે. આજે, એટલે કે બુધવારે, સુરક્ષા દળોએ નારાયણપુર અને બીજાપુર વિસ્તારોમાં નક્સલીઓ પર વિનાશ વેર્યો હતો. નક્સલવાદીઓ સામેની આ કાર્યવાહીમાં રાજુ વસાવા માર્યો ગયો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. સૂત્રો કહે છે કે, નક્સલી સંગઠનના મહાસચિવ વસાવા રાજુની પણ હત્યા કરવામાં આવી છે. હજુ સુધી કોઈ ઔપચારિક જાહેરાત થઈ નથી. વસાવા રાજુ છત્તીસગઢના



નારાયણપુર અને બીજાપુર વિસ્તારનો કુખ્યાત નક્સલવાદી રહી ચુક્યો છે. તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ છે. આ એન્કાઉન્ટર દરમિયાન એક સૈનિક શહીદ થયો હતો જ્યારે એક ઘાયલ થયો હતો. વસાવા રાજુને બસવા રાજુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનું સાચું નામ નંબાલા કેશવ રાવ છે. તેમને ગગન્ના, પ્રકાશ અને બીઆર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના પિતાનું નામ વાસુદેવ રાવ છે. તેમની ઉંમર લગભગ ૨૫ વર્ષ છે. તેમણે બી.ટેકનો અભ્યાસ કર્યો હતો. તે આંધ્રપ્રદેશના શ્રીકાકુલમનો રહેવાસી હતો. તેમણે CPI માઓવાદીમાં મહાસચિવનું પદ સંભાળ્યું હતું. જણાવી દઈએ કે, તેની પાસે છદ્મ૪૭ હતી. વસાવા રાજુ એક ખુંખાર નક્સલવાદી હતો. તે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી) ના વરિષ્ઠ કાર્યકર હતો અને દક્ષિણ બસ્તર વિભાગીય સમિતિના વડા પણ રહી ચૂક્યો છે. તે છત્તીસગઢ, ઓડિશા અને આંધ્રપ્રદેશની સરહદો પર સક્રિય હતો. તેમની કુશળતા વિસ્ફોટકો અને ગેરિલા યુદ્ધમાં હતી, જેના કારણે તેઓ સુરક્ષા દળો માટે ખતરનાક બની ગયો હતો. આ ઉપરાંત, છત્તીસગઢમાં રાજ્ય સ્તરે ૧ કરોડ રૂપિયાનું ઈનામ હતું. નક્સલી વસાવા રાજુ સુરક્ષા દળો માટે મોટો માથાનો દુખાવો હતો. તેણે ઘણા નક્સલી હુમલા કર્યા હતા.

## શેરબજારની મંદી પર બ્રેક, સેન્સેક્સમાં ૪૧૦ પોઈન્ટનો ઉછાળો

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

શેરબજાર બુધવારે વધારા સાથે લીલા રંગમાં બંધ થયું. અગાઉ બજારમાં સતત ૩ દિવસ ઘટાડો જોવા મળ્યો હતો. આજે બીએસઈ સેન્સેક્સ ૪૧૦.૧૯ પોઈન્ટ (૦.૫૧%) ના વધારા સાથે ૮૧,૫૯૬.૬૩ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે આજે એનએસઈનો નિફ્ટી ૫૦ પણ ૧૨૯.૫૫ પોઈન્ટ (૦.૫૨%) ના વધારા સાથે ૨૪,૮૧૩.૪૫ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી



દઈએ કે આજના ટ્રેડિંગ દરમિયાન એક સમયે સેન્સેક્સ ૮૨,૦૨૧.૬૪ પોઈન્ટ અને નિફ્ટી ૨૪,૯૪૬.૨૦ પોઈન્ટ પર પહોંચી ગયો હતો, ત્યારબાદ તે ફરી એકવાર ઘટવા લાગ્યો. બુધવારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૪ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને બાકીની ૬ કંપનીઓના શેર લાલ નિશાનમાં નુકસાન સાથે બંધ થયા. બીજી તરફ આજે નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૩૭ કંપનીઓના શેર લીલા નિશાનમાં વધારા સાથે અને બાકીની ૧૩ કંપનીઓના શેર લાલ નિશાનમાં નુકસાન સાથે બંધ થયા. આજે સેન્સેક્સ કંપનીઓમાં બજાજ ફિનસર્વના શેર સૌથી વધુ ૨.૦૨ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ઈન્ડસઈન્ડ બેંકના શેર ૧.૮૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

### ઈઝરાયેલે ગાઝામાં ખોરાક, દવાઓ સહિતની રાહત સામગ્રીની ટ્રકોના પ્રવેશને મંજૂરી આપી

# ગાઝામાં ઇઝરાયેલના ભીષણ હવાઇ હુમલામાં ૮૫ના મોત

### ઈઝરાયેલે મંગળવારે કરેલાં હુમલામાં એક શાળામાં બનાવેલા શરણાર્થી ગૃહ અને મકાનમાં રહેલાં ૨૨ જણાંના મોત નિપજ્યાં હતાં

। (એજન્સી) ડેર અલ-બલાહ, તા.૨૧ ।

ગાઝામાં નવી સૈન્ય કાર્યવાહી અટકાવવાની સાથી દેશોની અપીલને અવગણીને ઈઝરાયેલે મંગળવારે કરેલાં આક્રમક હવાઈ હુમલામાં ઓછામાં ઓછાં ૮૫થી વધુ પેલેસ્ટેનિયન નાગરિકોના મોત નિપજ્યાં હતાં. દરમિયાનમાં આંતરરાષ્ટ્રીય દબાણને પગલે ઈઝરાયેલે પેલેસ્ટેનિયન નાગરિકો માટે મોકલવામાં આવતી સહાયની ડઝનેક ટ્રકને ગાઝામાં પ્રવેશની મંજૂરી આપી હતી. ઉલ્લેખની છે કે, આંતરરાષ્ટ્રીય સમુદાયના દબાણને પગલે ઈઝરાયેલે ગયા



સપ્તાહે ખોરાક, દવાઓ અને ઈંધણ સહિતની રાહત સામગ્રી ગાઝામાં લઈ જવાની મંજૂરી આપી હતી. સોમવારે આ પૈકીની પાંચ ટ્રકો કેરેમ શાલોમ થઈ ગાઝામાં પ્રવેશી હતી. જ્યારે મંગળવારે વધુ ડઝનેક ટ્રક્સ લોટ, બેબી ફૂડ તથા મેડિકલ સપ્લાય સહિતની ચીજ-વસ્તુઓ લઈ ગાઝા પહોંચી હતી. ઈઝરાયેલે મંગળવારે કરેલાં હુમલામાં એક શાળામાં બનાવેલા શરણાર્થી ગૃહ અને મકાનમાં રહેલાં ૨૨ જણાંના મોત નિપજ્યાં હતાં. ઈઝરાયેલી સૈન્યના દાવા અનુસાર, તેમણે અહીં આવેલા હમાસના કમાન્ડ સેન્ટરને ટાર્ગેટ બનાવ્યું હતું, અને હુમલો કરતાં પહેલાં નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસી જવાની ચેતવણી આપી હતી. ડેર અલ-બલાહમાં કરાયેલાં અન્ય એક હુમલામાં ૧૩ જણાના જ્યારે તેનાંથી થોડાંક અંતરે આવેલા નુસરત રિફ્યુજી કેમ્પ પરના હુમલામાં ૧૫ જણાનો જીવ ગયો હતો તેમ અલ અક્સ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે દક્ષિણના ખાન યુનિસ શહેર પરના હુમલામાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું હતું કે, હમાસના આતંકીઓ રહેણાંક વિસ્તારમાં નાગરિકોને ઢાલ બનાવી રહ્યાં છે. ઈઝરાયેલી હુમલાઓમાં વધારો થવાને કારણે હમાસ સાથે ઘણા દેશો સતત યુદ્ધવિરામ કરાર માટે તૈયારી કરી રહ્યા છે. આ દરમિયા ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ દ્વારા આપવામાં આવેલા નિવેદનથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે ગાઝામાં યુદ્ધવિરામની આશાઓ વધુ ધૂંધળી થઈ રહી છે.

### રાન્યા રાવ ગોલ્ડ સ્મગલિંગ કેસ સાથે કનેક્શન

# કર્ણાટકના ગૃહમંત્રીની હોસ્પિટલ પર EDની રેડ

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૧ ।

કન્નડ ફિલ્મ અભિનેત્રી રાન્યા રાવ સાથે જોડાયેલા સોનાની દાણચોરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈઢએ દરોડા પાડ્યા છે. તપાસ એજન્સીની ટીમે કર્ણાટકના ગૃહમંત્રી પરમેશ્વરની હોસ્પિટલની તપાસ કરી છે. તપાસ દરમિયાન, ED ને HMG પરમેશ્વર સાથે સંકળાયેલ રાન્યા રાવ અને સિદ્ધાર્થ મેડિકલ કોલેજ વચ્ચે પૈસાના વ્યવહારો મળ્યા. EDની ટીમ હોસ્પિટલના નાણાકીય રેકોર્ડની તપાસ કરી રહી છે.



તાજેતરમાં, સોનાની દાણચોરીના કેસમાં મુખ્ય આરોપી રાન્યા રાવ અને સહ-આરોપી તરુણ કોંડારુ રાજુને સ્પેશિયલ કોર્ટ (આર્થિક ગુના) તરફથી જામીન મળ્યા છે. જસ્ટિસ વિશ્વનાથ સી. ગૌડરે બંનેને જામીન આપતા પોતાના આદેશમાં બે શરતો પણ લાદી છે. આ મુજબ, બંને દેશ છોડી શકતા નથી અને ફરીથી આવો ગુનો કરી શકતા નથી. આ શરતોનું ઉલ્લંઘન થવાના કિસ્સામાં જામીન રદ કરવામાં આવશે તેવું કહેવામાં આવ્યું છે.

## રાજસ્થાનમાં ૨૫ યુવકોને શિકાર બનાવનારી લૂટેરી દુલ્હન ઝડપાઇ

। (એજન્સી) ભોપાલ, તા.૨૧ ।

લૂટેરી દુલ્હનના નામે મશહુર અનુરાધા પાસવાને ૨૫ માસુમ વરરાજા સાથે છેત્તરપિંડી કરી તેઓના લાખોના ઘરેણા અને રોકડ લઈને ભાગવાના આરોપમાં ધરપકડ કરી છે. તેણી પુરુષોને નકલી લગ્નમાં ફસાવવા માટે નવુ નામ, નવી ઓળખ અને નવુ શહેર પસંદ કરતી હતી. ઘરેણા અને રોકડ લઈને ભાગી જતાં પહેલા, તેણી આદર્શ કન્યા અને પુત્રવધુનો ખેલ ખેલતી હતી. સવાઈ માધોપોરની પોલીસે અનુરાધાને પકડવા માટે ઉલ્ટો દાવ રમ્યો હતો.

### આ અરજી પર કોઈ સુનાવણી કરી શકાય નહીં : કોર્ટ

# યશવંત વર્મા વિરૂદ્ધ FIR નોંધવાની માગ કરતી અરજી ફગાવી દેવાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટે પૂર્વ જસ્ટિસ યશવંત વર્મા વિરૂદ્ધ એફઆઈઆર નોંધવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, અરજદારોએ અરજી દાખલ કરતાં પહેલાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સામે આ સંદર્ભે કોઈ પણ પ્રકારનું આવેદન આપ્યું નથી. જેને ધ્યાનમાં લેતાં આ અરજી પર કોઈ સુનાવણી કરી શકાય નહીં.

જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભુઈયાની બેન્ચે જણાવ્યું હતું કે, અરજદારોએ અરજી કરતાં પહેલાં આ મામલો યોગ્ય ઓથોરીટી સમક્ષ ઉઠાવવો જોઈએ. ત્યારબાદ કોર્ટના દ્વાર ખટખટાવવા જોઈએ. આ મામલે ઈન-હાઉસ તપાસ રિપોર્ટ રાષ્ટ્રપ તિ અને વડાપ્રધાનને મોકલી દેવામાં આવ્યો છે. અરજદાર વકીલ નેદુમપારાએ કોર્ટને જણાવ્યું કે, મોટાપ્રમાણમાં બેનામી રોકડ મળી આવવી એ ભારતીય ન્યાય સંહિતા અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ એક ગંભીર ગુનો છે. પોલીસે આ મામલે આરોપી વિરૂદ્ધ એફઆઈઆર નોંધવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, નેદુમપારાએ અગાઉ પણ આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. પરંતુ તે સમયે પણ કોર્ટે આ કેસ તપાસ સમિતિ સમક્ષ પેન્ડિંગ હોવાથી અરજી ફગાવી દીધી હતી.

### વોટ્સએપ ચેટ આવી બહાર

# દેશદ્રોહી જ્યોતિ મલ્હોત્રાએ કહ્યું મારા લગ્ન પાકિસ્તાનમાં કરાવો

### હરિયાણાના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૧ ।

પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરાયેલા હરિયાણાના હિસારના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા વિશે દરરોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. જેમ જેમ તપાસ અને પૂછપરછ આગળ વધે છે. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ જ્યોતિ મલ્હોત્રા વિશે નવા સનસનાટીભર્યા ખુલાસા થઈ રહ્યા છે. હવે યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાની ગુપ્તચર



એજન્સીના અધિકારી સાથેની બીજી વોટ્સએપ ચેટ સામે આવી છે. હસન અલી જ્યોતિને કહે છે, ''મારા મિત્ર, મારું હૃદય હંમેશા તું ખુશ રહે તેવી પ્રાર્થના કરે છે. તું હંમેશા ખુશ અને ખુશ રહે, તારા જીવનમાં ક્યારેય કોઈ દુઃખનો સામનો ન કરવો પડે.'' આના પર જ્યોતિએ હસતા ઈમોજી સાથે હસનને કહ્યું, ''મારા લગ્ન પાકિસ્તાનમાં કરાવો.'' હરિયાણાના યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રાની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. તપાસ એજન્સીઓ દરેક ખૂણાની તપાસ કરી રહી છે અને દરેક કડીને જોડી રહી છે જેથી સત્ય જાણી શકાય. જ્યોતિના મોબાઈલ ડિટેલ્સ અને વોટ્સએપ ચેટ્સની તપાસ કરવામાં આવી છે.

### ટીમે ભાવુક થઈને આપી શ્રદ્ધાંજલિ

# કપિલ શર્મા શોના એશોસિયેટ ફોટોગ્રાફર દાસ દાદાનું નિધન

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

કોમેડિયન અને અભિનેતા કપિલ શર્મા વર્ષોથી તેમના શૉ દ્વારા લોકોનું મનોરંજન કરી રહ્યા છે. તેમના શૉમાં ઘણા કલાકારો વર્ષોથી જોડાયેલા છે. કેટલાક કલાકારો પડદા પાછળ કામ કરે છે તો, કેટલાક પડદા સામે કામ કરી રહ્યા છે. આવા જ એક વ્યક્તિ દાસ દાદા એટલે કે કૃષ્ણ દાસ હતા, જે ઘણા વર્ષોથી કપિલ શર્મા શૉ સાથે જોડાયેલા હતા. કપિલ શર્મા સાથે વર્ષો સુધી કામ કરનાર દાસ દાદા હવે આ દુનિયામાં નથી રહ્યા. દાસ દાદા કપિલ શર્માના શૉમાં એસોસિયેટ ફોટોગ્રાફર તરીકે કામ કરતા હતા. ઘણા પ્રસંગોમાં કપિલ શર્મા તેની સાથે હસતા અને મજાક કરતા જોવા મળ્યા હતા. હવે તેમના નિધન પછી કપિલ શર્માની ટીમે એક ઈમોશનલ વીડિયો શેર કરીને દાસ દાદાને શ્રદ્ધાંજલિ આપી છે. કપિલ શર્મા શોની ટીમે દાસ દાદાનો વીડિયો શેર કર્યો છે. જેમાં તેમના નિધનની પુષ્ટિ કરવામાં આવી છે અને દાસ દાદાના નામે એક ઈમોશનલ નોટ પણ લખી છે. કપિલ શર્માની ટીમ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં દાસ દાદા સ્ટેજ પર ગળામાં કેમેરો લટકાવીને એન્ટ્રી કરતાં જોવા મળે છે. વીડિયોમાં તેમના કેટલાક નાના -નાના શૉટ છે.

### પ્રદર્શનકારીઓએ સિંધના ગૃહમંત્રીનું ઘર ફૂંક્યું

# પાકિસ્તાનમાં ફરી સ્થિતિ બગડવા તરફ, ગૃહ યુદ્ધ થાય તેવી સ્થિતિ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૧ ।

પાકિસ્તાનમાં ફરી સ્થિતિ બગડવા તરફ છે. દેશમાં પાણીને લઈને હાહાકાર મચી ગયો છે. સિંધ અને પંજાબ વચ્ચે પાણીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલો એટલો વધી ગયો કે લોકો વિરોધ પ્રદર્શન માટે રસ્તા પર ઉતર્યા છે. પ્રદર્શનકારીઓએ સિંધ પ્રાંતના ગૃહમંત્રી જિયાઉલ હસન લંજરના ઘર પર હુમલો કર્ય છે. પ્રદર્શનકારીઓએ ગૃહમંત્રીના ઘરને આગને હવાલે કર્યું છે. પંજાબ




અને સિંધમાં પાણીની વહેચણીને લઈને વિવાદ ચાલી રહ્યો છે. આ મામલાને લઈને હિંસા ભડકી છે. બેકાબૂ ટોળાએ ગૃહમંત્રીના ઘરને નિશાન બનાવ્યું છે. ગૃહમંત્રીના ઘર પર હુમલો કરનાર પ્રદર્શનકારીઓ બંદૂકો લઈને પહોંચ્યા હતા. આ ક્ષેત્રમાં તણાવ વધી ગયો છે. ગરમી વધ્યા બાદ પાણીની સમસ્યા વધી છે. પાણીને લઈને ચાલી રહેલો વિવાદ હવે ઉગ્ર બની ગયો છે. ધ ટ્રીબ્યૂન એક્સપ્રેસના એક રિપોર્ટ પ્રમાણે નૌશહરો ફિરોઝ જિલ્લાના મોરો તાલુકામાં પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ભયંકર ઘર્ષણ થયું છે. તેમાં ઓછામાં ઓછા બે પ્રદર્શનકારીઓના મોત થયા છે અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ વિરોધ છ નહેરો અને કોર્પોરેટ ફાર્મિંગ પ્રોજેક્ટના વિરોધમાં કરવામાં આવ્યો હતો.

### વડાપ્રધાન મોદીએ પણ આપી શ્રદ્ધાંજલિ

# પિતાની પૂણ્યતિથિએ ભાવુક થયા કોંગી નેતા રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પૂણ્યતિથિએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના સ્વર્ગસ્થ પિતા રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. રાહુલ ગાંધીએ પોતાના બાળપણના કેટલાક ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા અને પિતાના સપનાં પૂરા કરવાના વચનો અંગે વાત કરી હતી. રાહુલ ગાંધીએ X પર એક પોસ્ટમાં લખ્યું, પાપા, તમારી યાદો મને દરેક પગલે માર્ગદર્શન આપે છે. તમારા અધૂરા સપનાઓને સાકાર કરવાનો મારો સંકલ્પ છે અને હું એમ કરીશ. આ પોસ્ટ સાથે, તેમણે પિતા રાજીવ



ગાંધી સાથેના બાળપણના ફોટો શેર કર્યા. આજે ભારતના પૂર્વ વડા પ્રધાન રાજીવ ગાંધીની પુણ્યતિથિ છે. ૨૧ મે, ૧૯૯૧ના રોજ તમિલનાડુના શ્રીપેરુમ્બુદુરમાં એક આત્મઘાતી હુમલામાં તેમની હત્યા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી.

### CPEC પ્રોજેક્ટનો અફઘાનિસ્તાન સુધી વિસ્તાર કરશે ચીન

# ચીન, પાકિસ્તાન અને તાલિબાન સરકાર સાથે કર્યા ત્રિપક્ષીય કરાર

। (એજન્સી) બીજિંગ, તા.૨૧ ।

ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ટોચના નેતાઓએ ત્રિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા અને ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર (CPEC)ને અફઘાનિસ્તાન સુધી એક્સપેન્ડ કરવા પર સહમતિ દર્શાવી છે. તેનું એલાન પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડાર, ચીનના વિદેશ મંત્રી વાંગ યી અને અફઘાનિસ્તાનના કાર્યવાહક વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી



વચ્ચે થયેલી એક અનૌપચારિક ત્રિપક્ષીય બેઠક બાદ કરાયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર બીજિંગના ત્રણ દિવસના પ્રવાસ પર છે. આ ભારત દ્વારા પાકિસ્તાન અને તેના કબજા વાળા કાશ્મીર (PoK)માં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવનારા ઓપરેશન સિંદૂર બાદ ઈશાક ડારનો પહેલો ઉચ્ચસ્તરીય પ્રવાસ છે. બેઠકમાં ત્રણેય વિદેશ મંત્રીઓએ ક્ષેત્રીય સુરક્ષા અને આર્થિક કનેક્ટિવિટીને પ્રોત્સાહન આપવા માટે ત્રિપક્ષીય સહયોગને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે ચીન અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીઓ સાથે મીટિંગની પોતાની પહેલી તસવીર શેર કરતા સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, પાકિસ્તાન, ચીન અને અફઘાનિસ્તાન ક્ષેત્રીય શાંતિ, સ્થિરતા અને વિકાસ માટે એક સાથે ઉભા છે.

## નવરંગપુરામાં સ્પા ચલાવતી મહિલાના દીકરાએ જ સ્પાના સીસીટીવી કેમેરા તોડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

નવરંગપુરામાં સ્પા ચલાવતી મહિલાના દીકરાએ જ રાત્રે સ્પાના સીસીટીવી કેમેરા તોડી નાખતા માતાએ નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જોકે, દીકરાએ માતાના સ્પાના સીસીટીવી કેમેરા કેમ તોડ્યા તેનું કારણ અકબંધ છે. થોડા મહિના પહેલા બોડકદેવના એક સ્પામાં દારૂના નશામાં ચૂર યુવકે સ્પા ગર્લને જાહેરમાં ફટકારતો વીડિયો વાયરલ થયો હતો. આ ઘટના બાદ પોલીસ સ્પાના મુદ્દે થોડી ગંભીર થઈ છે ત્યારે જ નવરંગપુરા, આશ્રમ રોડ સ્થિત મંગલમૂર્તિ કોમ્પ્લેક્સમાં સ્પા ચલાવતી મહિલા સલમા ઉસ્માનભાઈ કાતિયા સ્પામાં ત્રણ યુવતીઓ રાખીને કામ કરે છે. તેમણે નવરંગપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે કે તેઓ રાત્રે સ્પા બંધ કરીને ઘરે જઈ રહ્યા હતા ત્યારે સ્પામાં કામ કરતી યુવતી સાથે રિક્ષાની રાહ જોતા ઊભા હતા.ત્યારે જ તેમનો દીકરો શેરખાન પઠાણ (ઉંવ. ૨૨) ત્યાં આવી ગયો હતો અને તેણે સ્પાના સીસીટીવી કેમેરા તોડીને સલમાબેન પર ફેંક્યા હતા. થોડી વારમાં સલામનો માસીનો દીકરો રફીક ખલીફા પણ ત્યાં આવી ગયો હતો અને સલમાનને ગાળો બોલ્યો હતો. સલમાની ફરિયાદને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. જોકે, દીકરાએ માતાના સ્પાના સીસીટીવી કેમેરા કેમ તોડી પાડ્યા તેની વિગતો હજુ અકબંધ છે. ઈન્સ્પેક્ટર એ.એ. દેસાઈએ સલમાના દીકરા અને ભાઈને શોધવાની કવાયત આદરી છે.

## ડેટિંગ એપ પર મિત્રતા કરવાનું રૂપિયા ૫.૯૦ લાખમાં પડ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

આનંદનગર ખાતે પીજીમાં રહી પ્રાઈવેટ નોકરી કરતા યુવકને ડેટિંગ એપ્લિકેશન પર મિત્રતા કરવી ૫.૯૦ લાખમાં પડી હતી. બનાવટી પોલીસવાળાએ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા. તેની માગ વધતાં યુવકે આનંદનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ બનાવટી પોલીસવાળાને ઝડપી લીધો છે. જો કે, રૂપિયા રિકવર થયા કે નહીં તે જાણી શકાયું નથી.મૂળ સુરતનો પરંતુ અમદાવાદ આનંદનગર સ્થિત આનંદ ફ્લેટ નજીક બાજીગર સોસયટીના પીજીમાં રહીને પ્રાઈવેટ નોકરી કરતા ધ્રુવેન પટેલે ડેટિંગ એપ્લિકેશન પર મિત્રો શોધવાનું શરૂ કર્યું હતું. તેની ફરિયાદ મુજબ ૨૪મી માર્ચે તેને એપ્લિકેશન પર એક મેસેજ આવ્યો હતો. મેસેજ કરનારે તેને મળવા બોલાવ્યો હતો. ધ્રુવેન તેને મળવા ગયો ત્યારે યુવકે તેની પાસે પોતાની માતા બીમાર હોવાનું કહી ૧૦ હજારની મદદ માગી હતી. ધ્રુવેને રૂપિયા ન હોવાનું જણાવતા યુવક તેને પોતાના ઘરે લઈ જવાનું કહી રિક્ષામાં જુહાપુરા તરફ લઈ ગયો હતો. જ્યાં ધ્રુવેન પેલા યુવક સાથે તેના ઘરે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં પોલીસ જેવા લાગતા ઈસમે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી ધ્રુવેન અને તેની સાથે જઈ રહેલા યુવકને તમે લોખંડની ચોરી કરવા આવ્યા છો તેમ કહી ધમકાવ્યા હતા. તેણે કોલ કરતાં પોલીસ જેવો લાગતો અન્ય ઈસમ પણ ત્યાં આવી પહોંચ્યો હતો. તેણે પોતાની ઓળખ વેજલપુરના પોલીસકર્મી અજય રાઠોડ તરીકે આપી હતી.બન્ને પોલીસવાળાએ તેમને ધમકાવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂપિયા પડાવ્યા હતા. ધ્રુવેન પાસેથી દોઢ લાખ રૂપિયા ફોન પેમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. અજય રાઠોડ અને તેના સાગરીતે ૮મી મે સુધી ધ્રુવેન પાસેથી રૂ. ૫.૯૦ લાખ પડાવી લીધા હતા તેમ છતાં માગણી ચાલુ રાખતાં ધ્રુવેને આનંદનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ કોસંબા રેલવે સ્ટેશનનું નવીનીકરણ કરાયું

। સુરત, તા.૨૧ ।

ભારતીય રેલ્વેને દેશની જીવનરેખા કહેવામાં આવે છે. રેલ્વે પરિવહનમાં રેલવે સ્ટેશનો શહેરની ઓળખ હોય છે. મોટાભાગના રેલવે સ્ટેશન 'હાર્ટ ઓફ ધ સિટી' એટલે કે શહેરના હૃદયસ્થળ બની ગયા છે, જ્યાં આસપાસ શહેરની તમામ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કેન્દ્રિત હોય છે. તેથી રેલવે સ્ટેશનો સંબંધિત શહેરોની ઓળખ બન્યા છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ભારતીય રેલ્વેએ દેશના ૧૩૦૦થી વધુ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ શરૂ કર્યો છે.



અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત દેશભરમાં પુનર્વિકસિત ૧૦૩ રેલવે સ્ટેશનોનું ઉદ્દઘાટન થશે. ૧૮૬૦માં નિર્માણ પામેલું કોસંબા રેલવે સ્ટેશન સુરત-વડોદરા રાજધાની માર્ગ પર એક મહત્વપૂર્ણ જંકશન તરીકે ઉભરી આવ્યું છે. ઈતિહાસમાં અંકાયેલ આ સ્ટેશને હવે 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ એક મહત્વપૂર્ણ પગલું આગળ વધાર્યું છે.રૂ.સાત કરોડથી વધુના ખર્ચે કોસંબા સ્ટેશનનું નવીનીકરણ કરાયું છે. એક સમયે ગીચતા ભરેલું સ્ટેશન બિલ્ડિંગ હવે નવા સ્વરૂપમાં ઉભર્યું છે. જેમાં ભવ્ય પ્રવેશદ્વાર બનાવવાથી સ્ટેશનના સૌંદર્યમાં વધારો થયો છે. વિશાળ વેઈટીંગ એરિયા અને બુકિંગ વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે, જે ખાસ કરીને વ્યસ્ત સમય દરમિયાન વધુ વ્યવસ્થિત અને આરામદાયક વાતાવરણ સુનિશ્ચિત કરે છે. કોસંબા સ્ટેશનનું ભવ્ય પ્રવેશદ્વાર બનાવાયું છે. સ્ટેશનમાં જનરલ વેઈટીંગ અને મહિલા વેઈટીંગ રૂમ, સુંદર ટાઈલ્સ, દિવ્યાંગજનો માટે ઓછી ઉંચાઈવાળા પાણીના નળો, વિશાળ પાર્કિંગ, વાહનો અને પગપાળા આવનાર મુસાફરો માટે પહોળા રસ્તા બનાવાયા છે. દિવ્યાંગજનો માટે સુવિધાજનક શૌચાલય, નવા સાઈનેજ, યોગ્ય સમય પર કોચ શોધવા માટે ડિસ્પ્લે બોર્ડ, સીસીટીવી કેમેરા, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક પ્રતિક્ષાલય, ટિકિટ કાઉન્ટર, મોર્ડન ટોયલેટ અને દિવ્યાંગજન માટે સુગમ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે.પ્લેટફોર્મ પર શેલ્ટર, કોચ ઈન્ડિકેશન સિસ્ટમ અને માહિતી માટે ડિજિટલ ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. તમામ સુવિધાઓને દિવ્યાંગજન અનુકૂળ બનાવવામાં આવી છે. દરેક સ્ટેશન પર ગુજરાતની લોકકલા, સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક પણ જોવા મળી રહી છે.

## ગાંધીનગર મનપાનું મચ્છરજન્ય રોગચાળા સામે આયોજન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાતમાં ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગો માજા મૂકી છે તેથી નાગરિકોને મચ્છરજન્ય રોગચાળાથી બચાવવા માટે ગાંધીનગર મનપાએ વિશેષ આયોજન કર્યું છે. ખાસ વાત એ છે કે, મચ્છરજન્ય રોગચાળો અટકાવવા હવે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ગાંધીનગર મનપા નાગરિકોને રોગચાળાથી બચાવવા માટે ડ્રોનની મદદથી દવાનો છંટકાવ કરાશે. ગાંધીનગર મહાનગરપાલિકા ચોમાસામાં મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં લેવા ડ્રોનની મદદ લેશે. ગાંધીનગર મનપા દ્વારા ૬૯.૭૦ લાખનો ખર્ચ ડ્રોન દ્વારા દવાના છટકાવ માટે મંજૂર કર્યો છે. ગાંધીનગર મનપાની આરોગ્યની ટીમ જ્યા પહોંચી નથી શકતી તેવી જગ્યાએ ડ્રોન દ્વારા દવાનો છટકાવ કરાશે. મચ્છરોની ઉત્પત્તિ સ્થાનો પર સર્વેલન્સ અને દવાના છટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરાશે. ગાંધીનગર મનપા શહેરોનો ઉંચી ઈમારતો અને તળાવોમાં ડ્રોન દ્વારા દવાનો છટકાવ કરાશે.

### લાંબી બેઠક બાદ BCCIએ નિર્ણય લીધો

## અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે IPL ૨૦૨૫ની ફાઈનલ મેચ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

IPL 2025 ની ફાઈનલ મેચ ૩ જૂને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. મંગળવારે લાંબી બેઠક બાદ BCCIએ આ નિર્ણય લીધો છે. IPL 2025ની બીજી ક્વોલિફાયર મેચ પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. જે ૧ જૂને રમાશે. બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ આ અંગે માહિતી આપી હતી. ન્યૂ ચંદીગઢના પીસીએ સ્ટેડિયમમાં પહેલી ક્વોલિફાયર રમાશે. ૨૯ મેના રોજ ગુરૂવારે ટોચની બે ટીમો વચ્ચે આ મેચ રમાશે. બાદમાં શુક્રવારે ૩૦ મેના રોજ એલિમિનેટર મેચ રમાશે. બીસીસીઆઈએ ફાઈનલ માટે અમદાવાદની પસંદગી કરી છે. કારણકે, દેશમાં ધીમે-ધીમે વરસાદની સીઝન શરૂ થઈ ગઈ છે. જેથી અમદાવાદ ફાઈનલ માટે યોગ્ય સ્થળ છે. ૭૦ મેચના એક્શન પેક બાદ પીસીએ સ્ટેડિયમ પર ક્વોલિફાયર-૧ મેચ રમાશે. અમદાવાદના મોદી સ્ટેડિયમ ખાતે ક્વોલિફાયર-૨ રમાશે. જેમાં ક્વોલિફાયર ૧માં હારનારી ટીમ અને એલિમિનિટેર મેચમાં હારનારી ટીમનો આમનો-સામનો થશે. ત્યારબાદ ૩ જૂને આઈપીએલની ૧૮મી સીઝનની ભવ્ય ફાઈનલ મેચ રમાશે. ટાટા આઈપીએલની ૬૫મી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાનારી મેચ પણ બેંગ્લુરૂમાંથી લખનઉ શિફ્ટ કરવામાં આવી છે. બેંગ્લુરૂમાં ભારે વરસાદના માહોલ વચ્ચે આ મેચ હવે લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાશે. આઈપીએલ ૨૦૨૫માં અત્યારસુધી આરસીબી, પંજાબ કિંગ્સ, ગુજરાત ટાઈટન્સ પ્લેઑફ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઈન્ડિયન્સમાંથી કોઈ એક ટીમ ચોથી ક્વોલિફાયર ટીમ બનશે.

## સુરતમાં BOBની ગ્રામીણ બેંકમાં પિસ્તોલની અણીએ ૪.૭૫ લાખની લૂંટ

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરત શહેરના છેવાડે સચિન વિસ્તારમાં મંગળવારે ભરબપોરે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાં પિસ્તોલના નાળચે પોણા પાંચ લાખની લૂંટ થતા ચકચાર મચી છે. લૂંટની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં ટોપી પહેરી આવેલો એક શખ્સ બેંકની અંદર ઘૂસ્યો હતો. બેંકમાં ફરજ બજાવી રહેલા બે કર્મચારીઓને પિસ્તોલના નાળચે એક રૂમમાં પૂરી પોણા પાંચ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો. ઉદ્યોગોથી ધમધમતા સચિન વિસ્તારમાં ધોળે દિવસે લૂંટની ઘટના બનતા પોલીસ દોડતી થઈ છે. પોલીસના જણાવ્યા પ્રમાણે બેંકની અંદર લાગેલા સીસીટીવી ફૂટેજમાં આરોપી સ્પષ્ટ રીતે કેદ થયો છે. આરોપી સફેદ ટોપી પહેરી બેંકમાં પ્રવેશે છે, બેંકમાં પ્રવેશ્યા બાદ આરોપી સીધો કેશ કાઉન્ટર તરફ જઈ અને ત્યાં પિસ્તોલ બતાવી કર્મચારીઓને ડરાવ્યા પછી કાઉન્ટરમાંથી રોકડ રકમ ઉપાડી લે છે.

## ૩૮ કિલો ડ્રગ્સના મામલે નાઈજિરિયન નાગરિકની જામીન અરજી કોર્ટે ફગાવી




। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

કચ્છના જખૌ નજીકના દરિયામાંથી કરોડો રૂપિયાના ડ્રગ્સ કેસમાં નાઈજિરિયાના વતની એવા આરોપી ચીફ ઓબન્ના અની ક્રિશ્ચિયનને જામીન આપવાનો અત્રેની સ્પેશ્યલ NIA કોર્ટે ઈન્કાર કરી દીધો છે. NIA કોર્ટના સ્પેશ્યલ જજ એસ.એલ. ઠક્કરે આરોપી જામીન ફગાવતાં ગંભીર અવલોકન કર્યું હતું કે, આરોપી અને સહઆરોપી દ્વારા આચરાયેલ ગુનો ભારત દેશની સુરક્ષા અને સલામતી સામેનો છે અને નારકોટિક્સ ડ્રગ્સના વેચાણ થકી મેળવાતી આવક આતંકવાદી પ્રવૃત્તિઓમાં ગેરકાયદે રીતે વપરાય છે, ત્યારે ગુનાની ગંભીરતા જોતાં આરોપીને જામીન આપી શકાય નહીં. નોંધનીય છે કે, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સહિતના પકડાયેલા ૧૧ આરોપી સામે સ્પે. NIA કોર્ટ દ્વારા થોડા સમય પહેલાં જ વીડિયો કોન્ફરન્સિંગથી ચાર્જશીટ કરાયો હતો. NIA તરફથી ડ્રાફ્ટ ચાર્જમાં ૭૧ સાક્ષી, ૭૪ દસ્તાવેજો અને ૩૫ આર્ટીકલ મૂકવામાં આવ્યા હતા.NIA તરફથી આરોપી ચીફ ઓબન્નાની જામીન અરજીનો સખત વિરોધ કરતાં જણાવાયું હતું કે, વર્ષ ૨૦૨૨માં કચ્છના જખૌ નજીકના દરિયામાં બોટમાંથી ATSએ આરોપી મોહમંદ શફી, ઈમરાન, મોહસીન, જૂહુર, સોહેલ તથા કામરાન પાસેથી ૩૮.૯૯૪ કિલોગ્રામ જેટલા કરોડો રૂપિયાના ડ્રગ્સના મોટા કન્સાઈમેન્ટ સાથે ઝડપી લીધા હતા. ડ્રગ્સનો આ જથ્થો પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અબ્દુલ્લાએ બલુચિસ્તાનના દરિયા કિનારેથી બોટમાં ભરાવ્યો હતો. આ ડ્રગ્સનો જથ્થો જખૌના દરિયામાં જુમ્મા કોલ સાઈનવાળી બોટમાં આપવાનો હતો. આ ડ્રગ્સનો ઓર્ડર લોરેન્સ બિશ્નોઈએ આપ્યો હોવાનું પણ સામે આવ્યું હતું. આ પ્રકરણની તપાસમાં ડ્રગ્સની ડિલિવરી લેવા આવનારા સરતાજ સલીમ મલિક અને મહંમદ શફીને ઝડપી લેવાયા હતા. બાદમાં ૨૦૨૩માં મેરાજ અને ચીફ ઓબન્ના પણ ઝડપાયા હતા. આ સમગ્ર પ્રકરણમાં સાઉથ આફ્રિકન નાગરિક બોંગાની થન્ડાઈલ ઉર્ફે અનીથા કે જે નાસતો ફરે છે, તેની સાથે આરોપીના સંપર્કો ખુલ્યા છે.

# મહેસાણાના ધરોઈ ડેમ ખાતે ૨૩ મેથી એડવેન્ચર ફેસ્ટ શરૂ થશે

। મહેસાણા, તા.૨૧ ।

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં આવેલા પ્રસિદ્ધ ધરોઈ ડેમ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નું તા.૨૩ મેના રોજ સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે.ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌપ્રથમવાર આયોજિત આ એડ્વેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ, રહેવા માટે અતિઆધુનિક સુવિધાઓયુક્ત AC ટેન્ટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું



આયોજન કરવામાં આવ્યું છે. 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ' વિશે વિગતો આપતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે,આ ફેસ્ટમાં વિવિધ આકર્ષણો જેવા કે પાણીમાં પાવર બોટ અને પેરાસેઈલિંગ જેવી એક્ટિવિટીઝ જોવા મળશે. તેવી જ રીતે હવાઈ પ્રવૃત્તિમાં પેરામોટરિંગ તેમજ જમીન પર રોક ક્લાઈમ્બિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ફેસ્ટમાં ધરોઈ આવતા પ્રવાસીઓને એક યાદગાર અનુભવ મળે તે માટે સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર ઉપરાંત મનોરંજન માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પ્રવાસીઓના ઉત્તમ રહેઠાણ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેમાં વિવિધ કેટેગરી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ,ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરી તેમજ જમવા માટે આધુનિક ડાઈનિંગ હૉલની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ એડવેન્ચર ફેસ્ટમાં તાત્કાલીક આરોગ્ય સુવિધાઓ, સર્ટિફાઈડ રાઈડ, આગ સામે સુરક્ષાના પગલાં વગેરે વિવિધ સુરક્ષા સંબંધિત બાબતોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે. રજવાડી સ્યૂટ, પ્રીમિયમ ટેન્ટ અને ડિલક્સ એસી સ્વિસ કોટેજના પેકેજમાં સવારનો નાસ્તો, બપોરનું ભોજન, બપોરે ચા-નાસ્તો અને રાત્રિ ભોજન આપવામાં આવશે.

### ૧૨ વર્ષીય દીકરાનાં માતા-પિતા બંને અલગ રહે છે

## સુરતમાં જૈન સમાજના ૧૨ વર્ષના કિશોરની દીક્ષા અટકાવવા કોર્ટનો આદેશ

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતમાં ૧૨ વર્ષના કિશોરને દીક્ષા આપવાનો મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. આ પ્રકારના પહેલા કેસમાં ઈન્દોરમાં રહેતા કિશોરના પિતાએ પોતાના વકીલ મારફત દીકરાની દીક્ષા રોકવા માટે સુરત કોર્ટમાં અરજી કરી હતી.

આજે સુનાવણી દરમિયાન બાળકના માતા-પિતા બંને કોર્ટમાં હાજરી આપવા પહોંચ્યાં હતા. ૧૨ વર્ષીય દીકરાનાં માતા-પિતા બંને અલગ રહે છે અને છૂટાછેડા માટે કોર્ટમાં તેમનો કેસ ચાલી રહ્યો છે. પુત્ર તેની માતા સાથે સુરતમાં રહે છે, જ્યારે પિતા ઈન્દોરમાં રહે છે. બંને પક્ષોની સુનાવણીના અંતે કોર્ટે આ દીક્ષાનો કાર્યક્રમ મોકૂફ રાખવા મનાઈ હુકમ ફરમાવ્યો છે. સુરતમાં ૧૨ વર્ષનો કિશોર બુધવારે દીક્ષા લે એ પહેલાં જ દીક્ષા રોકવા માટે સુરત કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ અરજી બાળકના પિતા દ્વારા જ કરવામાં આવી હતી. બાળકનાં માતા-પિતાના વર્ષ ૨૦૦૮માં લગ્ન થયાં હતાં, પરંતુ હાલ બંને અલગ રહે છે. જે કિશોર દીક્ષા લેવાનો છે તે તેની માતા સાથે રહે છે, જ્યારે પિતા ઈન્દોરમાં રહે છે. ૧૨ વર્ષીય કિશોર દીક્ષા લઈ રહ્યો હોવાના ડિજિટલ આમંત્રણ વાયરલ થયાં હતાં.

**વિશેષ** — ૩૫૦થી વધુ દિવ્યાંગોને વિનામૂલ્યે સાધન વિતરણ કરતા મંત્રી હર્ષભાઈ સંઘવી

# ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ ખાતે ડોગ શેલ્ટર હાઉસની મુલાકાત લીધી

### પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વિનામૂલ્યે સાધન સહાય કેમ્પમાં મંત્રી હર્ષ સંઘવી સહભાગી થયા









। (માહિતી) અમદાવાદ ।

આજરોજ અમદાવાદ ખાતે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ડોગ શેલ્ટર હાઉસની મુલાકાત લીધી હતી તથા પ્રભાત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે આયોજિત વિનામૂલ્યે સાધન સહાય કેમ્પમાં સહભાગી થયા હતા. જ્યાં તેમના હસ્તે ૩૫૦થી વધુ દિવ્યાંગોને વિનામૂલ્યે સાધન વિતરણ કરાયા હતા.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ સૌપ્રથમ ડોગ શેલ્ટર હાઉસની મુલાકાત લઈ માહિતી મેળવી હતી. સાથે જ મંત્રીશ્રીએ અમદાવાદ શહેરના બીમાર તથા ઘાયલ પશુ-પક્ષીઓની તાત્કાલિક સારવાર માટે મલ્ટી સ્પેશિયાલિટી એમ્બ્યુલન્સ હોસ્પિટલનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ પ્રભાત ફાઉન્ડેશનના એક કાર્યક્રમમાં નાગરિકો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને આપ સૌએ મણિનગર વિસ્તારમાંથી ધારાસભ્ય બનાવ્યા ત્યાર બાદ તેમણે ગુજરાતની કાયાપલટ કરી અને આજે સમગ્ર દેશમાં વિકાસનો ડંકો વગાડી રહ્યા છે. પ્રભાત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગજનોને આ પ્રકારની સાધન સહાય કરવાથી તેમને આત્મ-નિર્ભર બનાવવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેને બિરદાવું છું, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં કહ્યું હતું કે, ખેલ મહાકુંભમાં દિવ્યાંગો આજે જે રીતે રાજ્ય અને દેશનું નામ રોશન કરી રહ્યા છે, અને તેઓ વિકાસની દિશામાં આગળ વધી રહ્યા છે, તે જોઈને આનંદની અનુભૂતિ થાય છે. આનો સંપૂર્ણ શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે કારણ કે, તેમણે ગુજરાતમાં ખેલ મહાકુંભનો પાયો નાખીને તમામ ખેલાડીઓને આગળ વધવાની તક આપી છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદનાં મેયર શ્રી પ્રતિભાબહેન જૈન, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ, દંડક શ્રી શીતલબેન ડાગા, પ્રભાત ફાઉન્ડેશનના ટ્રસ્ટીશ્રીઓ, પશુપાલન મંત્રાલયના સલાહકાર શ્રી મિત્તલ ખેતાણી, પૂર્વ ધારાસભ્યશ્રી, પૂર્વ સાંસદશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તેમજ દિવ્યાંગજનો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### હોમ લોન - કાર લોન લેનારા ગ્રાહકોને રાહત મળી શકે છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

હોમ લોન અને કાર લોન લેનારા ગ્રાહકોને આવનારા સમયમાં મોટી રાહત મળી શકે છે. જણાવી દઈએ કે મોંઘવારીમાં નરમી જળવાઈ રહેવાના અંદાજથી માર્કેટ પર નજર રાખતા એક્સપર્ટ્સનું માનવું છે કે જલ્દી જ પ્રમુખ દરોમાં ઘટાડો થવાનું શરુ થઈ શકે છે. આશા છે કે ઓગસ્ટ સુધીમાં રિઝર્વ બેન્ક બે વખત દરોમાં ઘટાડો કરી શકે છે. સેન્ટ્રલ બેંકે આ પહેલાં એપ્રિલની પોલિસી સમીક્ષામાં દરોમાં બે ચતુર્થાંશ કપાત કરી હતી. ગાલ પોલિસી રેપો રેટ ૬ ટકાએ છે. એક્સિસ બેન્કના ગ્રુપ એક્ઝિક્યુટિવ અને ટ્રેઝરી, માર્કેટ્સ એન્ડ હોલસેલ બેન્કિંગ પ્રોડક્ટ્સ પ્રમુખ નીરજ ગંભીરનું માનવું છે કે, આખું વર્ષ મોંઘવારી દર ભારતીય રિઝર્વ બેન્કના ટાર્ગેટથી નીચે રહી શકે છે, જેનાથી વ્યાજ દરોમાં વધુ કપટ થાય તેવી સંભાવના દેખાઈ રહી છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે જૂનમાં પહેલી અને ઓગસ્ટમાં બીજી કપટ થઈ શકે છે, જોકે તેમણે સ્પષ્ટ કર્યું કે એવું કહેવું કે આ દરમિયાન દરોમાં ૧૦૦ બેસીસ પોઇંટ્સનો ઘટાડો થશે, તે ઉતાવળ હશે. જોકે, હાલ લાગી રહ્યું છે કે આગામી બે વખતમાં ૫૦ બેસીસ પોઇંટ્સનો ઘટાડો થઈ શકે છે. તેમના અનુસાર હાલ મોંઘવારી દરને જોતાં અને માર્કેટ પણ આગામી બે મહિનામાં ૫૦થી ૭૫ બેસીસ પોઇંટ્સના ઘટાડાની આશા રાખે છે.

### આર. અશ્વિન, રચિન રવિન્દ્ર જેવા ૭ ખેલાડીને દૂર કરવા સલાહ આપી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ચેન્નાઈ સુપર કિંગ્સ માટે IPL 2025 કોઈ દુઃસ્વપ્નથી ઓછું નથી. પ્લેઓફ રેસમાંથી બહાર થનારી પ્રથમ ટીમ. ૧૩ મેચમાં ફક્ત ૩ જીત. હજુ એક મેચ બાકી છે. ઉંમર તેમને સાથ આપી રહી નથી, પરંતુ ૪૩ વર્ષનો મહેન્દ્ર સિંહ ધોની નિવૃત્તિ લઈ રહ્યો નથી. હવે તેમણે કહ્યું છે કે ટીમ આગામી સિઝન માટે તૈયારી કરી રહી છે. સંકેત ટીમને ફરી ઉભી કરવા તરફ છે. હરાજી માટેની વ્યૂહરચના તૈયાર થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, ભૂતપૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર આકાશ ચોપરાએ CSK ને રવિન્દ્ર જાડેજા, આર. અશ્વિન, રચિન રવિન્દ્ર જેવા ૭ ખેલાડીઓને દૂર કરવાની સલાહ આપી છે. મંગળવારે ચેન્નાઈ સુપર કિંગ્સને રાજસ્થાન રોયલ્સ સામે હારનો સામનો કરવો પડ્યો.

### ગેરકાયદે વસતાં ૪૫૦૦ ઈમિગ્રન્ટ્સને ૫૦ કરોડ ડોલરનો દંડ ફટકારાયો



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધની કવાયત દિવસેને દિવસે આકરૂ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઈમિગ્રેશન ઓથોરિટીએ હાલ અમેરિકામાં વસતાં ૪૫૦૦ જેટલા ઈમિગ્રન્ટ્સને અંદાજે ૫૦ કરોડ ડોલરનો દંડ ફટકાર્યો છે. જેમાં અમુક ઈમિગ્રન્ટ્સને ૧૮ લાખ ડોલરનો ઊંચો દંડ કર્યો છે. ટ્રમ્પ સરકારે આ દંડ ફટકારતી નોટિસ આપવા પાછળનું કારણ અમેરિકામાં ગેરકાયદે વસવાટ જણાવ્યું છે. યુએસ ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, દેશમાં ગેરકાયદે વસવાટ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રમ્પ સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર ડિપોર્ટેશનનો આદેશ હોવા છતાં અમેરિકામાં વસવાટ કરવા બદલ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા ગેરકાયદે વસવાટ કરતાં લોકોને દંડ ફટકારતી નોટિસ મોકલવામાં આવી છે.

#### પાકિસ્તાનને ફરી એક મોટો ઝટકો

# બલુચીઓએ સૈનિકોથી ભરેલી બસને ઉડાવી દીધી



। (એજન્સી) બલુચિસ્તાન, તા.૨૧ ।

પાકિસ્તાનમાં આસીમ મુનીરના પ્રમોશનના બીજા જ દિવસે તરત જ બલુચિસ્તાનમાં એક મોટો હુમલો થયો છે. બલુચિસ્તાનના ખુઝદાર ઝીરો પોઈન્ટ પાસે એક મોટો વિસ્ફોટ થયો છે. બલૂચ બળવાખોરોએ દાવો કર્યો છે કે, તેમણે પાકિસ્તાની સેનાની બસને નિશાન બનાવી હતી. આ બસ એક લશ્કરી કાફલાનો ભાગ હતી, જે કેન્ટ વિસ્તારમાંથી પસાર થઈ રહી હતી. સ્થાનિક લોકો અને સૂત્રોનું કહેવું છે કે, આ વિસ્ફોટમાં ઘણા સૈનિકો માર્યા ગયા અને ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જોકે, હજુ સુધી સત્તાવાર રીતે મૃતકોની સંખ્યાની પુષ્ટિ થઈ નથી. વિસ્તારમાં તણાવ વધી ગયો છે અને સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે. બલૂચ બળવાખોરોએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. જોકે, બીજી તરફ બુધવાર, ૨૧ મેના રોજ બલુચિસ્તાનના કુઝદારમાં એક સ્કૂલ બસ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૫ લોકોના મોત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, મૃતકોમાં ૪ બાળકોનો સમાવેશ થાય છે. એપી અધિકારીઓએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું હતું કે, અશાંત દક્ષિણપશ્ચિમ પાકિસ્તાનમાં એક સ્કૂલ બસને નિશાન બનાવીને કરાયેલા આત્મઘાતી કાર બોમ્બ હુમલામાં ચાર બાળકો માર્યા ગયા અને ૩૮ ઘાયલ થયા, હાલમાં આ હુમલો કોણે કર્યો તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી. પાકિસ્તાને હાર છતાં અસીમ મુનીરને પ્રમોશન આપ્યા બાદ, બળવાખોરોએ આ હુમલો કર્યો છે. પાકિસ્તાન દ્વારા અસીમ મુનીરને ફિલ્ડ માર્શલ બનાવવામાં આવ્યા છે. મુનીર પાકિસ્તાનના બીજા ફિલ્ડ માર્શલ છે. જોકે, નિષ્ણાતો તેને બળવાના સંકેત તરીકે જોઈ રહ્યા છે. તે લોકશાહી વ્યવસ્થા પર લશ્કરી શાસન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, જેનો ફાયદો આખરે ચીનને થશે. નિષ્ણાતો માને છે કે, મુનીરની ધાર્મિક રાષ્ટ્રવાદમાં શ્રદ્ધા અને આતંકવાદીઓ સાથેના તેના સંબંધો પાકિસ્તાન પર તેની પકડ મજબૂત બનાવશે. બલુચિસ્તાનમાં પહેલા પણ વિસ્ફોટ થયો આ પહેલા સોમવારે પણ બલુચિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો. બલુચિસ્તાન પ્રાંતના એક બજાર પાસે થયેલા બોમ્બ વિસ્ફોટમાં ચાર લોકોના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે. રવિવારે બલુચિસ્તાનના કિલ્લા અબ્દુલ્લા જિલ્લામાં જબ્બર બજાર નજીક આ વિસ્ફોટ થયો હતો, જેના કારણે ઈમારતને ભારે નુકસાન થયું હતું અને લોકોમાં ગભરાટ ફેલાયો હતો. એક્સપ્રેસ ટ્રિબ્યુન અખબારના અહેવાલ મુજબ, વિસ્ફોટ બાદ ઘણી દુકાનોને નુકસાન થયું હતું અને વિવિધ સંસ્થાઓમાં આગ લાગી હતી. કિલા અબ્દુલ્લાના ડેપ્યુટી કમિશનર રિયાઝ ખાને જણાવ્યું હતું કે, વિસ્ફોટમાં ચાર લોકો માર્યા ગયા છે અને ૨૦ અન્ય ઘાયલ થયા છે.

#### સરપંચે ચૂંટણી લડવા ૨૦ લાખ રૂપિયા ઉધાર લીધા હતા

# મહિલા સરપંચે ૨૦ લાખમાં ગ્રામ પંચાયત જ ગિરવે મૂકી

### લોન આપીને વસૂલી કરનારા સામે એફઆઈઆર નોંધવામાં આવી




। (એજન્સી) ગુના, તા.૨૧ ।

મધ્યપ્રદેશના ગુના જિલ્લામાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. મહિલા સરપંચે ગ્રામ પંચાયતને જ ૨૦ લાખ રૂપિયામાં ગિરવે મૂકી દીધી. આ માટે મહિલા સરપંચ અને પંચ વચ્ચે લેખિત કરાર પણ કરવામાં આવ્યો હતો. જ્યારે જિલ્લા વહીવટીતંત્રને આ બાબતની જાણ થઈ, ત્યારે તાત્કાલિક કાર્યવાહી કરીને સરપંચ અને પંચને બરતરફ કરી દેવામાં આવ્યા. મધ્યપ્રદેશ પંચાયત રાજ અને ગ્રામ સ્વરાજ અધિનિયમ ૧૯૯૩ની કલમ ૪૦ હેઠળ બંનેને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. આ ઘટના ત્યારે બની જ્યારે વિસ્તારના ધારાસભ્ય અને સાંસદ બંને ભાજપના છે. કરોદ ગ્રામ પંચાયત મહિલાઓ માટે અનામત છે. અહીં ચૂંટણી પછી તરત જ દબંગોએ કબજો કરી લીધો હતો. શંકરસિંહ ગૌરના પત્ની સરપંચ લક્ષ્મીબાઈએ ચૂંટણી લડવા માટે ગામના હેમરાજસિંહ ધાકડ પાસેથી ૨૦ લાખ રૂપિયા ઉધાર લીધા હતા. આ રકમની ગેરંટી પંચ રણવીર સિંહ કુશવાહાએ લીધી હતી. કરારમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ચૂંટણી જીત્યા બાદ પંચાયતમાં થનારા વિકાસ કાર્યોનું ૫% કમિશન સરપંચ લક્ષ્મીબાઈને મળશે. વિકાસ કાર્યોની જવાબદારી માટે પંચ રણવીર સિંહ કુશવાહાને સરપંચ પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૨૦ લાખનો ચેક ગેરંટી તરીકે હેમરાજસિંહ ધાકડ પાસે રાખવામાં આવ્યો હતો. એગ્રીમેન્ટ પ્રમાણે હેમરાજ સિંહનું દેવું પંચાયતમાં સરકારી ધનથી થતા કામથી ચૂકવવામાં આવશે. ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર તૈયાર કરાયેલા આ એગ્રીમેન્ટ પર સરપંચ લક્ષ્મીબાઈ, તેમના પતિ શંકર સિંહ, પંચ રણવીર સિંહ કુશવાહા અને રવિન્દ્ર સિંહે સહી કરી હતી. આ એગ્રીમેન્ટ ૨૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ થયો હતો. ૨૦ લાખ રૂપિયાની લોન લીધા બાદ પંચાયતને ત્રીજા વ્યક્તિ પાસે ગિરવે મૂકી દેવામાં આવી. સરપંચની ચેકબુક, પંચાયતની સીલ અને અન્ય દસ્તાવેજો પણ શાહુકાર હેમરાજ સિંહ ધાકડ પાસે ગિરવે મૂકવામાં આવ્યા હતા.


#### સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને આપ્યો આદેશ

# UPSCમાં છેતરપિંડી આચરનારી પૂજા ખેડકરના જામીન અંતે મંજૂર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીમ કોર્ટે યુપીએસસી પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતિ તેમજ છેતરપિંડી આચરીને આઈએએસ બનેલી પૂજા ખેડકરના આગોતરા જામીન મંજૂર કર્યા છે. સુપ્રીમ કોર્ટની બેન્ચે પૂજા ખેડકરના આગોતરા જામી મંજૂર કરતાં જણાવ્યું હતું કે, શું તેણે ગંભીર ગુનો કર્યો છે? તે ડ્રગ ડીલર કે આતંકવાદી નથી. તેણે ૩૦૨ (હત્યા)નો ગુનો કર્યો નથી. તે NDPS ગુનેગાર નથી. તમારી પાસે સિસ્ટમ કે સોફ્ટવેર હોવું જોઈએ. તમે તપાસ પૂર્ણ કરો. તેણે બધું જ ગુમાવી દીધું છે અને તેને ક્યાંય નોકરી મળશે નહીં. પૂજા ખેડકરે પછાત વર્ગ (OBC) અને બેન્ચમાર્ક ડિસેબિલિટીઝ (PwBD) શ્રેણીઓનો દુરૂપયોગ કરતાં ખોટા સર્ટિફિકેટ રજૂ કરી IAS પરીક્ષામાં લાભ લીધો હતો. દિલ્હી પોલીસે તેની વિરૂદ્ધ તપાસ હાથ ધરી છે. ખેડકર વિરૂદ્ધ ફરિયાદ થતાં તે અંડરગ્રાઉન્ડ થઈ હતી. બાદમાં હાલમાં જ ૨ મે, ૨૦૨૫ના રોજ કમલા માર્કેટ ખાતે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થઈ હતી. સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને ખેડકર કેસમાં થઈ રહેલા વિલંબ બદલ સવાલો કર્યા હતાં કે, ખેડકરે પોતે જ આ કેસમાં સહકાર આપવાની તૈયારી બતાવી હોવા છતાં તપાસમાં શા માટે વિલંબ થઈ રહ્યો છે. આ કેસની તપાસ ઝડપથી પૂર્ણ કરી ઉકેલ લાવો. ઉલ્લેખનીય છે, દિલ્હી હાઈકોર્ટે અગાઉ બંધારણીય સંસ્થા અને દેશની સાથે છેતરપિંડી આચરવાનો સ્પષ્ટ કેસ હોવાનું જણાવી તેની જામીન અરજી રદ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, તેના વાલી પણ વરિષ્ઠ સરકારી અધિકારીઓ હોવાથી મામલો ગંભીર છે. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લાની રહેવાસી પૂજા ખેડકર એક તાલીમાર્થી (ટ્રેઈની) આઈએએસ અધિકારી હતી. બત્રીસ વર્ષીય પૂજા ખેડકર ૨૦૨૩ બૅચની અધિકારી હતી અને તેણે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન(યુપીએસસી)ની પરીક્ષામાં દેશભરમાં ૮૪૧મો ક્રમાંક મેળવ્યો હતો. તે અમલદારો અને રાજકારણીઓના પરિવારમાંથી આવે છે.



નવી દિલ્હીમાં હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા.

# લગ્ન પછી અનુષ્કા-વિરાટ માત્ર ૨૧ દિવસ સાથે રહ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી અને બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા પાવર કપલ્સ માનવામાં આવે છે. બંને હંમેશા સાથે જોવા મળે છે અને જાહેરમાં એકબીજા પ્રત્યે પ્રેમ વ્યક્ત કર્યા કરતા જોવા મળે છે. હાલમાં જ વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતિની જાહેરાત કરતાં અનુષ્કા શર્માએ તેના પતિ માટે એક પ્રેમ ભરેલી પોસ્ટ કરી હતી. ત્યારે હવે અનુષ્કાનો એક ઈન્ટરવ્યૂ ઘણો ચર્ચામાં છે, જેમાં અભિનેત્રી તેના લગ્નજીવન વિશે વાત કરી છે. , હંમેશા સાથે જોવા મળતા આ કપલે લગ્ન પછીના પહેલા ૬ મહિનામાં ફક્ત ૨૧ દિવસ જ એકબીજા સાથે વિતાવ્યા. આ વાતનો ખુલાસો ખુદ અનુષ્કાએ કર્યો હતો. વિરાટ કોહલી અને અનુષ્કા શર્માએ ૩ વર્ષની ડેટિંગ પછી ૨૦૧૭માં લગ્ન કર્યા હતા. બંને એક પ્રાઈવેટ સેરેમની લગ્નના બંધનમાં બંધાયા હતા. ત્યારે એક ઈન્ટરવ્યૂમાં અનુષ્કા શર્માએ વિરાટ કોહલી સાથેના તેના સંબંધો વિશે વાત કરી. આ દરમિયાન, તેણે જણાવ્યું હતું કે- લગ્નના પહેલા છ મહિના દરમિયાન, વિરાટ અને તે ફક્ત ૨૧ દિવસ સાથે રહ્યા હતા. જ્યારે હું વિરાટને મળવા જાઉં છું અથવા તે મને મળવા આવે છે.

#### EDનો કોર્ટમાં દાવો

# સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગુનાથી ૧૪૨ કરોડ રૂપિયા કમાયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ૧૪૨ કરોડ રૂપિયાની ગુનાહિત આવકનો કથિત રીતે લાભ મેળવ્યો છે, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે રાઉઝ એવન્યુ કોર્ટમાં જણાવ્યું હતું. કોર્ટે આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે. EDના ખાસ વકીલ ઝોહેબ હુસૈને દલીલ કરી હતી કે ગુનાહિત પ્રવૃત્તિ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મેળવેલી કોઈપણ મિલકત ગુનાની આવક તરીકે લાયક ઠરે છે. આમાં ફક્ત સુનિશ્ચિત ગુનાઓમાંથી મળેલી મિલકતોનો જ સમાવેશ થતો નથી, પરંતુ તે મિલકતો સાથે જોડાયેલી આવકનો પણ સમાવેશ થાય છે. EDના ખાસ ફરિયાદી ઝોહેબ હુસૈને દાવો કર્યો હતો કે આરોપીઓને મળેલી ૧૪૨ કરોડ રૂપિયાની ભાડાની આવકને ગુનાની આવક તરીકે ગણવી જોઈએ. તેમણે કહ્યું કે સોનિયા અને રાહુલ ગાંધી, જેમની પાસે યંગ ઈન્ડિયનમાં સામૂહિક રીતે 76% હિસ્સો છે, તેઓ બ્રીચ ઓફ ટ્રસ્ટમાં સામેલ હતા. ED અનુસાર, યંગ ઈન્ડિયનએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) પાસેથી માત્ર ૫૦ લાખ રૂપિયામાં ૯૦.૨૫ કરોડ રૂપિયાની સંપત્તિ ખરીદી હતી. ગયા મહિને દાખલ કરાયેલી ચાર્જશીટમાં, EDએ સોનિયા, રાહુલ અને અન્ય ઘણા લોકો પર ૯૮૮ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની અનેક કલમો હેઠળ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ચાર્જશીટમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ બનાવવામાં આવ્યા છે, જ્યારે તેમના પુત્ર રાહુલ ગાંધી, જે લોકસભામાં વિરોધ પક્ષના નેતા પણ છે, તેમને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. તેની ચાર્જશીટમાં, કેન્દ્રીય એજન્સીએ તેના આરોપોને સાબિત કરવા માટે આવકવેરા વિભાગના ૨૦૧૭ ના આકારણી આદેશ પર આધાર રાખ્યો છે. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC) ના અગ્રણી સભ્યોએ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) અને યંગ ઈન્ડિયનના મુખ્ય અધિકારીઓ સાથે મળીને AJL ની મિલકતો પર નિયંત્રણ મેળવવા માટે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું, જેની કિંમત આશરે રૂ. 2,000 કરોડ હોવાનું માનવામાં આવે છે. નોંધનીય છે કે AJL એક અનલિસ્ટેડ પબ્લિક કંપની છે, જે ઐતિહાસિક રીતે નેશનલ હેરાલ્ડ અખબારના પ્રકાશન સાથે સંકળાયેલી છે. નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના ૧૯૩૮માં ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કરવામાં આવી હતી. આ અખબાર સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન કોંગ્રેસ પાર્ટીનું મુખપત્ર બન્યું.

#### બિહાર અંગેની ટિપ્પણીથી લોકોમાં રોષ

# કામરા, સમય બાદ કોમેડિયન હર્ષ ગુજરાલ વિવાદમાં ફસાયો

### હર્ષ ગુજરાલે કોમેડી શોમાં ઓપરેશન સિંદૂર મુદ્દે બિહાર અને બિહારના લોકો પર ટીપ્પણી કરતાં લોકોએ નારાજગી વ્યક્ત કરી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સ્ટેન્ડઅપ કોમેડિયન સમય રૈના અને રણવીરનો વિવાદ હજી શાંત થયો નથી, ત્યાં કાનપુરના કોમેડિયન હર્ષ ગુજરાલે એક વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં સોશિયલ મીડિયા પર હોબાળો થયો છે. હર્ષ ગુજરાલે પોતાના કોમેડી શૉમાં ઓપરેશન સિંદૂર મુદ્દે બિહાર અને બિહારના લોકો પર ટીપ્પણી કરતાં લોકોએ નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર યુઝર્સે તેનો પટણા શૉ રદ કરવા અને બહિષ્કાર કરવાની માગ કરી છે. ગુજરાલ ૨૩ મેથી ૨૬ જુલાઈ સુધી ૨૨ શહેરોમાં જો બોલતા હે, વહી હોતા હે. કોમેડી શૉ કરવા જઈ રહ્યો છે. જેમાં ૭ જૂનના રોજ પટણામાં શૉ છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાના સફળ ઓપરેશન સિંદૂર મુદ્દે હર્ષ ગુજરાલે ત્રણ દિવસ પહેલાં જય હિન્દ નામથી એક કોમેડી શૉનો વીડિયો પોતાની યુટ્યૂબ ચેનલ પર અપલોડ કર્યો હતો. આ વીડિયોમાં ગુજરાલે કહ્યું કે, બ્લેકઆઉટથી ભારત ભયભીત થઈ રહ્યું છે. બિહારમાં લોકો બ્લેકઆઉટ જોવા માટે બહાર ઉમટી પડ્યા હતાં. બિહાર જેવી તુચ્છ કોમ આખા દેશમાં નથી. બિહારમાં એક જણ બીજાને મળ્યું અને કહી રહ્યું છે કે, અંધારૂ જોવા આવ્યો છું. અંધારાનું મુખ્ય કામ છે, કોઈ દેખાય નહીં. જ્યારે આ લોકો તેને જોવા ગયાં. અંધારાને પોતાના અસ્તિત્વ પર શંકા ગઈ....અપશબ્દો બોલી ગુજરાલ બોલ્યો કે, આપણે શું? એક નકામા માણસને પૂછ્યું કે, બ્લેકઆઉટ શું છે ખબર છે? તો કહે ભાઈ કેચઆઉટ વિશે સાંભળ્યું છે મેં, પણ બ્લેકઆઉટ કોણ આપે છે, મેં કીધું થર્ડ એમ્પાયર, બ્લેકઆઉટ.

# તંત્રી લેખ...

## બ્રિટનમાં કોરોનાનો હાહાકાર

ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. કેટલાક દેશોમાં કોરોનાના વધી રહેલા કેસથી ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ વખતે કોરોનાની ઘાતક અસર બ્રિટનમાં જોવા મળી રહી છે. અહીં કોવિડ-૧૯થી મૃતકોની સંખ્યા એક સપ્તાહમાં જ લગભગ બમણી થઈ ગઈ છે. બ્રિટન સરકારના તાજા આંકડા પ્રમાણે, એક સપ્તાહમાં ૧૦૧ લોકોના કોવિડ-૧૯થી મૃત્યુ થયા હતા. ડેથ સર્ટિફિકેટમાં પણ આ વાત લખવામાં આવી હતી. જે ગત સપ્તાહ કરતાં ૬૫ ટકા વધારે હતી. આ પહેલા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ૧૧૧ લોકોના મૃત્યુ થયા હતા. અચાનક કોરોના કેસ અને મૃત્યુમાં થઈ રહેલા વધારાથી લોકોની ચિંતા વધી ગઈ છે. હેલ્થ એક્સપર્ટ અનુસાર, ઓમિક્રોનનો સબ વેરિઅન્ટ જેએન.૧ આ પાછળ જવાબદાર છે. આ વેરિઅન્ટ વિશ્વના અનેક દેશોમાં ફેલાયો છે અને મુખ્ય સ્ટ્રેન બની ગયો છે. આ કારણે વિશ્વના અનેક દેશોમાં સંક્રમણ અને હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સંખ્યા વધી છે. માત્ર બ્રિટન જ નહીં એશિયાના અનેક દેશોમાં પણ કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે. સિંગાપુરમાં કોરોનાના કેસ ૧૧,૧૦૦થી વધીને ૧૪,૨૦૦ પર પહોંચી ગયા છે. હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સરેરાશ સંખ્યા પણ ૧૦૨થી વધીને ૧૩૩ પર પહોંચી છે. થાઈલેન્ડમાં કોરોના કેસ ૩૩,૦૦૦ને પાર થઈ ગયા છે. સરકારે નાગરિકોને બૂસ્ટર ડોઝ લેવાની અપીલ કરી છે. હાલ કોરોનાના વધી રહેલા કેસને લઈ ગભરાવાની જરૂર નથી પરંતુ વાયરસના નવા રૂપ અને ઝડપથી વધતા કેસને લઈ સતર્ક રહેવાની જરૂર છે. હેલ્થ એજન્સીઓ સતત મોનિટરિંગ કરી રહી છે અને જરૂર હોય તો માસ્ક, હાથ ધોવા અને ભીડથી બચવા જેવી સાવધાની રાખવા જણાવી રહી છે. તાજેતરના દિવસોમાં ઘણી જાહેર હસ્તીઓનો પણ પોઝિટિવ ટેસ્ટ આવ્યો છે. અભિનેત્રી શિલ્પા શિરોડકરે સોમવારે ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી, "મારો કોવિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. સુરક્ષિત રહો અને માસ્ક પહેરો!" રમતગમતની દુનિયામાં, ઓસ્ટ્રેલિયન ક્રિકેટર અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ના ખેલાડી ટ્રેવિસ હેડને પણ COVID-19 થયો હતો. SRH ના મુખ્ય કોચ ડેનિયલ વેટોરીએ પુષ્ટિ આપી કે હેડ ચેપને કારણે ટીમ સાથે મુસાફરી કરી શક્યા નથી પરંતુ ટૂંક સમયમાં પાછા ફરવાની અપેક્ષા છે.

## પ્રધાનમંત્રી મોદી ૨૨ મેના રોજ રાજસ્થાનના બિકાનેરની પાલના ખાતે મુલાકાત લેશે

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન-રાષ્ટ્રને સમર્પિત કરશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૨ મેના રોજ રાજસ્થાનની મુલાકાત લેશે. તેઓ સવારે ૧૧ વાગ્યે બિકાનેર જશે અને દેશનોકમાં કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ પછી પ્રધાનમંત્રી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકસિત દેશનોક સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે અને બિકાનેર-મુંબઈ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપશે. ત્યારબાદ, તેઓ ૨૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે અને પાલનામાં એક જાહેર સમારોહને પણ સંબોધિત કરશે. દેશમાં રેલ માળખાગત સુવિધાઓમાં સતત સુધારો અને વૃદ્ધિ કરવાની તેમની પ્રતિબદ્ધતાને અનુરૂપ, પ્રધાનમંત્રી ભારતના ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૮૬ જિલ્લાઓમાં રૂ. ૧,૧૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસિત ૧૦૩ પુનઃવિકસિત અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, પ્રાદેશિક સ્થાપત્યને પ્રતિબિંબિત કરવા અને મુસાફરોની સુવિધાઓ વધારવા માટે ૧,૩૦૦ થી વધુ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ સાથે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યા છે. કરણી માતા મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ અને પ્રવાસીઓને સેવા આપતું દેશનોક રેલવે સ્ટેશન મંદિર સ્થાપત્ય, કમાન અને સ્તંભ થીમથી પ્રેરિત છે. તેલંગાણાનું બેગમપેટ રેલવે સ્ટેશન કાકટિયા સામ્રાજ્યના સ્થાપત્યથી પ્રેરિત છે. બિહારના થાવે સ્ટેશનમાં ૫૨ શક્તિપીઠોમાંથી એક મા થાવેવાળીનું પ્રતિનિધિત્વ કરતી અને મધુબની ચિત્રો દર્શાવતી વિવિધ ભીંતચિત્રો અને કલાકૃતિઓ છે. ગુજરાતનું ડાકોર સ્ટેશન રણછોડરાયજી મહારાજ દ્વારા પ્રેરિત છે. ભારતભરમાં પુનઃવિકસિત AMRUT સ્ટેશનો સાંસ્કૃતિક વારસા, દિવ્યાંગજનો માટે મુસાફરો-કેન્દ્રિત સુવિધાઓ અને મુસાફરીના અનુભવને વધારવા માટે ટકાઉ પ્રથાઓ સાથે આધુનિક માળખાગત સુવિધાઓને એકીકૃત કરે છે. ભારતીય રેલવે તેના નેટવર્કના ૧૦૦% વિદ્યુતીકરણ તરફ આગળ વધી રહી છે, જે રેલવે કામગીરીને વધુ કાર્યક્ષમ અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે. તદનુસાર, પ્રધાનમંત્રી ચુરુ-સાદુલપુર રેલવે લાઈન (૫૮ કિમી) અને સુરતગઢ-ફલોદી (૩૩૬ કિમી)નો શિલાન્યાસ કરશે. ફુલેરા-દેગાણા (૧૦૯ કિમી), ઉદયપુર-હિંમતનગર (૨૧૦ કિમી), ફલોદી-જૈસલમેર (૧૫૭ કિમી) અને સમદરી-બાડમેર (૧૨૯ કિમી) રેલ લાઈનના વીજળીકરણ ને રાષ્ટ્રને સમર્પિત કરશે. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે પ્રધાનમંત્રી ૩ વાહન અંડરપાસના નિર્માણ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોને પહોળા અને મજબૂત બનાવવા માટે શિલાન્યાસ કરશે. તેઓ રાજસ્થાનમાં ૭ રોડ પ્રોજેક્ટ્સ પણ સમર્પિત કરશે. ૪,૮૫૦ કરોડથી વધુના ખર્ચે બનેલા રોડ પ્રોજેક્ટ્સથી માલસામાન અને લોકોની અવરજવર સરળ બનશે. આ હાઈવે ભારત-પાકિસ્તાન સરહદ પર ફેલાયેલા છે, જે સુરક્ષા દળો માટે પ્રવેશમાં વધારો કરે છે અને ભારતના સંરક્ષણ માળખાને મજબૂત બનાવે છે. બધા માટે વીજળી અને ગ્રીન અને સ્વચ્છ ઉર્જાના વિઝનને આગળ ધપાવતા પ્રધાનમંત્રી બિકાનેર અને નાવા, દિડવાના, કુચામન ખાતે સૌર પ્રોજેક્ટ્સ અને પાર્ટ બી પાવરગ્રીડ સિરોહી ટ્રાન્સમિશન લિમિટેડ અને પાર્ટ ઈ પાવરગ્રીડ મેવાડ ટ્રાન્સમિશન લિમિટેડના પાવર ઈવેક્યુએશન માટે ટ્રાન્સમિશન સિસ્ટમ્સ સહિત પાવર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. તેઓ બિકાનેરમાં સૌર પ્રોજેક્ટ, પાવરગ્રીડ નીમચ અને બિકાનેર સંકુલમાંથી ખાલી કરાવવા માટે ટ્રાન્સમિશન સિસ્ટમ, ફતેહગઢ-II પાવર સ્ટેશન ખાતે ટ્રાન્સફોર્મેશન ક્ષમતાનું વિસ્તરણ સહિત પાવર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન પણ કરશે, જે સ્વચ્છ ઉર્જા પ્રદાન કરશે અને કાર્બન ઉત્સર્જન ઘટાડશે. પ્રધાનમંત્રી રાજસ્થાનમાં માળખાગત સુવિધાઓ, કનેક્ટિવિટી, વીજ પુરવઠો, આરોગ્ય સેવાઓ અને પાણીની ઉપલબ્ધતા વધારવા માટે રાજસ્થાનમાં ૨૫ મહત્વપૂર્ણ રાજ્ય સરકારના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ, ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે. આમાં ૩,૨૪૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૭૫૦ કિમીથી વધુ લંબાઈના ૧૨ રાજ્ય ધોરીમાર્ગોના અપગ્રેડેશન અને જાળવણી માટેના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરવાનો સમાવેશ થાય છે.

### સતત દીવો લઈને ચાલનારને જેમ ભટકાવાનો ડર રહેતો નથી, તેમ આટલી જાગૃતિ આપણને ક્યાંય અનીતિ આચરવા નહિ દે

## નરસિંહ કહે છે "સમર નેં શ્રીહરિ મેલ મમતા પરી!" પણ આપણી માટે શું એ સહજ છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જીવ પૃથ્વી પર જન્મ લઇને એકલો આવે છે, અને એકલો જ જવાનો છે. એટલે મારું મારું કરી આખી જિંદગી જે પણ મોહ માયા મમતા વશ ભેગું કર્યું છે, એ બધું જ એને જતી વખતે કંઈ કામમાં આવવાનું નથી!એ માત્ર રાગ દ્વેષને વધાનાર છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શુક્લ પક્ષનો ચંદ્ર જેમ એક આશા લઈને પૂનમ સુધી પહોંચે છે, એ જ રીતે આપણે પણ આ નિરાશાના અંધકારને તોડવા રોજ હકારાત્મકતા તરફ જવું પડશે, જાગવું તો પડશે જ! સ્વાભાવિક રીતે સવાલ થાય કે જાગવું એટલે શું? ડોળા ફાડી ફાડીને બેઠા રહેવું? ના આપણી જાતનું મૂલ્યાંકન કરી, જ્યાં ફેરફાર લાગે ત્યાં કરવા, અને નીતિઓ સાથે જે સમાધાન કરવાની જે ટેવ પડી ગઈ છે, ત્યાં સત્યને રાખીને જીવન જીવવું. અન્યના હક મારીને જે જીવતાં આવ્યા છીએ, તેનો હક તેને આપીને આપણી ફરજ નિભાવવી, અને બને ત્યાં સુધી પ્રકૃતિ આપણા બધાની જ છે, એવો ભાવ રાખી સર્વને પ્રેમ કરવો, અને અન્યથી થતી ભૂલોને ક્ષમા કરવી, બસ જાગરણનો મુખ્ય સૂર તો આટલો જ છે, સંસારી માટે આટલું જાગવું પર્યાપ્ત છે. સતત દીવો લઈને ચાલનારને જેમ ભટકાવાનો ડર રહેતો નથી, તેમ આટલી જાગૃતિ આપણને ક્યાંય અનીતિ આચરવા નહિ દે. બાકી તો પછી નરસૈયાની જેમ કૃષ્ણનું સુમિરન વધારાની ખામીને પૂરી કરી દેશે. કૃષ્ણ સુમિરન માટેનું એક નરસૈંયાનું પદ આજે આપણે ચિંતનમાં જોઈશું.

*નરસિંહ મહેતા*

**સમરને શ્રી હરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મુળ તારું; તું અલ્યા કોણ ને કોને વળગી રહ્યો, વગર સમજે કહે મારું મારું પ સમરને**

કવિ પોતાની જાતને સંબોધીને કહે છે કે હે જીવ, શ્રીહરિનું સ્મરણ કરી લે, અને આ મમતાને મૂકી દે. આત્મા સ્વરૂપ અંતરાત્માને જાણવા માટે કહે છે કે, તું કોણ છે? એ તો કદી વિચાર્યું જ નહીં, અને ખોટી માયા, મમતાને વળગી રહ્યો છે. વગર સમજે મારું! મારું! એમ કરે રાખે છે. જીવ પૃથ્વી પર જન્મ લઈને એકલો આવે છે, અને એકલો જ જવાનો છે. એટલે મારું મારું કરી આખી જિંદગી જે પણ મોહ માયા મમતા વશ ભેગું કર્યું છે, એ બધું જ એને જતી વખતે કંઈ કામમાં આવવાનું નથી!એ માત્ર રાગ દ્વેષને વધાનાર છે. એકાદ વાર પોતાની જાતને તું કોણ છે? એવો સવાલ કરીને આત્મચિંતન તો કર! તો ખબર પડશે કે, અવિનાશી પરમાત્માનો તું અંશ છે, બસ આત્મા જ તારો છે, બાકી આ સંસારમાં કંઈ તારું નથી.

**દેહ તારો નથી જો તું જુગતે કરી, રાખતા નવ રહે નિશ્ચે જાયે, દેહ સંબધ તજે નવ નવા બહુ થશે, પુત્ર કલત્ર પરિવાર વહાવે પ સમરને**

જે દેહની તું આટલી માવજત કરે છે, તે દેહ પણ અહીં તારો નથી. ગમે તેટલી સુખ સગવડમાં શરીરને તું રાખે, પણ એક દિવસ તો તેને અહીંથી જવાનું જ છે. દેહને કારણે જેટલા સંબંધો તે અહીં બાંધ્યા છે, એ પુત્ર પરિવારને મુકીને અંતે તો એક દિવસ અહીંથી જવાનું જ છે. માટે હે જીવ સમરને શ્રી હરિ, એટલે કે કૃષ્ણ સ્મરણ સિવાય આ જગતમાં બીજું કંઈ જ તારી સાથે નહીં આવે, આ માટીની કાયાના પણ તેની વગર કોઈ મોલ નથી. જીવને શરીરની મમતા હોય એ સ્વાભાવિક છે, અને સંસારી જીવને તો પરિવારની પણ હોય. એટલે તે રીતે પુત્ર પરિવાર થતા આ માયા છૂટવાને બદલે વધે છે, તો પોતાને તો જવાનું જ છે, પણ પુત્ર પરિવારને પણ એક દિવસ અહીંથી જવાનું છે. એ સત્યને ધ્યાનમાં રાખી અકળ અવિનાશી પરમાત્માનું સ્મરણ કરી, આત્માની વાણી સાંભળીને નીતિ પૂર્વકનું જીવન જીવવું. દેહનાં સંબંધો તો દેહ લગી જ સાથે આવશે, પછી તો અકળ અવિનાશી આત્મા જ તારી સંગે ચાલનાર છે, તો તેની વાતનું સમર્થન કરી જીવનમૂલ્યોને જાણી લે.

**ધન તણું ધ્યાન તું અહોનિશ આદરે, એ જ તારે અંતરાય મોટી, પાસે છે પિયુ અલ્યા કેમ ગયો વિસરી, હાથથી બાજી ગઇ થયા રે ખોટી પ સમરને**

જે શરીર થકી તારે પરમાત્માનું ધ્યાન ધરવાનું હતું, એની બદલે તે ધનનું ધ્યાન ધર્યું, અને તેમાં જ પડ્યો પાથર્યો રહ્યો, અથવા તો એને વિષે જ જીવન આદર્યું, જીવની મોટી ભૂલ અહીં થઈ. આત્મા રૂપે પરમાત્મા તારી અંદર જ વસ્યો છે. તો પરમ કૃપાળુ પરમાત્મા એટલે કે પિયુ રૂપે જે મૂલ્યવાન સંપત્તિ તારી પાસે પડી છે, તે તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું નહીં, અને ધન વધારવામાં જ આખી ઉંમર કાઢી નાખી.મનુષ્ય અવતાર ધન્ય છે, તેનું મૂલ્ય જાણ્યા વગર ધન સંચિત કરવામાં જ જ્યારે જીવન વીતતું જાય, ત્યારે સત્ય સમજાતા હાથમાંથી બાજી જતી હોય તેવું અનુભવાય છે. કે આ આપણે શું કર્યું!! આપણી પાસે તો આત્મારૂપે પરમાત્માની અમૂલ્ય મૂડી હતી તેના તરફ તો આપણે જોયું જ નહીં, અને દુનિયાની ચકાચોંધ અને ભોગવિલાસ માટે ધન એકઠું કરવામાં પડયા રહ્યા.

**ભરનિંદ્રા ભર્યો, રુંધી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી કાં ન જાગે, જાગતા નરસૈંયો લાભ છે અતિ ઘણો, જન્મોજનમ તારી ખાંત ભાંગે પ સમરને**

કવિ અહી ભર નિંદ્રામાં એટલે કે મોહ નિંદ્રાની વાત કરે છે, જે આંખ ખુલ્લી હોવા છતાં પણ સત્યને જોવા ન દે તેનું નામ મોહ.એ મોહને કારણે તું એટલો ઘેરાઈ ગયો કે કોઈ સંતના જાગવા માટેના શબ્દો પણ તારા કાને સંભળાતા નથી, જાગવાના કેટલા કેટલા લાભ છે, તે જણાવીને કહે છે, કે જો જાગીશ તો જન્મોજન્મની આ જન્મ મરણની યાત્રા તારી પૂરી થશે, અને જીવતા મુક્તિને તું પામીશ. કોઈ ભાવ સતત આપણને ઘેરી રહ્યો હોય, ત્યારે આપણે રુંધાઈ રહ્યા છીએ, તેવો શબ્દ વાપરીએ છીએ, તો આ મોહના ભાવથી સતત ઘેરાતો જાય, એટલે કે સતત મોહવશ સંસારને જ મારો ગણી એમાં પ્રવૃત રહે,કે કોઈ સદગુરુ તેને કહે કે આ મમતા મુકીને શ્રીહરિને સ્મરી લે,એ જ તારું સાચું ધન છે, તો એ તેને સંભળાતું નથી. પરંતુ જો જાગે તો, અત્યાર સુધી કેમ ન જાગ્યાં એની લાજ આવે, અને જો જાગે તો જાગવાના કેટલા લાભ છે! સૌથી મોટો લાભ તો આ જન્મ મૃત્યુ ના ફેરા બચી જાય, એટલે કે જીવ મુક્તિને પામી જાય. સાચો ભક્તો કદી આ રીતની મુક્તિ માંગતો નથી એટલે કે તેને તો હરિને ભજવા ફરી જન્મ લેવો હોય છે. એટલે અહીં ઈચ્છા જન્મ મૃત્યુની વાત આવે છે, પણ એ નરસિંહના બીજા કોઈ પદમાં ખોલીશું.

જાગને, કે જાગવું, કે જાગતા રહેવું, આ બધાં જ શબ્દોના અર્થ દરેક ચિંતનમાં કરીએ છીએ. રોજ વાંચીએ છીએ, રોજ લખીએ છીએ, સારું પણ લાગે છે, પણ ફરી પાછા સંસારમાં જઈએ, એટલે આ બધું જેમ નકામી વસ્તુ માળીએ મૂકી દઈએ, તેમ એક બાજુ રાખીને જ જીવાય છે, અને એટલે જ હવે તો અસ્તિત્વની પણ માંગ છે, કે હે જીવ તું જાગ! આત્મનિરીક્ષણ કરીને જાતને સુધારવી પડશે, જરૂરિયાતને નામે કે માયા મમતા વશ મારું મારું કરીને ભેગું જે કર્યું છે, તેને હવે ત્યાં આગળ પૂર્ણ વિરામ આપી. અન્ય તરફ દ્રષ્ટિ કરવાનો વારો આવી ગયો છે. પરમાત્માની બનાવેલી આ સૃષ્ટિમાં અન્ય પ્રાણીઓના, તો એક અંગ વાંકા છે. પણ આપણા તો સીધા હોવા છતાં આંતરિક અંગો એટલા બધા આડાતેડા છે, કે જીવનને સીધું કરતા આખી જિંદગી નીકળી જાય, પણ જીવન સીધુ થાય તેમ નથી, એટલે કૃષ્ણનું સ્મરણ કરીને આપણી જિંદગી એને સોંપી દઈ શરણાગત થઈએ. દરેક કે દરેક પોતાનાથી થાય તેટલું જાગરણ કરીને જીવન સુધારી લે, અને બાકી કૃષ્ણ નામનો આશરો લઈ, અને આ ભવ તારી લઈએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### પરમાત્માને દીવાની જરૂર નથી, દીવાની જરૂર મનુષ્યને છે

## જ્ઞાન એટલે આપણે શુ કરી શકીયે તેનુ ભાન, *ભાન એટલે આપણે શુ કરી શકીયે તેનુ જ્ઞાન



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહા વ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી. વૈષ્ણવ તો તે છે કે, જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં જેને ઈશ્વરનું આરાધન કરવું છે**

વૈશાખી વાયરા વાયા કે ન વાયા તેની ખબર પડે ત્યાં તો માવઠારૂપે મેઘરાજા મહેરબાન થઈ જ જાય છે વૈશાખ માસનો અંતિમ છે વેકેશનમાં બાળકો મોજમસ્તી કરી રહ્યા છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો

મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનોછે. ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરેછે,કનૈયો અમારું માખણ ખાઈ જાય છે. યશોદા કહે તમે અંધારામાં માખણ રાખો તો કનૈયો દેખે નહીં. ગોપીઓ કહે,અમે અંધારામાં માખણ રાખ્યું હતું,પણ કનૈયો આવે તો અજવાળું થાય છે ઈશ્વર પર પ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે. પરમાત્માને દીવાની જરૂર નથી.દીવાની જરૂર મનુષ્યને છે.સાયંકાળે સૂર્ય-ચંદ્રના તેજ દુર્બળ બને છે. સૂર્ય બુદ્ધિના માલિક અને ચંદ્ર મનના માલિક છે.

મન બુદ્ધિના માલિક દુર્બળ હોય છે એટલે સાંયકાળે મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે ત્યારે કામ મનબુદ્ધિમાં પ્રવેશ કરે છે. માટે સંધ્યાકાળે પ્રભુના નામનો જપ કરો. કશ્યપ ઋષિ દિતિને સમજાવે છે. આ શરીર ભસ્મ જેવું છે, તેની ભસ્મ બનવાની છે, એટલે શિવજી ભસ્મ ધારણ કરે છે, જગતને વૈરાગ્યનો બોધ કરે છે. આ શરીર એક દિવસ સ્મશાનમાં વિષમતા માંથી વેરની ઉત્પત્તિ થાય છે. વ્યવહારમાં સંપૂર્ણ સમતા થતી જ નથી. એટલે વિષમતા કદાચ કરવી પડે તો સદભાવથી કરો. વૈકુંઠમાં વિષમતા નથી.લક્ષ્મીજી પણ વૈકુંઠમાં પ્રમાદ કરતાં નથી. વૈકુંઠમાં લક્ષ્મીજી જાતે સેવા કરે છે. બુહારી જાતે કરે છે.

શુકદેવજી કથા કરતાં લક્ષ્મી નારાયણનાં દર્શન કરે છે. પ્રતિબિંબને જોતાં બિંબને મોહ થાય છે, ત્યારે બિંબને જોતાં કેટલો આનંદ થાય! વૈષ્ણવો ભાગ્યશાળી કે તે બિંબને જોઈ શકે છે. ભગવાન પોતાનું બિંબ જોઈ શકતા નથી. કનૈયો દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જુએ છે. યશોદાજીને કહે છે કે, આ બાળક બહુ સુંદર છે. મારે આ બાળક સાથે રમવું છે. યશોદાજી સમજાવે છે કે, આ બાળક જુદો નથી. એ તારું જ પ્રતિબિંબ છે. પોતાના પ્રતિબિંબનાં દર્શન કરતાં ભગવાન પણ ભૂલે તો ગોપીઓ બિંબના દર્શન કરતાં ભાન ભૂલે તેમાં શું આશ્ચર્ય!

સનતકુમારો વૈકુંઠલોકના છ દરવાજાઓ ઓળંગી સાતમા દરવાજે આવ્યા, ત્યાં ભગવાનના દ્વારપાળો જય અને વિજયે તેઓ ને અટકાવ્યા. સનતકુમારોએ કહ્યું કે,લક્ષ્મીમા અને નારાયણ પિતાને મળવા જઈએ છીએ. સનતકુમારો કૌપીનધારી હતા. કૌપીનનો અર્થ કેવળ લંગોટી નહીં જિતેન્દ્રિયતા એ જ કૌપીન. જિતેન્દ્રિય થઈને ભગવાનનાંદર્શન કરવા જવાનું છે. દ્વારપાળોએ કહ્યું ભલે, પણ અંદરથી હુકમ આવશે પછી જ તમને અંદરજવા દઈશું કામાનુજ એટલે કામનો નાનોભાઈ ક્રોધને મારવો કઠણ છે.કામનું મૂળ સંકલ્પ છે. જ્ઞાનીઓ કોઈના શરીરનું ચિંતન કરતા નથી એટલે તેમને કામ ત્રાસ આપી શકતો નથી. જ્ઞાની પુરુષનું પતન કામથી નહીં, પણ ક્રોધથી થાય છે. છ દરવાજા ઓળંગીને જ્ઞાની પુરુષો જઈ શકે પણ સાતમે દરવાજે જય-વિજય તેઓને અટકાવે છે.

સાત પ્રકારનાં યોગનાં અંગોએ વૈકુંઠના સાત દરવાજા છે. યોગના સાત અંગો યમ,નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન અને ધારણા. આ સાત દરવાજા વટાવ્યા પછી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. યોગનાં સાત અંગો સિદ્ધ કરો,તો વૈકુંઠમાં પ્રવેશ મળશે.

ધ્યાન એટલે એક અંગનું ચિંતન. શરીર અને આંખને સ્થિર રાખવા એ જ આસન. ધારણ એટલે સર્વાંગનું ચિંતન અને દર્શન. ધારણામાં સાધકે જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેવાની જરૂર છે. સર્વાંગનું ચિંતન કરવા છતાં સિદ્ધિ અને પ્રસિદ્ધિ અટકાવે છે.આ સિદ્ધિ-પ્રસિદ્ધિ તે જય અને વિજય. સેવામાં પ્રમાદ કરે તેનું પતન થાય છે. જગત મારા માટે શું બોલે છે તે જાણવાની ઈચ્છા રાખશો નહીં પણ જગદીશ્વર મારા માટે શું કહેશે તેનો ખ્યાલ રાખજો.લૌકિક પ્રતિષ્ઠામાં ફસાયા તે પરમાત્માથી દૂર ગયા.પ્રહલાદના સંગમાં આવેલાને ભક્તિનો રંગ લાગતો. તમારા સંગમાં આવેલાને ભક્તિ નો રંગ નલાગે તો માનજો કે,મારી ભક્તિ કાચી.પણ બીજાને સુધાર વાની ભાંજગડમાં સાધારણ મનુષ્યે પડવાની જરૂર નથી.તમે તમારા મનને સુધારો તો પણ ઘણું છે.

આજકાલ ફેશન અને વ્યસન પાછળ સમય અને સંપત્તિનો મહા વ્યય થાય છે.વ્યસનમાં પાગલ થયેલો મનુષ્ય ભગવાનની સેવા કરી શકતો નથી. વૈષ્ણવ તો તે છે કે, જેને કોઈ વ્યસન નથી. જેને ભગવાનનું ભજન કરવું છે તેને લૌકિક વ્યસન રાખવું પાલવે નહીં જેને ઈશ્વરનું આરાધન કરવું છે તે ફેશનમાં કે વ્યસનમાં ફસાય નહીં. વ્યસન એક જ હોવું જોઇએ શ્રી કૃષ્ણભક્તિ વ્યસન રૂપ બને છે ત્યારે મુક્તિ મળે છે.

તુકારામ મહારાજને ભક્તિનું એવું વ્યસન હતું. તેઓએ કહ્યું છે,મારી આંખને આવી ટેવ પડી છે કે,જ્યાં નજર જાય ત્યાં તેને મુરલી મનોહરનું સ્વરૂપ દેખાય છે. રાજ્યાશાસનથી સમાજ સુધરે નહીં.સંત સદભાવથી સમાજને સુધારી શકે છે.દિતિને ગર્ભ રહ્યો છે. બ્રહ્માજી દેવો દિતિના પેટમાં કોણ છે તેની કથા સંભળાવે છે.

અંતઃકરણ ચતુષ્ટ્ય શુદ્ધ થાય ત્યારે ઈશ્વરનાં દર્શન થાય છે. ઈશ્વર દર્શન કરવા જાવ ત્યારે આ ચારેયને શુદ્ધ કરીને જાવ. અંતઃ કરણના ચાર પ્રકાર છે. અંતઃ કરણ સંકલ્પવિકલ્પ કરે ત્યારે એને મન કહે છે. કોઈ વિષયનો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહે છે શ્રીકૃષ્ણનું ચિંતન કરે તેને ચિત્તકહે છે અને અંતઃકરણમાં ક્રિયાનું અભિમાન જાગે ત્યારે તેને અહંકાર કહે છે. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ચારેયને શુદ્ધ કરો.એ ચારેયને શુદ્ધ કર્યા વગર પરમાત્માનાં દર્શન થતાં નથી આ ચારની શુદ્ધિ બ્રહ્મચર્ય વગર થતી નથી.સનતકુમારો બ્રહ્મચર્ય નો અવતાર છે.આ સનતકુમારો

એકવખતઆદિનારાયણનાં દર્શન કરવા વૈકુંઠમાં જાય છે.

વૈકુંઠમાં કામને અને કાળને પ્રવેશ મળી શકતો નથી. જ્યાં બુદ્ધિ કુંઠિત થાય છે તે વૈકુંઠ. વૈકુંઠનાં વૃક્ષો દિવ્ય છે.પુષ્પો પણ દિવ્ય છે છ ઋતુઓ સખીઓ બનીને સેવા કરે છે.સાત મોટામોટા કોટ ઓળંગીને જવું પડે છે. દક્ષિણમાં રંગનાથનું મંદિર આ વૈકુંઠના વર્ણનને અનુસરીને બનાવવામાં આવ્યું છે.અહીં ભમરાઓ પણ પ્રેમથી ઈશ્વરનાં ગુણગાન ગાતા હોય તેવું લાગે છે.પાર્ષદો પણ ભગવાન જેવા અને દાસીઓ પણ લક્ષ્મીજી જેવી. પાર્ષદો પણ શંખ,ચક્રધારી ચતુર્ભુજ છે.


વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત અત્યારે રેલી રેલા યાત્રા સિવાય આપણી લોકશાહીના કહેવાતા લોકસેવકો લોકો અને વિસ્તારની સમસ્યાઓ બાબતે મૌન ધારણ કરી લીધું છે ત્યારે હે રામચંદ્રજી,કહી ગયા સીતાજીને,એવો કલજુગ આવશે હંસ અનાજ ખાશે, કાગડો મોતી ખાશે,સીતાજીએ પૂછ્યું-કલ જુગમાં પછી કોઈ ધર્મ અને કર્મનું પાલન કરશે નહીં ભગવાને કહ્યું, ધર્મ હશે, કર્મ હશે, ધર્મ પણ હશે, કર્મ પણ હશે શરમ નહીં હોય, દરેક બાબતમાં પિતાને પરાજિત થશે, દરેક બાબતમાં પિતાનેહરાવો પુત્ર આંખ મીંચી દેશે,હંસ અનાજ ને વીણી ખાશે,કાગડો મોતી ખાશે રાજા અને પ્રજા વચ્ચે રોજેરોજ ઝઘડા થશે, બંને દરેક પગલા પર આમ કરશે, દરેક પોત પોતાની મરજીથી સંમત થશે, જેના હાથ માં લાકડી હશે તે ભેંસ લઈ જશે, હંસ ગધેડાનું અનાજ ખાશે, કાગડો મોતી ખાશે. સાંભળો સીતે, કલજુગમાં વધુ કાળું નાણું હશે, કાળું મન હશે, ચોર હશે શહેર વાસી અને ભગવાનના ભક્તો હશે ગરીબ જે લોભી હશે અને ભોગ વિલાસી તે આનંદી હશે તે જોગી કહેવાશે, હંસ અનાજ વીણીને ખાશે, કાગડો મોતી ખાશે. તમે સાંભળ્યું જ હશે કે મંદિર ભરાઈ જશે અને બાર પણ ભરાઈ જશે,હા બાર સભામાં બાપ સાથે ડાન્સ કરશે,ઘરની છોકરી, કેવો બાપ છોકરીનું દાન કરી શકે? બાપ કઈ છોકરી આપી શકે,તે છોકરીના પૈસા ખાશે હંસ અનાજ વીણી દાણા ખાશે. કાગડો મોતી ખાશે.હે રામચંદ્રજી, સીતાજીને કહ્યું, આવો કલજુગ આવશે, હંસ અનાજ વીણીને ખાશે,કાગડો મોતી ખાશે.મૂર્ખનો પ્રેમ,ખરાબ જુગાર,ખરાબ લોકો સાથે બેસીને તેઓ કાજલની ઓરડીમાં ભાગી જાય છે,તમે ભલે ગમે તેટલી કોશિશ કરો, ભાઈ, તમે કાજલથી દાગ પામશો, તમે કેટલા જીવો છો, કેટલાક સતી છે, પ્રેમી સાથે થોડું કામ કરો,જાગતા જ સાંભળો ગોપીરામ શું કહે છે,રામધામ તેનું છે, જો ફાંસો તમને ગળે લગાડશે તોતે જ હશે. હમણાંજ આલિંગન શરૂ કર્યું.બસ અસ્તુ.

# અક્ષય અને પરેશ વચ્ચે રિયલ કોર્ટ ડ્રામા

## સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે તે હેરાફેરી-૩માં જોવા મળશે, ૨૫ કરોડનો દાવો



ફિલ્મોમાં કોર્ટરૂમ ડ્રામા તો ઘણા થાય છે, પરંતુ રિયલ લાઈફમાં બે જાણીતા અભિનેતા વચ્ચે કોર્ટરૂમ ડ્રામા લગભગ પહેલીવાર જોવા મળશે. હેરાફેરી ફ્રેન્ચાઈઝીના બે કલાકાર અક્ષય કુમાર અને પરેશ રાવલ હવે કોર્ટમાં રિયલ લાઈફનો કેસ લડતા જોવા મળે તેવી પૂરી સંભાવના છે. આ ઘટના પણ હેરાફેરી ફિલ્મની સાથે સંબંધ ધરાવે છે. દિગ્દર્શક પ્રિયદર્શનની સુપરહીટ ફિલ્મ હેરાફેરીનો ત્રીજો ભાગ બની રહ્યો છે, પરંતુ અચાનક અભિનેતા પરેશ રાવલે ફિલ્મ ન કરવાની જાહેરાત કરી દીધી છે. ફિલ્મ અક્ષય, સુનીલ શેટ્ટી અને પરેશ ત્રણેયની જોડીએ કમાલ કરી છે અને દર્શકોએ તેમને ખૂબ પસંદ કરી છે. ખરા અર્થમાં બાબુરાવ ગણપતરાવના રોલમાં પરેશ રાવલને સૌથી વધારે લોકોએ પસંદ કર્યો છે. હવે અચાનક ત્રીજા પાર્ટમાંથી બહાર નીકળી જતા કરોડો ફેન્સ ફિલ્મ પહેલા જ નિરાશ થઈ ગયા છે અને ફિલ્મને જબરજસ્ત આંચકો લાગ્યો છે. આ ફિલ્મના રાઈટ્સ હાલમાં અક્ષય કુમાર પાસે છે, તેથી તેણે પરેશ રાવલ સામે રૂ.૨૫ કરોડનો કેસ ઠોકી દેવાનો નિર્ણય લીધો છે. સૂત્રોનું માનીએ તો આ રીતે ફિલ્મમાંથી નીકળી જવાનું એક સમયે અભિનેતાના તરંગી સ્વભાવને લીધે થતું હતું અને બીચારા નિર્માતાઓ કંઈ બોલતા નહીં, પણ અક્ષયે આમ ન કરતા કાનૂની રસ્તો અપનાવ્યો છે. ૩૫ વર્ષની કરિયરમાં પહેલીવાર અક્ષયે આ રીતે કૉ-સ્ટાર સામે પગલું ભરવાનું નક્કી કર્યું છે અને છેલ્લા



લાંબા સમયમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવો કેસ લગભગ બન્યો નહીં હોય.પરેશ રાવલે જાન્યુઆરી મહિનામાં જ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે તે હેરાફેરી-૩માં જોવા મળશે. ત્યારબાદ અચાનક ગયા અઠવાડિયે અભિનેતાએ પોતે આ ફિલ્મમાં નથી, તેમ જણાવ્યું હતું. પરેશા રાવલ ક્રિએટીવ ડિફરન્સ અને પૈસાના કારણે બહાર નીકળી ગયા હોવાની વાતો વહેતી થઈ ત્યાં ફરી તેમણે ટ્વીટ કર્ય અને પોતે આવા કોઈ કારણથી બહાર ન નીકળ્યા હોવાનું કહ્યું હતું. આથી ફિલ્મ ન કરવાનું કોઈ કરણ સ્પષ્ટ થયું નથી.અક્ષયના કાનૂની નિષ્ણાતોએ મીડિયા સાથે કરેલી બિનસત્તાવારા વાત અનુસાર એપ્રિલ મહિનામાં શૂટિંગ શરૂ થઈ ગયું. રાવલે બધા કોન્ટ્રાક્ટ પેપર્સ પણ સાઈન કર્યા અને હવે અચાનક ફિલ્મ નહીં કરવાનું કહ્યું છે, જેથી પરેશાન અક્ષયે કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે. આ મામલે રાવલ તરફથી કોઈ પ્રતિક્રિયા હજુ સુધી આવી નથી.

### શાહરૂખ ખાને ફિલ્મ ઉદ્યોગમાં ૩૨ વર્ષ પૂર્ણ કર્યા

# દુનિયાભરની સંપત્તિ પણ અભિનેતા શાહરૂખ ખાન હજુ છે મિડલ ક્લાસ

શાહરૂખ ખાને ફિલ્મ ઉદ્યોગમાં ૩૨ વર્ષ પૂર્ણ કર્યા છે. શરૂઆતના દિવસોમાં, અભિનેતાએ એટલી સખત અને ખંતથી મહેનત કરી કે થોડા જ સમયમાં તે બોલિવૂડનો કિંગ ખાન બની ગયો. સફળતાના દરેક સ્વાદનો સ્વાદ ચાખી ચૂકેલા શાહરૂખ ખાનને ઘણા લોકો ડાઉન ટુ અર્થ તરીકે વર્ણવે છે. પોતાના અભિનય અને વર્તનથી શાહરુખે માત્ર દેશમાં જ નહીં પણ વિદેશમાં પણ લોકોના દિલ પર રાજ કર્યું છે. ફિલ્મ 'રા.' 'વન' દ્વારા શાહરૂખ સાથે કામ કરી ચૂકેલા દિગ્દર્શક અનુભવ સિંહાએ શાહરૂખ સાથે જોડાયેલા પોતાના અનુભવો શેર કર્યા છે. આ સાથે, દિગ્દર્શકે શાહરૂખ ખાનને દુનિયાની બધી સંપત્તિ હોવા છતાં મધ્યમ વર્ગનો ગણાવ્યો છે.એક ઈન્ટરવ્યુમાં, અનુભવે શાહરૂખ સાથે જોડાયેલી ઘણી વાતો શેર કરી છે. અનુભવે કહ્યું, કોઈને આ રીતે બનાવી શકાય નહીં.' જેમ આપણે બધાએ વિચાર્યું હતું. તે એક હૃદયભંગ જેવું હતું. જ્યારે 'મુલ્ક' રિલીઝ થઈ. પણ એક દિગ્દર્શક તરીકે, મેં લગભગ હાર માની લીધી હતી. મેં આગામી ત્રણ દિવસમાં 'મુલ્ક' લખ્યું. હું બજારમાં ગયો. પૈસા એકઠા



કરવામાં સમય લાગ્યો પણ આખરે હું સફળ થઈ ગયો. આ કારણે, મારા માટે તે ન થવું અશક્ય હતું. દુનિયાભરની સંપત્તિ પણ શાહરૂખ છે મિડલ ક્લાસ, અનુભવ સિંહાએ શાહરૂખ ખાન સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે ખુલીને વાત કરી. અનુભવે કહ્યું, સફળતાના દરેક સ્વાદનો સ્વાદ ચાખી ચૂકેલા શાહરૂખ ખાનને ઘણા લોકો ડાઉન ટુ અર્થ તરીકે વર્ણવે છે તે ખૂબ જ વિચિત્ર છે કે તે હજુ પણ હૃદયથી મધ્યમ વર્ગના છોકરા જેવો છે. આ મજાક નથી. મધ્યમ વર્ગ ફક્ત પૈસા વિશે નથી. જ્યારે હું તેને છેલ્લી વાર મળ્યો ત્યારે મેં તેને કહ્યું હતું કે તે એકદમ મધ્યમ વર્ગનો છે. શાહરુખ હસ્યો અને મારી સાથે સંમત થયો. તેની પાસે દુનિયાના બધા પૈસા છે. શું ગુચી તમને ખુશ કરે છે? અથવા તમારી બહેન ખુશ છે એ હકીકત?

**સફળતાના દરેક સ્વાદનો સ્વાદ ચાખી ચૂકેલા શાહરૂખ ખાનને ઘણા લોકો ડાઉન ટુ અર્થ તરીકે વર્ણવે છે**

### પોતાની સાદગીથી ફેન્સના દિલ જીત્યા

# શર્મિલા પુત્રી સાથે કાન્સમાં પહોચ્યાં

## શર્મિલા ટાગોર વાદળી રંગની સાડીમાં એકદમ શાહી લાગી રહી છે

ઘણા બોલિવૂડ સેલેબ્સે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી છે. હવે શર્મિલા ટાગોર પણ તેમની પુત્રી સબા સાથે આવી છે. તેના ફોટા વાયરલ થઈ રહ્યા છે. શર્મિલા ટાગોર અને સિમી ગ્રેવાલ કાન્સમાં પોતાના શાહી અંદાજમાં જોવા મળ્યા હતા.માતા અને પુત્રી બંનેની જોડી પરફેક્ટ લાગી રહી છે. બંને સાથે પોઝ આપી રહ્યા છે અને મસ્તી કરી રહ્યા છે. સત્યજીત રેની ફિલ્મ "અરનૈયર દિન રાતી" ના સ્ક્રીનિંગ માટે શર્મિલા ટાગોર અને સિમી ગ્રેવાલ કાન્સમાં પહોંચી ગયા છે. આ ૧૯૭૦ ની ક્લાસિક ફિલ્મ છે જેનું ૪કે વર્ઝન પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે. શર્મિલા ટાગોરે કાન્સમાં સુંદર સાડી પહેરી હતી. શર્મિલા ટાગોર વાદળી રંગની સાડીમાં એકદમ શાહી લાગી રહી છે.



જ્યારે સિમી ગ્રેવાલ સફેદ પોશાકમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. બંને અભિનેત્રીઓએ સાથે ઘણા પોઝ આપ્યા. શર્મિલા ટાગોરે કાન્સમાં સુંદર સાડી પહેરી હતી, શર્મિલા ટાગોર વાદળી રંગની સાડીમાં એકદમ શાહી લાગી રહી છે સબા તેની માતાની આ બધી ક્ષણોને કેદ કરતી જોવા મળી હતી. પોતાની સાદગીથી ફેન્સના દિલ જીત્યા તેણીએ ચાહકોને તેના લુકથી લઈને કાન્સમાં આગમન સુધી બધું જ બતાવ્યું છે.

# વૉર-૨ ફિલ્મના ટીઝરમાં કિયારાનો લૂક થયો વાયરલ

## વૉર ફિલ્મમાં રીતિક સાથે દીપિકા પદુકોણે જોડી જમાવી હતી જ્યારે સિક્વલમાં કિયારા રીતિકની હીરોઈન

રીતિક રોશન અને જૂનિયર એનટીઆરની ફિલ્મ વૉર-૨ ઑગસ્ટ મહિનામાં રીલિઝ થવાની છે. આ ફિલ્મની ફેન્સ રાહ જોઈ રહ્યા છે. વૉર ફિલ્મમાં રીતિક સાથે દીપિકા પદુકોણે જોડી જમાવી હતી જ્યારે સિક્વલમાં કિયારા અડવાણી રીતિકની હીરોઈન છે. ફિલ્મનું ટીઝર લૉંચ થયુ છે ત્યારથી રીતિક અને જૂનિયર એનટીઆર કરતા વધારે ચર્ચા કિયારાની થઈ રહી છે. જો તમે ફિલ્મનું ટીઝર જોયું હોય તો આખું એક્શનથી ભરપુર છે. રીતિક અને એનટીઆર વચ્ચે વૉરના સિન્સથી ભરેલા ટીઝરમાં કિયારા તો માત્ર એક સેકન્ડ માટે જ દેખાઈ છે, પણ આટલા ટાઈમમાં પણ તેણે ફેન્સને ઘાયલ કરી દીધા છે.ફેન્સને પહેલીવાર કિયારાનો હૉટ બિકની લૂક જોવા મળ્યો



છે. કિયારાએ યેલ્લો કલરની શાઈનિંગ બિકની પહેરી છે. હરિયાળી વાદીઓ વચ્ચે કિયારા બિકની પહેરી ચાલતી હોય તેવું માત્ર એકાદ બે સેકન્ડ માટે દેખાય છે, પણ સોશિયલ મીડિયા પર તેની જ ચર્ચા થઈ રહી છે. વૉર ફિલ્મમાં રીતિક સાથે દીપિકા પદુકોણે જોડી જમાવી હતી જ્યારે સિક્વલમાં કિયારા અડવાણી રીતિકની હીરોઈન છે અહીં મહત્વનું એ છે કે અભિનેત્રી પ્રેગનન્ટ છે. કિયારા અને સિદ્ધાર્થ મલ્હોત્રા વૂડ બી પેરેન્ટ્સ બની રહ્યા છે. કિયારાએ આ શૂટ પ્રેગનન્સી દરમિયાન પણ કર્યું હોવાનું જાણવા મળ્યું છે. કિયારા એકદમ ફીટ અને પરફેક્ટ લાગી રહી છે.અગાઉ પણ કિયારાએ મેટ ગાલા ઈવેન્ટમાં પહેલીવાર ભાગ લીધો હતો. અહીં પણ તેનું કોસ્ચ્યુમ બધા માટે આકર્ષણ બન્યું હતું. કિયારાએ બ્લેક અને ગોલ્ડન ગાઉન પહેર્યું હતું અને પોતાના



હૃદય અને બેબીબમ્પ પાસે હાર્ટ શેપ બનાવી બન્નેને એક ચેઈનથી જોડયા હતા.કિયારા પહેલીવાર યશ ચોપરા બેનર હેઠળ કામ કરી રહી છે અને એક્શન ફિલ્મ પણ પહેલીવાર કરી રહી છે. રીતિક અને દીપિકા બાદ લોકોને રીતિક સાથે કિયારાની જોડી ગમે છે કે નહીં તે તો ફિલ્મ રીલિઝ થયા પછી જ ખબર પડશે.



**પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બંનેએ સત્તાવાર રીતે તેમના સંબંધોની જાહેરાત કરી હતી**

# ૧૨ વર્ષ મોટા અભિનેતા સાથે લગ્ન કરશે આ અભિનેત્રી

તમિલ અભિનેતા વિશાલ કૃષ્ણ રેડ્ડી લગ્ન માટે સંમત થયા છે. ૪૭ વર્ષીય અભિનેતા પોતાની પ્રેમિકા સાથે ૨૯ ઓગસ્ટે લગ્ન કરશે. જો એક્ટરની ભાવી પત્નીની વાત કરીએ તો તે એક્ટરથી ૧૨ વર્ષ નાની છે. વિશાલ ૩૫ વર્ષીય અભિનેત્રી સાઈ ધનશીકા સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે. તાજેતરમાં ચેન્નાઈમાં યોજાયેલી ફિલ્મ 'યોગી દા'ની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બંનેએ સત્તાવાર રીતે તેમના સંબંધોની જાહેરાત કરી અને આ ખુશખબર બધા સાથે શેર કરી. ધનશીકાએ કહ્યું કે, 'અમે છેલ્લા ૧૫ વર્ષથી એકબીજાને ઓળખીએ છીએ, પરંતુ અમે તાજેતરમાં ડેટિંગ કરવાનું શરૂ કર્યું છે. એક વાઈરલ સમાચાર પછી, અમે રિલેશન જાહેર કરવાનું વિચાર્યુ. શરૂઆતમાં અમે ફક્ત અમારી મિત્રતા જાહેર કરવા માંગતા હતા, પરંતુ જ્યારે સવારે રિપોર્ટ વાઈરલ થયો, ત્યારે અમને લાગ્યું કે છુપાવવા માટે કંઈ બચ્યું નથી.'એક્ટ્રેસે વધુમાં જણાવ્યું હતું કે, 'અમે ૨૯ ઓગસ્ટના રોજ લગ્ન કરવાના છીએ. હું વિશાલને ઘણા સમયથી ઓળખું છું. તે હંમેશા મારી સાથે આદરથી વર્તે છે.



જ્યારે હું મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે તે મારા ઘરે આવ્યો અને મને મદદ કરી. બીજો કોઈ અભિનેતા આવું કરતો નથી. તેમનું આ વર્તન મારા માટે ઘણું મહત્ત્વ ધરાવે છે.'સંબંધો વિશે વાત કરતાં એક્ટ્રેસે કહ્યું કે, 'તાજેતરમાં, અમારી વાતચીત અને મુલાકાતો વધી અને અમને સમજાયું કે અમે એકબીજા માટે જ બન્યા છીએ. અમારા બંને વચ્ચે પરસ્પર સંમતિથી નક્કી થયું કે આપણે લગ્ન કરીશું. હું ફક્ત એટલું જ ઈચ્છું છું કે તે ખુશ રહે.' આ સંદર્ભમાં વાત કરતાં વિશાલે કહ્યું, 'મારા લગ્ન નક્કી થઈ ગયા છે. મને મારો જીવનસાથી મળી ગયો છે.

### અક્ષય-પ્રિયદર્શન મોટા પડદા પર પાછા ફર્યા

# અક્ષય કુમારે ઓહ માય ગોડ ૩ની તૈયારી શરૂ કરી દીધી


## બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારે તાજેતરમાં પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત ફિલ્મ ભૂત બાંગ્લાનું શૂટિંગ પૂર્ણ કર્યું છે

બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારે પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત તેની આગામી હોરર-કોમેડી ફિલ્મ 'ભૂત બંગલા 'નું શૂટિંગ પૂર્ણ કરી લીધું છે. આ અંગે અક્ષયે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં તે અભિનેત્રી વામિકા ગબ્બી સાથે જોવા મળી રહ્યો છે. આ ગીત કેરળમાં શૂટ કરવામાં આવ્યું છે. દરમિયાન, સમાચાર આવી રહ્યા છે કે આ સમય દરમિયાન દિગ્દર્શક અમિત રાય પણ અક્ષય કુમાર સાથે કેરળ ગયા હતા.સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, અમિતના મનમાં ફિલ્મ 'ઓએમજી ૩' સાથે જોડાયેલા ઘણા વિચારો હતા. આ સમય દરમિયાન, તેમણે કેરળમાં અક્ષય કુમાર સાથે ફિલ્મની વાર્તાની ચર્ચા કરી. માહિતી અનુસાર, ત્રીજો ભાગ ૨૦૨૬ માં ફ્લોર પર લાવવામાં આવશે.મળતી માહિતી મુજબ, 'ઓએમજી ' અને 'ઓએમજી ૨' ની સફળતા પછી, ફિલ્મ નિર્માતાઓ ટૂંક સમયમાં તેનો ત્રીજો ભાગ બનાવવા માંગે છે. જોકે, આ એક મોટી જવાબદારી છે અને તેથી તેઓ ઓએમજી ૩ ની પ્રક્રિયા શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાની ઉતાવળમાં નથી. જો બધું બરાબર રહ્યું, તો 'ઓએમજી ૩' ૨૦૨૬ ના મધ્યમાં શરૂ થશે. જોકે, આ વાર્તા કેટલી ઝડપથી પૂર્ણ થાય છે તેના પર નિર્ભર રહેશે. તે જ સમયે, એવી માહિતી પણ બહાર આવી રહી છે કે સ્ક્રિપ્ટ ફાઈનલ થયા





પછી જ ફિલ્મનું કાસ્ટિંગ કરવામાં આવશે. આ ફિલ્મ પાછલા બે ભાગ જેવી જ હશે. જેની વાર્તા કોર્ટ રૂમની આસપાસ ફરશે. અક્ષય કુમારના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, અક્ષયે તાજેતરમાં પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત ફિલ્મ ભૂત બાંગ્લાનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. આ ફિલ્મમાં પરેશ રાવલ અને તબ્બુ જેવા મોટા સ્ટાર્સ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ એપ્રિલ ૨૦૨૬ માં રિલીઝ થશે. આ પછી, અક્ષય ઓગસ્ટથી ફરીથી પ્રિયદર્શનની એક્શન ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. આ ફિલ્મમાં સૈફ અલી ખાન પણ હશે. તમને જણાવી દઈએ કે અક્ષય અને પ્રિયદર્શન લગભગ ૧૪ વર્ષ પછી સાથે આવી રહ્યા છે.



# તૂર્કિયેનો બોયકોટ કરવા ૫૦ લાખની ઓફર ઠુકરાવી

## મારા દેશનું સન્માન ન કરી શકે તેવા કોઈપણ વ્યક્તિ માટે મારા હૃદયમાં કોઈ સ્થાન નથી : રાહુલ વૈદ્ય

મશહૂર સિંગર અને પૂર્વ બિગ બોસ સ્પર્ધક રાહુલ વૈદ્ય તાજેતરમાં તુર્કીનો બહિષ્કાર કરનારા ભારતીય સેલિબ્રિટીઓની યાદીમાં જોડાયા છે. હકીકતમાં રાહુલે હાલમાં જ તૂર્કિયેના અંતાલ્યામાં ૫ જુલાઈના રોજ થનારા એક લગ્નમાં પરફોર્મ કરવા માટે સ્પષ્ટ ના પાડી દીધી છે.આ લગ્નમાં પરફોર્મ કરવા માટે તેને ૫૦ લાખ રુપિયાની ઓફર કરવામાં આવી હતી. પરંતુ રાહુલે રાષ્ટ્રીય હિતને સર્વોપરી માનીને આ ઓફરને ઠુકરાવી દીધી છે. મારા દેશનું સન્માન ન કરી શકે તેવા કોઈપણ વ્યક્તિ માટે મારા હૃદયમાં કોઈ સ્થાન નથી : રાહુલ વૈદ્ય રાહુલ વૈધે આ અંગે ખુલ્લીના વાત કરતાં કહ્યું કે, 'મને મળેલી આ ઓફર ખરેખર સારી હતી. કારણ કે, મને લગ્નમાં પરફોર્મ કરવા માટે ૫૦ લાખ રુપિયા આપી રહ્યા હતા. પરંતુ સારી ઓફર હોવા છતાં મેં તરત જ તેમને કહ્યું કે, મારા માટે કોઈ પણ કામ હોય, કોઈ પણ



રકમ, કોઈ પણ ખ્યાતિ, આ બધી બાબતો મારા દેશના હિત કરતાં વધુ મહત્ત્વની નથી. તેમણે મને વધુ પૈસાની પણ ઓફર કરી, પરંતુ મેં સ્પષ્ટપણે કહ્યું કે, આ માત્ર પૈસાની વાત નથી. આ મુદ્દો તેનાથી ઘણો વધારે જરુરી છે. આ મારા વિશે નથી, આ આપણા રાષ્ટ્ર વિશે છે અને આપણે આપણા દેશ સાથે ઉભા રહેવું જોઈએ.'રાહુલે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું છે કે, તેને એવા દેશમાં જવાની કે કામ કરવાની કોઈ ઈચ્છા નથી કે જેઓ ભારતને દુશ્મન માને છે. તેમણે કહ્યું કે, 'મને એવા કોઈ દેશમાં જવાનો કોઈ રસ નથી, જે મારા ભારત દેશનો દુશ્મન હોય. મારા દેશનું સન્માન ન કરી શકે તેવા કોઈપણ વ્યક્તિ માટે મારા હૃદયમાં કોઈ સ્થાન નથી. આજે હું જે કંઈ છું તે મારા દેશ અને મારા દેશવાસીઓને કારણે છું. જે કોઈ મારા દેશ અને દેશવાસીઓની વિરુદ્ધ જશે તેને સહન કરવામાં નહીં આવે.'

# સામાખ્યાલી રેલવે સ્ટેશન

## સામાખ્યાલી જંક્શનઃ પ્રવાસ, પરંપરા અને પ્રગતિનું પ્રવેશદ્વાર





। અમદાવાદ, તા.૨૧ ।

ભરતી રેલવે પર સ્ટેશનો ના સમગ્ર વિકાસ માટે અમૃત ભારત સ્ટેશન યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજના સ્ટેશનો ને લાંબા સમય સુધી તબક્કાવાર વિકસિત કરવાના વિચાર પર આધારિત છે.

આ યોજના અંતર્ગત દરેક સ્ટેશન માટે એક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવે છે, જેને અલગ-અલગ તબક્કામાં લાગુ કરવામાં આવે છે. તેના દ્વારા દરેક સ્ટેશન પર યાત્રીઓ ની સુવિધા વધુ સારી કરવામાં આવે છે, જેમકે સ્ટેશન સુધી સરળ પ્રવેશ, સર્ક્યુલેટીગ એરિયા, વેઈટિંગ રૂમ, શૌચાલય,જરૂરત મુજબ લિફ્ટ અને એસ્કેલેટર, સાફ-સફાઈ, મફત વાઈ –ફાઈ 'એક સ્ટેશન એક ઉત્પાદ' જેવી યોજનાઓ ના અંતર્ગત સ્થાનિક ઉત્પાદનો માટે સ્ટોલ,પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ માં સુધારો, એગ્જીક્યુટીવ લોન્જ, બિઝનેસ મીટિંગ માટે સ્થાન, હરિયાળી વગેરે.

આ સિવાય, સ્ટેશન બિલ્ડિંગ ને પણ આધુનિક રૂપ આપવામાં આવશે, દિવ્યાંગજનો માટે વિશેષ સુવિધાઓ વિકસિત કરવામાં આવશે. ભવિષ્ય માં આ સ્ટેશનો ને 'સિટી સેન્ટર' ના રૂપે પણ વિકસિત કરવાની યોજના છે.

આ યોજના હેઠળ, ભારતીય રેલ્વેના ૧૩૦૦ થી વધુ સ્ટેશનોને અપગ્રેડેશન અને આધુનિકીકરણ માટે પસંદ કરવામાં આવ્યા છે.

**સામાખ્યાલી રેલવે સ્ટેશનનો ઇતિહાસ :**

અમદાવાદ મંડળનું સામાખ્યાલી રેલવે સ્ટેશન ગુજરાત ના કચ્છ જિલ્લાના પ્રમુખ રેલવે સ્ટેશનો માંથી એક છે. અત્યારે આ સ્ટેશન એનએસજી -૪ શ્રેણી માં આવે છે. સ્ટેશન પર કુલ ૫ પ્લેટફોર્મ છે અને અહિયાં દરરોજ ૭૦૦-૧૦૦૦ મુસાફરો ની અવર-જવર છે. સ્ટેશન પર સટોપેજ કરનારી ટ્રેનો ની સંખ્યા ૪૮ છે.

જનગણના ૨૦૧૧ મુજબ, સામાખ્યાલી નગર ની જન સંખ્યા ૧૦,૫૦૦ હતી. આ રેલવે સ્ટેશન રાષ્ટ્રીય રાજમાર્ગ 41(NH 41) થી જોડાયેલ છે અને NH -41 થી તેનું અંતર લગભગ ૧૦૦ મીટર જ છે.

સામાખ્યાલી રેલવે સ્ટેશન એક મહત્વપૂર્ણ સ્ટેશન છે અને તેને કચ્છ ક્ષેત્ર ના પ્રવેશદ્વાર તરીકે માનવામાં આવી શકે છે

આ સ્ટેશનનો પુનર્વિકાસ અમૃત ભારત સ્ટેશન યોજના ના અંતર્ગત કરવામાં આવ્યો છે, જેના માટે રૂ. ૧૩.૬૪ કરોડ નો ખર્ચ કરવામાં આવ્યો છે.

વર્તમાન માં પ્લેટફોર્મ ૧ ને પ્લેટફોર્મ ૨ અને ૩ સાથે જોડતો એક ફૂટ ઓવર બ્રિજ (એફઓબી) છે. આ એફઓબી નો વિસ્તાર કરી ને તેને પ્લેટફોર્મ ૪ અને ૫ સાથે જોડવામાં આવ્યો છે. નગર નો પ્રમુખ ભાગ સ્ટેશન બિલ્ડિંગ બી એક તરફ સ્થિત છે, જ્યારે બીજી તરફ માત્ર ખેતરો છે.

**સામાખ્યાલી રેલવ સ્ટેશન પર પ્રસ્તાવિત સુવિધાઓ :**

સર્ક્યુલેટિંગ એરિયા નો વિકાસ : મુસાફરો અને વાહનો ની સરળ અવર જવર સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન પરિસર માં સ્થાન અને સ્ટ્રક્ચર નો વિકાસ કરવામાં આવી રહ્યો છે. સર્ક્યુલેટિંગ એરિયા ને ૧૦૮૪ વર્ગમીટર થી વધારીને ૩૨૦૦ વર્ગમીટર કરવામાં આવ્યો છે.

મુખ્ય બિલ્ડિંગ ના અગ્રભાગ ની સુંદરતા : સામાખ્યાલીના વિકાશસીલ સ્વરૂપ ને દર્શાવતા સ્ટેશન ના અગ્રભાગ ને વિરાસત અને તેને આધુનિક ડિજાઈન ની સાથે જોડીને આકર્ષક બનાવવામાં આવી રહ્યું છે. સામેના ભાગ માં ઈંટ ની પરત (બ્રિક કલૈડિંગ) અને આધુનિક જીએફઆરસી (GFRC) નો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પાર્કિંગ સુવિધા નો વિકાસ : સર્ક્યુલેટિંગ એરિયાની ભીડ ને ઓછી કરવા અને મુસાફરો ને તેમના વાહન પાર્ક કરવાની સુવિધા આપવા માટે દિવ્યાંગજન, ટૂ વ્હીલર અને ફોર વ્હીલર વાહનો માટે પાર્કિંગ અરિયા નો વિકાસ કરવામાં આવ્યો છે.

પ્લેટફોર્મ પર શેડ નુ નિર્માણ : ગરમી માં સૂર્યપ્રકાશ અને વરસાદ ની ઋતુ માં યાત્રીઓ ને રાહત આપવા માટે પ્લેટફોર્મ પર કવર શેડ બનાવવામાં આવ્યા છે. કુલ ૪૯૦૮ વર્ગમીટર અરિયા માં નવા બનાવવામાં આવ્યા છે અને ૧૦૦૭ વર્ગમીટર જૂના શેડ નું નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેથી મુસાફરો ને ગરમી માં વધુ સૂર્યપ્રકાશ થી અને વરસાદમાં પલળવાથી રાહત મળશે

પ્રવેશદ્વાર : સ્ટેશન ને આકર્ષક અને ઓળખ યોગ્ય સ્વરૂપ આપવા માટે આધુનિક ડિજાઈન થી યુક્ત એક પ્રવેશદ્વાર નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

મોડ્યૂલર શૌચાલય : દરેક મુસાફરો માટે સ્વચ્છતા,સફાઈ અને સુવિધા ને ધ્યાન માં રાખીને આધુનિક શૌચાલય પરિસર વિકસિત કરવામાં આવી રહ્યું છે, જેમાં પુરુષ, મહિલા, અને દિવ્યાંગજન માટે અલગ-અલગ શૌચાલય એક જ પરિસર માં ઉપલબ્ધ રહેશે.

**ફૂટઓવર બ્રિજ :**

વર્તમાન ફૂટ ઓવરબ્રિજ ને પ્લેટફોર્મ ૪ અને ૫ સુધી વધારવામાં આવ્યો છે જેનાથી બધા પ્લેટ્ફોર્મ્સ સુધી પહોંચવું સરળ થઈ શકે .

ફૂડ પ્લાઝા : મુસાફરો માટે ફૂડ પ્લાઝા ની સુવિધા આપવા માટે એક વિશેષ સ્થાન વિકસિત કરવામાં આવ્યું છે

દિવ્યાંગજન માટે પ્રવેશ સુવિધા : દિવ્યાંગજનો ની સુવિધાને ધ્યાન માં રાખીને ગાઈડિંગ અને વોર્નિંગ ટાઈલ્સ, રેમ્પ,હેંન્ડ રેલ્સ અને દિવ્યાંગજન અનુકૂળ શૌચાલય ની વ્યવસ્થા કરવામાં આવી છે

સાઈનેજમાં સુધારા : સ્ટેશન પરિસર માં મુસાફરો ને સરળતા થી માર્ગદર્શન મળી શકે, તે માટે નવીનતમ માર્ગદર્શન મુજબ સાઈનેજ ને વધુ સારા અને સ્પષ્ટ બનાવવામાં આવ્યા છે, જે સ્ટેશન ના બધા ભાગો ને કવર કરે છે

સ્થાનીય કલાકૃતિ નો ઉપયોગ : સ્ટેશન બિલ્ડિંગ ના પ્લેટફોર્મ સઈડ પર માટી કલાં (મડ –આર્ટ) ના માધ્યમ થી સ્થાનીય વાસ્તુકલા અને સાંસ્કૃતિક ઓળખ ને દર્શાવવાં માં આવ્યું છે.

# તિરંગાના રંગે રંગાયું હિંમતનગર



। સાબરકાંઠા, તા.૨૧ ।

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરમાં ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે સુશ્રી કૌશલ્યા કુંવરબા પરમાર તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતું. આ યાત્રા નલિન કાન્ત ગાંધી ટાઉન હોલથી નીકળી વિવિધ વિસ્તારો ફરી ટાવર રોડ સુધી યોજાઈ હતી. આ યાત્રામાં મહિલાઓએ લાલ સાડી, સિંદૂર અને દીપક દ્વારા સૈન્યની શૌર્યતા બિરદાવી હતી. શૌર્યવાન અને પરાક્રમી ભારતીય સેના દ્વારા પાકિસ્તાન પર કરાયેલી કાર્યવાહીને બિરદાવવા, ઓપરેશન સિંદૂરની સફળતાના ભાગરૂપે યોજાયેલી આ તિરંગા યાત્રામાં દેશભક્તિનો માહોલ ઠેર ઠેર જોવા મળ્યો હતો.

આ તિરંગા યાત્રામાં નગર પાલિકા પ્રમુખશ્રી વિમલભાઈ ઉપાધ્યાય, મહિલા અગ્રણી નીલાબેન પટેલ, કાજલબેન દોશી, નિર્મલાબેન પંચાલ, અગ્રણી શ્રી મહેન્દ્રસિંહ રહેવર સહિત વિવિધ સંગઠનની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# પાવરગ્રીડ વડોદરા દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા રેલી યોજાઈ



। વડોદરા, તા.૨૧ ।

પાવરગ્રીડ, પશ્ચિમ ક્ષેત્ર-II, પ્રાદેશિક મુખ્યાલય વડોદરા ખાતે તા.૧૬ મે થી ૩૧ મે ૨૦૨૫ દરમિયાન સ્વચ્છતા પખવાડિયાની - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે સ્વચ્છતા જાગૃતિ અભિયાન હેઠળ સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વચ્છતા, સ્વચ્છતાનું મહત્વ અને પોતાની આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવાની જવાબદારી વિશે જાગૃતિ ફેલાવી હતી.આ રેલી મુખ્ય ઓફિસથી શરૂ થઈ હતી અને મહત્તમ લોકો સુધી પહોંચવા માટે આયોજિત રૂટ દ્વારા આસપાસના વિસ્તારોમાં ફરી હતી. બેનરો અને સંદેશાઓ દ્વારા સહભાગીઓએ પર્યાવરણ અને સ્વચ્છતાના રક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ, સેમિનાર અને સ્વચ્છતા અને ટકાઉ ટેવોને પ્રોત્સાહન આપ તા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં પાવરગ્રીડના શ્રી એસ.કે. સિંઘ, ચીફ જનરલ મેનેજર (AM), શ્રી એસ.કે. દાસ, સિનિયર જનરલ મેનેજર (સી એન્ડ એમ), શ્રી એસ. ડી.સી.એસ. રાવ, સિનિયર જનરલ મેનેજર (PESM), શ્રી વિનીત કુમાર, જનરલ મેનેજર (વિજિલન્સ) સહભાગી થયા હતા. પાવરગ્રીડના ઘણા અન્ય કર્મચારીઓએ પણ આ રેલીમાં ભાગ લઈ સ્વચ્છતા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# બોટાદ જિલ્લામાં ફુડ પોઈઝનિંગથી થતાં પશુ મરણ અટકાવવા જિલ્લા પશુપાલન અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન અપાયું

। બોટાદ, તા.૨૧ ।

ફૂડ પોઈઝનીંગથી થતાં પશુ મરણ અટકાવવા માટે બોટાદ જિલ્લા પશુપાલન અધિકારીશ્રી દ્વારા માર્ગદર્શન અપાયું છે. ઘાસચારો એ પશુઓનો કુદરતી અને પોષણક્ષમ આહાર છે.

જેથી પશુઓને નિરવવામાં આવતો ઘાસચારો નુકસાનકારક તત્વો રહિત, જંતુનાશક દવાઓનાં છંટકાવ રહિત અને ફૂગવાળો કે બટાયેલો ન હોય તેની કાળજી પશુપાલકોએ રાખવી જોઈએ. પશુઓને જુવાર, મકાઈ, રજકો, બાજરી, ડાંગરનું પરાળ, દિવેલા - એરંડા, કોબીજ અને ફલાવરના પાન, બટાઈ ગયેલો ઘાસચારો તેમજ જંતુનાશક દવાઓ છાંટેલા પાકો પશુઓને ન ખવડાવવા પશુપાલન વિભાગે તાકીદ કરી છે. નિંઘલ્યા પહેલાની જુવાર, કુમળી અવસ્થામાં કાપીને નિરવવામાં આવેલ જુવારમાં સાયનાઈટ વધુ પ્રમાણમાં હોય છે. સામાન્ય રીતે આ ઝેરની તીવ્ર અસર હોય ત્યારે પશુ ૧૫ થી ૨૦ મિનિટમાં મૃત્યુ પામે છે.

### વહીવટી અધિકારીઓ તેમજ ભાજપ આગેવાનો સાથે મીટીંગ યોજાઈ

# ઝાલોદ પ્રાંત કચેરી ખાતે દાહોદ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને વડાપ્રધાન મોદીની જાહેરસભાને લઈ મીટિંગ યોજાઈ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

આગામી તારીખ ૨૬-૦૫-૨૦૨૫ સોમવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯૦૦૦ હોર્સ પાવરના એન્જિનનુ લોકાર્પણ કરવા આવનાર છે ત્યારબાદ દાહોદ જિલ્લાના ડોકી મુકામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભા પણ યોજાવાની છે તેના સુચારુ આયોજન અંગે એક બેઠક દાહોદ જિલ્લા કલેક્ટર યોગેશ નીરગુડે દ્વારા ઝાલોદ પ્રાંત કચેરી ખાતે યોજવામાં આવી હતી. આ મીટીંગમાં ઝાલોદ પ્રાંત અધિકારી અજય ભાટીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર તેમજ તાલુકા કક્ષાના તમામ વહીવટી અધિકારીઓ અને ઝાલોદ ભાજપનુ પ્રતિનિધિ મંડળ આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં આવનાર તમામ લોકો માટે યોગ્ય વાહન વ્યવહાર વ્યવસ્થા, પાણીની વ્યવસ્થા, ફૂડ પેકેટની વ્યવસ્થા, છાશ, પાણી તેમજ આવશ્યક દવા, ઓઆરએસ જેવી વ્યવસ્થાની ચકાસણી અંગે મીટિંગ યોજાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભામાં કોઈ પણ જાતની અવ્યવસ્થા ન સર્જાય તેમજ વાહન પાર્કિંગ જે તે ફાળવેલ વિસ્તારમાં કરવું અને બેઠક વ્યવસ્થા જ્યાં જે તાલુકાની આપવામાં આવેલ હોય ત્યાં જ બેસવું તેમજ સભાને લઈ સુચારુ વ્યવસ્થાને અનુરૂપ દરેક લોકો વ્યવસ્થાના ભાગ રૂપે વહીવટી તંત્રને પૂર્ણ સહયોગ આપે તેમ દાહોદ જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે એ કહ્યું હતું.

# ચાર વર્ષ પછી સ્પર્ધાત્મક સ્વિમિંગમાં વાપસી કરનારી ઈશ્વા દેસાઈએ ગોવામાં ૨ કિમી ઓપન સી સ્વિમિંગમાં સિલ્વર મેડલ જીત્યો



। વડોદરા, તા.૨૧ ।

પ્રતિભાશાળી તરવૈયા અને ન્યુટ્રીશનિસ્ટ ઈશ્વા દેસાઈ ચાર વર્ષના વિરામ પછી સ્પર્ધાત્મક સ્વિમિંગમાં તેમના નોંધપાત્ર પુનરાગમન સાથે ઝળહળીયા છે. તેણીએ ગોવામાં ૨ કિલોમીટર ઓપન સી સ્વિમિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ જીટી અને એક શક્તિશાળી નિવેદન આપ્યું કે સાચો જુસ્સો ક્યારેય ઓછો થતો નથી. સાત વર્ષની નાની ઉંમરે સ્વિમિંગ શરૂ કરનાર ઈશ્વા માટે પાણી કોઈ અજાણી જગ્યા નહોતી. વડોદરામાં જન્મેલી અને ઊછરેલી, ઈશ્વાને આ મુસાફરી માટે પ્રેરણા મળી હતી તેના કાકી અર્ચના દેસાઈ પાસેથી, જે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્વિમિંગ કોચ હતાં. તેના કાકા આનંદ દેસાઈ દરરોજ વહેલી સવારે ૩:૩૦ વાગ્યે જાગીને તેને પ્રેક્ટિસ માટે લઈ જતાં – જેથી તે ક્યારેય એકલી ન પડે. પરિવારનો આ અભૂતપૂર્વ ટેકો અને સમજ તેના જીવનભરના આધાર બની રહ્યા. તેના માતાપિતા, પ્રેરક અને હેના દેસાઈ, જેમણે તેને મુશ્કેલીઓ છતાં તેના સપનાઓને અનુસરવા માટે સતત પ્રેરણા આપી, તેમના સમર્થનથી, ઈશ્વાએ બાર વર્ષની ઉંમરે રાજ્ય સ્તરે સ્પર્ધા કરીને ઝડપથી પોતાનું સ્થાન બનાવ્યું.

જેમ જેમ તાલીમ વધી તેમ ઈશ્વાની મહેનત રંગ લાવતી ગઈ. માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેમણે રાજ્યસ્તરે પોતાનું સ્થાન બનાવ્યું. ત્યારબાદ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના માર્ગદર્શન હેઠળ અને પછી સેન્ટર ઓફ એક્સલન્સમાં તાલીમ લઈ, તેમણે એક સ્પર્ધક તરીકે પોતાની ઓળખ બનાવવી શરૂ કરી. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના કોચના નિષ્ણાત માર્ગદર્શન હેઠળ તાલીમ પામેલી અને પછી સેન્ટર ઓફ એક્સેલન્સ એથ્લીટ બની, ઈશ્વાની સ્વિમિંગ યાત્રા આરોગ્ય અને તંદુરસ્તીની વધતી જતી સમજ સાથે ઊંડે સુધી જોડાયેલી હતી. દસમા ધોરણમાં તેના પિતાના અચાનક મૃત્યુથી તેણીને ખ્યાલ આવ્યો કે રમતવીરો માટે પોષણ કેટલું મહત્વપૂર્ણ છે, આ મૂલ્ય તેના કાકી અંજુ દ્વારા મજબૂત બન્યું, જેમણે પરિવારની પોષણ જરૂરિયાતોનું ખંતપૂર્વક ધ્યાન રાખ્યું. મજબૂત શૈક્ષણિક પાયો બનાવવા માટે કટિબદ્ધ, ઈશ્વાએ MSU વડોદરા ખાતે સ્નાતકની ડિગ્રી મેળવી અને સિમ્બાયોસિસ, પુણેમાં થી પોષણ અને ડાયાબિટીસમાં M.Sc. મેળવ્યું. તેણીના માસ્ટર્સ દરમિયાન, તેણીએ તેણીનો પ્રથમ મુખ્ય શૈક્ષણિક સીમાચિહ્ન પણ પ્રાપ્ત કર્યો - પ્રતિષ્ઠિત ઈન્ડિયન જર્નલ ઓફ કોમ્યુનિટી મેડિસિન (સ્કોપસ-ઈન્ડેક્સ્ડ, પીઅર-સમીક્ષા કરેલ જર્નલ) માં એક સંશોધન પ્રકાશન. "પુણે શહેરના આઈટી સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓમાં જીવનશૈલી સંબંધિત નિર્ણાયકોનું મૂલ્યાંકન" શીર્ષક ધરાવતો તેમનો અભ્યાસ ડૉ. આરતી મુલે અને શ્રીમતી અનુ મહાગનના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો. પોતાની સ્વિમિંગ યાત્રા ઉપરાંત, ઈશ્વાએ અન્ય લોકોને તેમના સ્વાસ્થ્યને ફરીથી પ્રાપ્ત કરવામાં મદદ કરીને એક સમૃદ્ધ કારકિર્દી બનાવી. તેણીના ગ્રાહકોમાં ડાયાબિટીસ, PCOS અને કોલેસ્ટ્રોલની સમસ્યાઓ જેવા જીવનશૈલી સંબંધિત રોગોને ઉલટાવી દેવામાં તેણી ૧૦૦% સફળતાનો ગુણોત્તર ધરાવે છે - જે તેણીના વૈજ્ઞાનિક અભિગમ, સમર્પણ અને વ્યક્તિગત સંભાળનો પુરાવો છે.

ઈશ્વાએ જણાવ્યું કે, "મારા સ્વિમિંગના શરૂઆતના દિવસોમાં, મેં રમતવીરો માટે યોગ્ય પોષણ સહાયનો અભાવ જોયો, ખાસ કરીને તાલીમ પછી. આ અનુભૂતિએ મને પોષણ વિજ્ઞાનમાં વધુ ઊંડા ઉતરવા માટે પ્રેરિત કર્યું. મેં વિરામ લેવાનું નક્કી કર્યું, વ્યાપક અભ્યાસ કર્યો અને રમતવીરોને તેમની આંતરિક શક્તિ અને પ્રદર્શન વધારવામાં મદદ કરવા માટે પોષણશાસ્ત્રી બની." જોકે, પાણીનો અવાજ ક્યારેય તેના હૃદયમાંથી બહાર નીકળ્યો નહીં. તેના દાદા-દાદી, દેવક અને માયા દેસાઈ, જેઓ દીકરીઓને ઉડવા માટે પાંખો આપવામાં માનતા હતા, અને તેની નાની બહેનો - ત્રિશા, આયુષી અને ફલક - જે તેના સૌથી મોટા ચીયરલીડર્સ અને સતત શક્તિના આધારસ્તંભ રહી છે, તેમના પ્રોત્સાહનથી, ઈશ્વાએ સ્પર્ધાત્મક સ્વિમિંગમાં પાછા ફરવાનો હિંમતવાન નિર્ણય લીધો. તેના કોચ, વિવેક સરની દેખરેખ હેઠળ તેણીની તાલીમ ફરી શરૂ કરીને, જેમણે ખાતરી કરી કે તેણી શિસ્તબદ્ધ રહે અને ક્યારેય એક પણ સત્ર ચૂકી ન જાય, ઈશ્વાએ શારીરિક સહનશક્તિ અને માનસિક શક્તિ બંનેને ફરીથી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને એક શક્તિશાળી પુનરાગમન વ્યૂહરચના બનાવી. તેણીની સખત મહેનત અને દ્રઢતા પુનરાગમન પછીની તેની પહેલી જ સ્પર્ધામાં શાનદાર સિલ્વર મેડલ જીતમાં પરિણમી.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ વધ-ઘટ ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું. ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે-એના કરતાં તમારે મગજ શાંત રાખી તમારી લાગણીઓ તમારા પ્રેમી કે પ્રેમિકાને જણાવવી જોઈએ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કદાચ આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે. કાર્યક્ષેત્ર માં કોઈ પ્રતિસ્પર્ધી આજ તમારા વિરુદ્ધ ષડયંત્ર રચી શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.



**તુલા (ર,ત) :**

આજે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારી આંખો એટલી તેજસ્વી છે કે તમારા પ્રિયપાત્રની અંધકારમય રાતોને તે ઝળહળતી કરી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. આજે આંધળો પ્રેમ પ્રાપ્ત કરવાનું તમે શક્યા કરી દેખાડશો. નવા પ્રૉજેક્ટ અને ભવિષ્ય પર ધકેલી દો. વિદ્યાર્થીઓ ને સલાહ આપવા માં આવે છે કે મિત્રતા ના મામલે આ કિંમતી ક્ષણો બગાડે નહીં.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

## 'હાર્ટ લેમ્પ' એ ઈન્ટર નેશનલ બુકર પ્રાઈઝ જીતી ઈતિહાસ રચ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય લેખિકા, વકીલ અને એક્ટિવિસ્ટ બાનુ મુશ્તાકે તેમના પુસ્તક હાર્ટ લેમ્પ માટે ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ જીતી ઈતિહાસ રચી દીધો છે. હાર્ટ લેમ્પ કન્નડ ભાષામાં લખાયેલ પ્રથમ પુસ્તક છે જેને બુકર પ્રાઈઝ એવોર્ડથી સન્માનિત કરાયું છે. દીપા ભષ્ટીએ આ પુસ્તકનું અંગ્રેજીમાં અનુવાદ કર્યું હતું. બુકર પ્રાઈઝ માટે હાર્ટ લેમ્પને દુનિયાભરમાંથી નોમિનેટ કરાયેલા ૬ પુસ્તકોમાંથી પસંદ કરવામાં આવ્યું છે. આ એવોર્ડ મેળવનાર હાર્ટ લેમ્પ એ પ્રથમ શોર્ટ સ્ટોરી કલેક્શન છે. દીપા ભષ્ઠી આ પુસ્તક માટે એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય અનુવાદક પણ બની ગયા છે.

### ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા માટે નિર્ણય

# મહિલાઓની સુરક્ષા માટે અધિકારીઓ નિયુક્ત કરવા રાજ્યોને સુપ્રીમનો આદેશ

### સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કોઇ મહિલા કાનૂની સહાય કે સલાહ માગે તો તેમને ઝડપથી મળવી જોઇએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



સુપ્રીમ કોર્ટે ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંગળવારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જિલ્લા અને તાલુકા સ્તરે મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓની ઓળખ કરવા અને તેમને સુરક્ષા અધિકારીઓ તરીકે નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ પ્રોટેક્શન ઓફિસરને ઘરેલુ હિંસાનો ભોગ બનેલા લોકોની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવાનું કામ સોંપવામાં આવશે. ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને સતીશ ચંદ્ર શર્માની બનેલી ખંડપીઠ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો તથા મહિલા અને બાળ/સમાજ કલ્યાણ વિભાગના સચિવોને ઘરેલુ હિંસા કાયદા હેઠળ અધિકારીઓને સુરક્ષા અધિકારીઓ તરીકે નિયુક્ત કરવા માટે સંકલન અને ખાતરી કરવાનો આદેશ આપ્યો હતો. તેઓ કાયદાની જોગવાઈઓ વિશે જાગૃતિ ફેલાવવા માટે મીડિયા દ્વારા વ્યાપક પ્રચાર કરીને કલમ ૧૧ હેઠળ તેમની ફરજો નિભાવવા માટે પણ પગલાં લેશે. તેઓ કાયદા હેઠળ સેવાઓનું અસરકારક સંકલન સુનિશ્ચિત કરવાની અને તેની જોગવાઈઓનો અમલ કરવાની ફરજ બજાવશે. સુરક્ષા અધિકારીઓ નિયુક્ત કરાયા નથી તેવા વિસ્તારોમાં આજથી છ સપ્તાહમાં આ કવાયત પૂર્ણ કરવાનો પણ કોર્ટે આદેશ જારી કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે રાજ્યોએ પીડિત મહિલાઓ માટે સર્વિસ પ્રોવાઈડર્સ, સહાય જૂથો અને આશ્રય ગૃહોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જોઈએ. રાજ્યોએ આ હેતુ માટે આશ્રયગૃહોની પણ ઓળખ કરવી જોઈએ. કાનૂની સેવા ઓથોરિટી એક્ટ હેઠળના અધિકાર પર ભાર મૂકીને ખંડપીઠે નેશનલ લીગલ સર્વિસના મેમ્બર સેક્રેટરીને આદેશ આપ્યો હતો કે તેઓ રાજ્ય લીગલ સર્વિસ ઓથોરિટીના તમામ મેમ્બર સેક્રેટરીઓને સૂચના આપે કે ઘરેલુ હિંસા ધારા હેઠળ મહિલાઓને નિશુલ્ક કાનૂની મદદ મળે છે તેની મહિલાઓમાં જાગૃતિ ફેલાવે. તેઓએ આ જોગવાઈઓનો પૂરતો પ્રચાર પણ કરવાનો રહેશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ મહિલા કાનૂની સહાય કે સલાહ માગે તો તેમને ઝડપથી મળવી જોઈએ. આ કાયદો દરેક મહિલાને મફત કાનૂની સહાય મેળવવાના અધિકારની ખાતરી આપે છે.

### વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં સભ્ય રાષ્ટ્રોની એગ્રીમેન્ટને સર્વાનુમતે મંજૂરી

## કોવિડ જેવી સ્થિતિના સામના માટે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક કરાર

। (એજન્સી) જીનીવા, તા.૨૧ ।

ભવિષ્યમાં રોગચાળાની સંભવિત સ્થિતિ સમયે વૈશ્વિક સહકાર મજબૂત બનાવવા અને ઝડપી પગલાં લેવાના હેતુથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા મંગળવારે ઐતિહાસિક નિર્ણય લેવાયો છે. WHOના સભ્ય રાષ્ટ્રોએ સર્વાનુમતે વિશ્વમાં પ્રથમ વખત પેન્ડેમિક એગ્રીમેન્ટને સ્વીકારવા સંમતિ દર્શાવી છે. કોવિડ-૧૯ના વૈશ્વિક પડકારો બાદ ત્રણ વર્ષની વાટાઘાટો પછી આ એગ્રીમેન્ટને આખરી ઓપ આપવામાં આવ્યો છે. WHOમાં મહત્ત્વના નિર્ણયો લેતી વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના સેશનમાં વિવિધ દેશોની સરકારોએ WHO પેન્ડેમિક એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. સોમવારે એગ્રીમેન્ટને મંજૂરી બાબતે મતદાન થયું હતું. જેમાં ૧૧ દેશો ગેરહાજર રહ્યા હતા અને હાજર રહેલા ૧૨૪ દેશોએ સર્વાનુમતે આ એગ્રીમેન્ટનો સ્વીકાર કર્યો હતો. ત્યારબાદ મંગળવારે એગ્રીમેન્ટની સત્તાવાર જાહેરાત થઈ હતી. WHOના ડાયરેક્ટર જનરલ ડૉ. એધાનોમ ઘેબ્રેયેસુસએ જણાવ્યું હતું કે, વિશ્વ આજે વધુ સલામત બન્યું છે અને તેનું શ્રેય સભ્ય રાષ્ટ્રોના નેતૃત્વ, સહકાર અને દૃઢ નિશ્ચયને મળે છે, જેના કારણે ઐતિહાસિક WHO પેન્ડેમિક એગ્રીમેન્ટનો સ્વીકાર થયો છે. તેમણે કહ્યુ હતું કે, તેનાથી ભવિષ્યમાં રોગચાળાના જોખમો સામે વિશ્વને વધારે સારી રીતે રક્ષણ આપી શકાશે.

## ટીમ ઈન્ડિયાના ગબ્બરએ ૬૯ કરોડમાં ખરીદ્યો એપાર્ટમેન્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પૂર્વ ભારતીય ક્રિકેટર શિખર ધવને ગુરુગ્રામમાં ડીએલએફના સુપર લક્ઝરી હાઉસિંગ પ્રોજેક્ટમાં ૬૯ કરોડ રૂપિયાનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. એક અહેવાલ પ્રમાણે ગત વર્ષે ઓગસ્ટમાં DLFએ હરિયાણાના ગુરુગ્રામમાં DLF ફેઝ ૫માં ૧૭ એકરનો હાઉસિંગ પ્રોજેક્ટ ધ દહલિયાસ શરૂ કર્યો હતો. જેમાં ૪૨૦ એપાર્ટમેન્ટ અને પેન્ટહાઉસ સામેલ છે. શિખર ધવનનો એપાર્ટમેન્ટ આનો જ હિસ્સો છે. ધવને ગુરુગ્રામના ગોલ્ફ કોર્સ રોડ પર DLFના નવીનતમ સુપર-લક્ઝરી પ્રોજેક્ટ ધ ડાહલિયાસમાં ૬,૦૪૦ ચોરસ ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે.

### ઈઝરાયલ કરતાં પણ મજબૂત હશે આ ડિફેન્સ સિસ્ટમ

## અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું 'ગોલ્ડન ડોમ' તૈયાર કરવાનું એલાન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।



અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે મહત્વકાંક્ષી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ગોલ્ડન ડોમ પ્રોજેક્ટની જાહેરાત કરી છે, જેની અંદાજિત કિંમત ૧૭૫ બિલિયન ડૉલર જણાવવામાં આવી રહી છે. ગોલ્ડન ડોમનો મુખ્ય હેતુ ચીન અને રશિયા જેવા દેશોથી ઉત્પન્ન થતાં જોખમથી અમેરિકાનું રક્ષણ કરવાનો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ડોમ ઈઝરાયલના આયર્ન ડોમથી અનેક ગણું મજબૂત હશે.વ્હાઈટ હાઉસથી બોલતી વખતે ટ્રમ્પે ખુલાસો કર્યો કે, તેમણે આ પ્રોજેક્ટ માટે અંતિમ ડિઝાઈનની પસંદગી કરી લીધી છે અને અમેરિકન સ્પેસ ફોર્સના જનરલ માઈકલ ગ્યૂટલિનને આ પહેલના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'અમે ગોલ્ડન ડોમ મિલાઈલ ડિફેન્સ શીલ્ડ વિશે ઐતિહાસિક જાહેરાત કરી રહ્યા છીએ. રોનાલ્ડ રીગન (૪૦માં અમેરિકન રાષ્ટ્ર પ્રમખ) તેને અનેક વર્ષો પહેલાં જ બનાવવા ઈચ્છતા હતાં. પરંતુ, તેમની પાસે ટેક્નોલોજી નહતી. જોકે, હવે આ જલ્દી જ આપણી પાસે હશે. અમે તેને ઉચ્ચતમ સ્તરે મૂકવા જઈ રહ્યા છે... ચૂંટણી પ્રચાર દરમિયાન મેં અમેરિકાના લોકોને વચન આપ્યું હતું કે, હું અમારા દેશને વિદેશી મિસાઈલના હુમલાના જોખમથી બચાવવા માટે અત્યાધુનિક મિસાઈલ ડિફેન્સ શીલ્ડ બનાવીશ અને અમે આજે પણ આ જ કરી રહ્યા છીએ...' ઓવલ ઓફિસમાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'ગોલ્ડન ડોમ આપણી માતૃભૂમિની રક્ષા કરશે. કેનેડાએ પણ આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રસ દાખવ્યો છે. જોકે, કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના કાર્યાલય તરફથી આ સંબંધિત કોઈ ટિપ્પણી કરવામાં નથી આવી.'ગોલ્ડન ડોમ પાસેથી આશા કરવામાં આવે છે કે, તે આવનારી મિસાઈલ વિશે જાણકારી મેળવશે, ટ્રેક કરશે અને સંભવિત રૂપેતેને રોકવા માટે સેંકડો ઉપગ્રહો પર નિર્ભર રહેશે. આ આખી સિસ્ટમ ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત છે, પરંતુ ટ્રમ્પની આ એક મોટી યોજના છે.

### કામ વકીલ નથી કરવા ઇચ્છતા, દોષ અમારા ઉપર આવે છે

। નવી દિલ્હી, તા.૨૧ ।

સુપ્રીપ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ૧૪ મેના રોજ શપથ લેનારા જસ્ટિસ બી આર ગવઈએ બુધવારે સુપ્રીમ કોર્ટના પેન્ડિંગ કેસો પર ચિંતા વ્યક્ત કરતાં વકીલો પર ગંભીર આરોપ લગાવ્યા હતા. પરંતુ પેન્ડિંગ કેસો માટે કોર્ટને દોષિત માનવામાં આવે છે. તમને જણાવી દઈએ કે, ન્યાયાધીશ બી આર ગવઈ અને જસ્ટિસ ઓગસ્ટીન જોર્જ મસીહની પીઠે ત્યારે ભડકી ઉઠી, જ્યારે એક વકીલે ઉનાળાના વેકેશન પછી અરજીની યાદી બનાવવા માટે અપીલ કરી હતી. આ દરમિયાન CJI ગવઈએ કહ્યું, પાંચ જજોની રજાઓ દરમિયાન બેસી રહ્યા છે અને કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

### US આતંકી સોંપી શકતું હોય તો

## પાકે.પણ હાફિઝ-લખવીનું પ્રત્યાર્પણ કરવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



અમેરિકાએ ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ પૈકીનો એક તહવ્વુર હુસૈન રાણા ભારતને સોંપી દીધો છે ત્યારે અમેરિકાની જેમ પાકિસ્તાને પણ હાફિઝ સઈદ, સજ્જાદ મીર અને ઝકીઉર રહેમાન લખવી જેવા મોટા આતંકવાદીઓનું પ્રત્યાર્પણ કરવું જોઈએ, તેમ ઈઝરાયેલ ખાતે ભારતના રાજદૂત જે પી સિંઘે જણાવ્યુ હતું. આતંકવાદને વૈશ્વિક સમસ્યા ગણાવતા સિંઘે આતંકવાદ વિરોધી વૈશ્વિક યુતિ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ઈઝરાયેલી ટીવી ચેનલ સાથે ઈન્ટરવ્યૂ દરમિયાન સિંઘે સ્પષ્ટપણે જણાવ્યુ હતું કે, પાકિસ્તાન સામે ભારતના 'ઓપરેશન સિંદૂર'ને અટકાવવામાં આવ્યું છે, તે હજુ પૂરું થયું નથી. ભારતનું આ ઓપરેશન પાકિસ્તાનમાં આતંકવાદી અડ્ડાઓ સામે હતું. ૨૨ એપ્રિલે પહેલગામ ખાતે હુમલા અંગે તેમણે કહ્યુ હતું કે, આતંકવાદીઓએ લોકોને ધર્મ પૂછીને ૨૬ નિર્દોષોની કતલ કરી હતી. ભારતે આતંકવાદી જૂથો અને તેમના માળખા સામે ઓપરેશન હાથ ધર્યુ હતું, પરંતુ પાકિસ્તાને જવાબમાં ભારતીય સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હતા. પાકિસ્તાનના ઈશારે ભારતમાં થયેલા આતંકવાદી હુમલાઓની લાંબી યાદી સંદર્ભે સિંઘે કહ્યુ હતું હતું કે, આતંકવાદના મૂળ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા છે. લશ્કર-એ-તૈયબાનો વડો મુંબઈ હુમલાનો માસ્ટર માઈન્ડ છે અને તે ખુલ્લેઆમ ફરી રહ્યો છે. આ હુમલામાં અનેક યહૂદી પણ મર્યા હતા. અમેરિકાએ તાજેતરમાં મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ રાણાનું પ્રત્યાર્પણ કર્યુ છે. મિત્રતાની શરૂઆત કરવી હોય તો પાકિસ્તાને પણ અમેરિકાની જેમ આ આતંકવાદીઓ ભારતને સોંપી દેવા જોઈએ. જો અમેરિકા આતંકવાદીઓનું પ્રત્યાર્પણ કરી શકતું હોય તો પછી પાકિસ્તાન શા માટે હાફિઝ સઈદ, લખવી, સજ્જાદ મીર જેવા આતંકવાદીઓ સોંપી શકતું નથી? તેવો સવાલ કરીને સિંઘે સ્પષ્ટતા કરી હતી કે, બંને દેશ વચ્ચે શસ્ત્ર વિરામ માટે થયેલી સમજૂતીથી આ મુદ્દો પૂરો થઈ જતો નથી. 'ઓપરેશન સિંદૂર' માત્ર અટકાવવામાં આવ્યું છે, તે હજુ પૂરું થયું નથી.

## ૫૦થી વધુ ટેક્સી ચાલકોની હત્યા કરી મગરને ખવડાવી દીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ટેક્સી ચાલકોની હત્યા કરી મગરોને ખવડાવનારા સીરિયલ કિલર આયુર્વેદિક ડૉક્ટરની ધરપકડ કરી છે. ગુનાઈત જગતમાં તેને 'ડૉક્ટર ડેથ'ના નામે ઓળખવામાં આવે છે. પોલાસીના હાથે ચઢેલા આરોપી દેવેન્દ્ર શર્મા પર હત્યા સિવાય કિડની રેકેટમાં પણ સામેલ હોવાનો આરોપ છે. આરોપો અનુસાર, તેણે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ૫૦થી વધુ ટેક્સી ચાલકોની હત્યા સિવાય ૧૯૯૪થી ૨૦૦૪ વચ્ચે ગેરકાયદે રૂપે ૧૨૫થી વધુ કિડની ટ્રાન્સપ્લાંટ કરવાનો પણ આરોપ છે. દેવેન્દ્ર શર્મા પેરાલ લઈને ફરાર થયા બાદ રાજસ્થાનના દૌસાના એક આશ્રમમાં પુજારી બનીને રહેતો હતો.

### અદાણી વિવાદમાં કોંગ્રેસના પ્રહાર

## ભારતનું સૌથી મોટું કૌભાંડ છુપાવવા સરકારના પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



અદાણી જૂથ દ્વારા ભારતનું સૌથી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યુ હતું કે, ડબલ એન્જિનની મોદાણી કથા હજુ ચાલુ જ છે. સેબી (સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) દ્વારા અદાણી જૂથના શેર ધરાવનાર બે ઓફશોર ફંડ્સને દંડ સાથે નોટિસ અપાઈ છે. મોરેશિયસ સ્થિત આ બંને ફંડ્સ મારફતે અદાણી જૂથ દ્વારા પોતાની જ કંપનીઓમાં બેનામી રોકાણ થઈ રહ્યું છે. સેબી અથવા અદાણી ગ્રુપ દ્વારા જયરામ રમેશના આક્ષેપો અંગે કોઈ ખુલાસો થયો નથી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું હતું કે, સેબીએ મોરેશિયસ સ્થિત ઈલારા કેપિટલ સંચાલિત બે ઓફશોર ફંડ્સ (ઈલારા ઈન્ડિયા અપોર્ચ્યુનિટીસ ફંડ અને વેસ્પારા ફંડ) પાસે શેર હોલ્ડિંગ માહિતી માગી છે. માહિતી ન અપાય તો દંડ સાથે લાઈસન્સ રદ કરવાની નોટિસ સેબી દ્વારા અપાઈ છે. એક્સ પ્લેટફોર્મ પર રમેશે પોસ્ટમાં જણાવ્યું હતું કે, અદાણીના બેનામી રોકાણો માટે આ બે ફંડનો ઉપયોગ થતો હતો. અદાણીએ પોતાની જ કંપનીમાં રોકાણ માટે ઓફશોર ફંડ ઊભા કરી સેબીના નિયમોનો ભંગ કર્યો છે.

### માત્ર ૨૭૫માં જંગલ સફરનો આનંદ

## દેશની પહેલી 'વિસ્ટાડોમ જંગલ સફારી' ટ્રેનની ઉ. પ્રદેશમાં શરૂઆત

। (એજન્સી) ઉત્તરપ્રદેશ, તા.૨૧ ।

ઉત્તરપ્રદેશમાં ઈકો-ટુરિઝમ અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે વિસ્ટાડોમ ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. આ વિશેષ ટ્રેન દુધવા રાષ્ટ્રીય ઉદ્યાન, કતર્નિયાઘાટ અને કિશનપુર એમ ત્રણ અભયારણ્યને જોડે છે. આ સાથે જ ઉત્તર પ્રદેશ દેશનું પહેલું એવું રાજ્ય છે જ્યાં 'વિસ્ટાડોમ જંગલ સફારી'ની સુવિધા શરૂ કરાઈ હોય. આ ટ્રેનમાં બેસીને પ્રવાસીઓ જંગલ સફારીનો રોમાંચક અનુભવ લઈ શકશે. હાલ આ સેવા ફક્ત શનિ અને રવિવારે જ ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં તે અઠવાડિયાના સાતેય દિવસો માટે શરૂ કરાશે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા 'વન ડેસ્ટિનેશન, થ્રી ફોરેસ્ટ' યોજના હેઠળ ત્રણ અભયારણ્ય - દુધવા રાષ્ટ્રીય ઉદ્યાન, કતર્નિયાઘાટ અને કિશનપુર વન્યજીવન અભયારણ્યને જોડી દેવાયા છે. વિસ્ટાડોમ જંગલ સફારી ટ્રેન એ જ હેતુથી શરૂ કરાઈ છે. તેનાથી પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વધશે. આ ટ્રેન-સેવા હોમ સ્ટે માલિકો, રિસોર્ટ સંચાલકો અને ટ્રાવેલ એજન્ટોની ભાગીદારીથી સ્થાનિક અર્થતંત્રને સશક્ત બનાવશે. આ ટ્રેનના માધ્યમથી કુદરતી સંસાધનો અને જૈવ વૈવિધ્યના સંરક્ષણનો સંદેશ પણ ફેલાવવામાં આવશે. આ ટ્રેનનું નામ 'બિચિયા ટુ મૈલાની ટુરિસ્ટ પેસેન્જર ટ્રેન' (નં. ૫૨૨૫૯) રાખવામાં આવ્યું છે. તે બહરાઈચના બિચિયા સ્ટેશનથી સવારે ૧૧:૪૫ વાગ્યે ઉપડે છે અને વિવિધ સ્ટેશનોમાંથી પસાર થઈને લખીમપુર ખેરીના મૈલાની સ્ટેશન પર સાંજે ૪:૧૦ વાગ્યે પહોંચે છે. પરત ફરતી વખતની આ ટ્રેન 'મૈલાની ટુ બિચિયા ટુરિસ્ટ પેસેન્જર ટ્રેન' (નં. ૫૨૨૬૦) તરીકે ઓળખાશે, જે સવારે ૬:૦૫ વાગ્યે માલાણીથી ઉપડે છે અને સવારે ૧૦:૩૦ વાગ્યે બિછિયા સ્ટેશન પહોંચે છે. વિસ્ટાડોમ કોચ એક ખાસ પ્રકારનો ટ્રેન કોચ છે, જેમાં સામાન્ય કોચમાં હોય એના કરતાં ઘણી મોટી બારી હોય છે, જેથી મુસાફરો બહારનો નજારો વધુ સારી રીતે જોઈ શકે. ઘણાં વિસ્ટાડોમ કોચમાં છતમાં પણ કાચ હોય છે. કેટલાક વિસ્ટાડોમ કોચમાં સીટ પણ ૧૮૦ ડિગ્રી સુધી ફેરવી શકાય એવી હોય છે, જેનાથી મુસાફરો પોતાની સીટ ફેરવીને ઈચ્છે તે દિશામાં જોઈ શકે છે. વિસ્ટાડોમ કોચમાં મુસાફરી કરવી એ એક અદ્ભુત અનુભવ બની જાય છે. ભારતમાં 'અમદાવાદ-કેવડિયા એક્સપ્રેસ', 'યશવંતપુર-મેંગલોર એક્સપ્રેસ', 'ગુવાહાટી-બદરપુર એક્સપ્રેસ' જેવી અનેક ટ્રેનોમાં વિસ્ટાડોમ કોચની સુવિધા ઉપલબ્ધ છે. ૧૦૭ કિલોમીટર લાંબી આ જંગલ મુસાફરીમાં પ્રવાસીઓ કુદરતી દૃશ્યો, જૈવવિવિધતા અને વન્યજીવનનો નજીકથી અનુભવ કરી શકશે. ૪ કલાક અને ૨૫ મિનિટ લાંબી આ યાત્રા કરવા માટેનો ટિકિટ દર રૂ. ૨૭૫ રૂપિયા રખાયો છે. પ્રવાસીઓને ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌથી કતર્નિયાઘાટ સુધી લઈ જવા માટે એક પેકેજ પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

જેમાં પ્રવાસીઓને ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. દેશમાં ચોમાસું શરૂ થવાની ઘડીઓ ગણાઈ રહી છે એવામાં આ ટ્રેન શરૂ કરાતાં જંગલ સફારીના શોખીનો આ પ્રયાસને વધાવી લેશે. એવું અનુમાન છે કે, ચોમાસામાં જંગલ વધુ હરિયાળું થઈ જતું હોવાથી એની સુંદરતા વધુ ખીલી ઊઠતી હોય છે. તેથી ચોમાસાના ચાર મહિના દરમિયાન આ ટ્રેન પ્રવાસીઓને મોટા પાયે આકર્ષિત કરશે. સ્કૂલના વિદ્યાર્થીઓ આ ટ્રેનમાં બેસીને જંગલ સફારીનો આનંદ લે એ માટે વિશેષ પ્રવાસનું આયોજન કરાઈ રહ્યું છે.

## વલસાડ જિલ્લાની તમામ આંગણવાડીઓમાં "પા પા પગલી" પ્રોજેક્ટ હેઠળ "બાલક- પાલક સર્જન" કાર્યક્રમની ઉજવણી







। (માહિતી) વલસાડ ।

સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત પ્રોજેકટ "પા પા પગલી" અન્વયે આંગણવાડી કક્ષાએ કરાવવામાં આવતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી માતા-પિતા, વાલી, જનસમુદાયને માહિતગાર કરવા અને પ્રચાર-પ્રસાર માટેનો એક પ્રયાસ છે.

આંગણવાડીમાં બાળકોનાં નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલા બાળકો આંગણવાડીમાં નિયમિત આવતાં થાય અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવી શાળા પ્રવેશ માટેની સજ્જતા કેળવે તે હેતુથી વાલીમિત્રોની ભાગીદારી વધારવા બાળકો અને વાલીઓ સાથે મળીને પ્રવૃતિઓ કરે તે માટે આંગણવાડીમાં આવતાં ૩ થી ૬ વર્ષનાં બાળકો અને વાલીઓ માટે તા. ૨૦-૫-૨૦૨૫ ના રોજ ત્રીજા મંગળવાર એટલે કે બાલદિવસની ઉજવણી સાથે આ કાર્યક્રમની પણ ઉજવણી કરવામાં આવી હતી.

આંગણવાડીમાં આગામી સમયમાં પ્રવેશ માટેની પાત્રતા ધરાવતાં એવાં ૨ થી ૩ વર્ષ સુધીનાં બાળકો અને વાલીઓ માટે તા.૨૧-૦૫-૨૫ નાં રોજ આંગણવાડી કક્ષાએ "બાલક-પાલક સર્જન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કાર્યરત એવાં બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓ, મુખ્યસેવિકા, વાલીમિત્રો, ગામનાં અગ્રણીઓ, સરપંચશ્રી અને નાના-નાના ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બાળકો સાથે વાલીઓ પણ વિવિધ પ્રવૃતિઓ જેવી કે, ચીટકકામ, રંગકામ, છાપકામ, ફાડકામ, જુદી-જુદી રમતો દ્વારા કાર્યક્રમમાં સહભાગી થયાં હતા. "બાલક-પાલક સર્જન" કાર્યક્રમમાં વાલીઓને આંગણવાડીમાં મળતા લાભો, બાળકોનો સર્વાંગી વિકાસ, થીમ મુજબની પ્રવૃત્તિ, મારી વિકાસયાત્રા, રમત ગમત ભાગ- ૧,૨, ઉંબરે આંગણવાડી સેટકોમ કાર્યક્રમ, ડિજિટલ કેલેન્ડર તેમજ બાળકોએ કરેલી પ્રવૃત્તિઓનું નિદર્શન, આંગણવાડી પ્રવેશોત્સવ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### કાર્યક્રમને લઈ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે

# ગુજરાતમાં પીએમ મોદીના કાર્યક્રમોમાં QR કોડ વિના પ્રવેશ મળશે નહિં

## સુરતમાં ભાજપના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને QR કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે

**। (એજન્સી) ગાંધીનગર, તા. ૨૧ ।**

આગામી દિવસોમાં ગુજરાતમાં વડાપ્રધાનનો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે, તેમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. આ કાર્યક્રમમાં હાજર રહેનારાઓને ઊઈ કોડ આપ વામાં આવી રહ્યાં છે. આ ઊઈ કોડ સ્કેન કરાયા બાદ જ કાર્યક્રમમાં એન્ટ્રી મળશે. સુરતમાં ભાજપ ના કોર્પોરેટરો, હોદ્દેદારો સાથે એન.જી.ઓ. જે હાજર રહેવાના હોય તેઓને ઊઈ કોડ માટેની પ્રક્રિયા થઈ રહી છે. વડાપ્રધાનના કાર્યક્રમમાં હાજર રહેનારાની ઊઈ કોડ બાદ જ એન્ટ્રીની વાત સુરતમાં ચર્ચાનો વિષય બની છે. ઓપરેશન સિંદૂર પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ગુજરાત મુલાકાત દરમિયાન અમદાવાદ, દાહોદ, ભૂજમાં કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. આ કાર્યક્રમમાં સુરત પાલિકાના ૫૦૦ કરોડથી વધુના પ્રકલ્પોના લોકાર્પણ અને ખાત મુર્હૂત કરવામાં આવશે. જેમાં ૧૫૦ કરોડના બાયોડાયવર્સીટી પાર્કનો સમાવેશ થાય છે. વડાપ્રધાનના આ કાર્યક્રમમાં સુરતથી ૧૪૦૦ લોકો જાય તેવો અંદાજ કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં ભાજપના કોર્પોરેટરો, શહેરના હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, માજી પ્રમુખ સાથે શહેરના એન.જી.ઓના સભ્યો, તબીબ અને સી.એ. જેવાને હાજર રાખવા માટે કવાયત શરૂ થઈ રહી છે.

### લોકોને થશે મોટો ફાયદો

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના હિતમાં મુખ્યમંત્રીનો મોટો નિર્ણય

**। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।**

રાજ્યમાં એક તરફ ભારે ગરમી પડી રહી છે તો કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વચ્ચે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે મુખ્યમંત્રીએ મોટો નિર્ણય લીધો છે. લોકોને પીવાના પાણી અને ખેડૂતોને ચિંસાઈનું પાણી મળે તે માટે નર્મદાનું પાણી ઉપયોગમાં લેવાનો આદેશ મુખ્યમંત્રીએ આપ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કિસાનો - અગ્રણીઓ દ્વારા કરાયેલી રજૂઆતોનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતા તેમણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ તા. ૩૦મી જુન ૨૦૨૫ સુધી નર્મદાનું ૩૦,૬૮૯ MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારો માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે.

નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈન મારફતે ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલથી આ પાણી પુરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે.

### વાહનચાલકો મુશ્કેલીમાં

# સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે પર ભયજનક તિરાડો પડી

## તિરાડોને કારણે વાહનચાલકો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

**। (એજન્સી) સોમનાથ, તા.૨૧ ।**

સોમનાથ અને ભાવનગરને જોડતો આ હાઈવે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. લાંબા સમયની રાહ જોયા બાદ આ હાઈવેનું નિર્માણ થયું અને મોટા ભાગની કામગીરી પૂર્ણ પણ થઈ ગઈ છે. નિર્માણને હજુ એક વર્ષ પણ પૂરું થયું નથી, ત્યાં અનેક જગ્યાએ ભયજનક તિરાડો પડી ગઈ છે. આ તિરાડોને કારણે વાહનચાલકો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સોમનાથ-ભાવનગર નેશનલ હાઈવે, જેનું નિર્માણ હજુ એક વર્ષ પણ પૂરું થયું નથી, ત્યાં તે પહેલા જ હાઈવે પર ઠેર ઠેર મોટી અને ભયજનક તિરાડો પડી ગઈ છે. આ તિરાડો એટલી મોટી છે કે નાના વાહનો અને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે તે જીવલેણ સાબિત થઈ રહી છે. વારંવાર નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે, જેના કારણે લોકોને ઈજાઓ પણ થઈ રહી છે. રાત્રિના સમયે તો પરિસ્થિતિ વધુ ભયાવહ બની જાય છે કારણ કે પ્રકાશના અભાવે આ તિરાડો સ્પષ્ટ દેખાતી નથી, અને વાહનચાલકો અચાનક ખાડામાં આવી જતા સંતુલન ગુમાવી દે છે. રાહદારીઓ એ જણાવ્યું હતું કે અમે રોજે અહીંથી પસાર થઈએ છીએ. રાત્રે તો દેખાતું પણ નથી. અચાનક ખાડો આવી જાય અને ગાડી ઉછળે. ઘણીવાર તો પડી પણ જઈએ છીએ. નવો રોડ બન્યો છે પણ ખરાબ હાલત છે.

# કોર્ટે આરોપી આચાર્યને ફટકારી ૧૦ વર્ષ સજા

**। (એજન્સી) દાહોદ, તા.૨૧ ।**

જિલ્લાના સિંગવડ તાલુકાના તોયણી ગામની પ્રાથમિક શાળામાંથી છ વર્ષની પહેલા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની લાશ મળી હતી. આ બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરીને તેની હત્યા શાળાના આચાર્ય ગોવિંદ નટે કરી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને દસ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. દાહોદમાં ૬ વર્ષની બાળકી સાથે બળાત્કારના પ્રયાસ બાદ તેની હત્યા કરવામાં આવી હતી. બળાત્કાર બાદ રાજ્યભરમાં ઘટના અંગે રોષ જોવા મળ્યો હતો. સરકાર પક્ષે ઘટનાના માત્ર ૧૨ દિવસમાં ગંભીરતા પૂર્વક ચાર્જશીટ દાખલ કરાઈ હતી. જેમાં ૧૫૦ સાક્ષી સહિતની બાબતોનો સમાવેશ કરી રાજ્ય સરકાર તરફથી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ૩૧ સાક્ષી સરકાર પક્ષે તપાસ્યા ઉપરાંત દસ્તાવેજી અને ઈલેક્ટ્રોનિક પુરાવા કોર્ટમાં રજૂ કરાયા હતા. આ કેસમાં માત્ર ૩૪ હિયરિંગમાં જ કેસની ટ્રાયલ પૂર્ણ થઈ હતી. સરકારે આ કેસમાં વિશેષ સરકારી વકીલ તરીકે અમિત નાયરની નિમણૂક કરી હતી. આ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે દસ વર્ષની સજા અને બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ તોયણી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં ધોરણ એકમાં અભ્યાસ કરતી છ વર્ષની માસૂમ બાળકીનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં તેની શાળામાંથી જ મળ્યો હતો. જે બાદ બાળકીના મૃતદેહનું પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં સામે આવ્યું હતું કે, તેનું મોઢું દબાવીને મારવામાં આવી છે. જેથી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ મામલે જિલ્લાની એલસીબી તેમજ અન્ય બ્રાન્ચો અને ડોગ સ્કવોડ દ્વારા પણ તપાસ હાથ ધરાઈ હતી. મૃતકની માતાએ પૂછપરછમાં જણાવ્યું હતું કે, ૧૯મી સપ્ટેમ્બરના રોજ તેમણે દીકરીને શાળાના આચાર્ય ગોવિંદ નટ સાથે તેમની કારમાં મોકલી હતી. જેથી પોલીસે આચાર્ય અને શાળાના શિક્ષકોની પણ પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન આચાર્યએ જણાવ્યું હતું કે, બાળકીને હું મારી કારમાં બેસાડીને શાળામાં લાવ્યો હતો પરંતુ ગાડીમાંથી ઉતરીને ક્યાં ગઈ તેની મને ખબર નથી. જે બાદ હું મારી રોજિંદા કામ કરવા લાગ્યો હતો. સાંજે શાળા છૂટ્યા બાદ હું મારા ઘેર જતો રહ્યો હતો. આચાર્યની વાત સાંભળીને પોલીસને તેની કડક પૂછપરછ કરી હતી. આચાર્યના મોબાઈલ ફોનનું ટેકનિકલ એનાલિસિસ પણ કરવામાં આવ્યું હતું. જેમાં અનેક ઘટસ્ફોટ થયા હતા. આચાર્યની કડક પૂછપરછ કરતા તેણે તમામ માહિતી જણાવી હતી. આચાર્યએ બાળકીની હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.પોલીસ સમક્ષ તેણે જણાવ્યું હતું કે, બાળકીને ગાડીમાં બેસાડ્યા બાદ તેની સાથે શારીરિક છેડછાડ કરી હતી.

# હું ભાગેડુ નથી : મંત્રી બચુ ખાબડેએ આપ્યું મોટું નિવેદન

## મંત્રી બચુ ખાબડે દાવો કર્યો કે હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું

**। (એજન્સી) દાહોદ, તા.૨૧ ।**

દાહોદ જિલ્લામાં ગરીબ મજૂરોને રોજગારી આપતી મનરેગા યોજનામાં ૧૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધુનો ભ્રષ્ટાચાર કરાનારા મંત્રીપુત્ર બળવંત ખાબડ અને કિરણ પટેલની ધરપકડ બાદ બચુ ખાબડ છેલ્લાં ઘણાં સમયથી સંપર્ક વિહોણ હતાં. જોકે, હવે આટલા સમય બાદ બચુ ખાબડનું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસ બદનામ કરવાનો પ્રયાસ કરતી હોવાનો મંત્રી બચુ ખાબડે દાવો કર્યો છે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું. બચુ ખાબડે કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે, 'કોંગ્રેસ પાસે કોઈ મુદ્દો નથી તેથી ખોટા આરોપો લગાવે છે અને મારા બંને પુત્રો નિર્દોષ છે. બંને દીકરાની માત્ર સપ્લાઈ એજન્સી છે અને તેઓ તપાસમાં સહકાર આપશે. હું કોઈ ભાગેડું ધારાસભ્ય કે મંત્રી નથી હું પ્રજાની વચ્ચે જ છું અને કામ કરી રહ્યો છું.' જોકે, તેમણે એવો પણ દાવો કર્યો કે, શ્રમિક કામ માટે અમારી એજન્સીને કોઈ કોન્ટ્રાક્ટ આપવામાં નહતો આવ્યો. આટલા દિવસોથી સંપર્કવિહોણા રહ્યા બાદ બચુભાઈ ખાબડે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'અત્યારે દાહોદ જિલ્લામાં મનરેગાને લઈને કોંગ્રેસ અમારા પર આક્ષેપો કરી રહી છે કે, બચુભાઈના પુત્રોએ એજન્સીના માધ્યમથી ભ્રષ્ટાચાર કર્યો છે અને આ બાબતે FIR પણ થઈ છે. જોકે, સત્ય બાબત હવે બહાર આવશે. મારા દીકરાઓ પર આક્ષેપ કરાયો છે પરંતુ, મેં તેમને સામેથી જ પોલીસ સામે હાજર કરી દીધા છે. અમે સરકારની મદદ કરી રહ્યા છીએ, જે તપાસ ચાલી રહી છે તેમાં પૂરતો સહયોગ પણ આપીએ છીએ.' કેબિનેટ બેઠકમાં ગેરહાજરીને લઈને બચુભાઈએ કહ્યું કે, 'દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૬મી તારીખે ગુજરાત આવી રહ્યા છે, તેથી હું આજે કેબિનેટની બેઠકમાં ગયો નથી. વ્યવસ્થાના ભાગરૂપે અત્યારે હું ધાનગડમાં બેઠક કરી રહ્યો છું, ત્યારબાદ દેવગઢ બારિયા જવાનો છું અને આખી વ્યવસ્થા સંભાળી રહ્યો છું. આ વિશે મેં મુખ્યમંત્રીને આજનો રિપોર્ટ પણ આપી દીધો છે.

# વડોદરામાં ટ્રાફિકની સમસ્યા સર્જાતા ઈદગાહ મેદાન પાસેથી ઘાસનો ધંધો કરતા વેપારીઓને દૂર કરાયા

**। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।**

વડોદરાના ઈદગાહ મેદાન પાસે ઘાસ વેચવા બેસતા કેટલાક વિક્રેતાઓ રસ્તો રોકીને વેપાર કરતા હોવાના કારણે અહીં અકસ્માતની સંભાવનાના કારણે પાલિકા તંત્રએ તેઓના દબાણ આજે દૂર કર્યા હતા.

વોર્ડ નંબર ૧૪માં આવેલ ઈદગાહ મેદાન નજીક કેટલાક વેપારીઓ ગાયોને ખવડાવવા માટેના ઘાસ અને પૂડા લઈને વેચવા માટે નિયમિત બેસતા હોય છે. વેપારીઓ અડધા રસ્તાને રોકીને અહીં વ્યાપાર, ધંધો કરતા હોવાથી કેટલીકવાર અકસ્માત સર્જાવવાની સંભાવના વધી જાય છે. આ અંગે અગાઉ પણ પાલિકા તંત્રએ તેઓને સુચના આપી તેઓના દબાણો દૂર કર્યા હતા. પરંતુ "અમે અહીં વેપાર નહીં કરીએ તો ક્યાં જઈએ?" એવી દલીલ કરી આ વેપારીઓ વારંવાર અહીં આવી જાય છે. ત્યારે અગાઉ દબાણ હટાવ્યા બાદ ટ્રાફિકને નડતરરૂપ રીતે ધંધો કરતા ઘાસના વિક્રેતાઓને આજે વોર્ડ કચેરી, પાલિકાની માર્કેટ ઓફિસ અને વાડી પોલીસ સ્ટેશનના બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવ્યા હતા.

# આરોપી સામે પુરાવો ઊભો કરવાનો ભાર ફરિયાદી ઉપર : હાઇકોર્ટ

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।**

માણસાના જૈન મંદિરમાંથી સોના-ચાંદીના ઘરેણાંની ચોરીના આરોપી ઓને દોષિત ઠરાવી સજા કરવાનો ટ્રાયલ કોર્ટનો આદેશ રદ કરતો મહત્ત્વપૂર્ણ ચુકાદો હાઈકોર્ટે આપ્યો છે. ફરિયાદી પક્ષ આરોપી વિરુદ્ધ પૂરતાં પુરાવા નહીં આપી શકતાં હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો ફેરવી કાઢતાં કથિત આરોપી ઓની અપીલ ગ્રાહ્ય રાખી છે. ચુકાદામાં એવું મહત્ત્વનું અવલોકન કરતાં સ્પષ્ટતા કરી છે કે 'ફોજદારી કાયદાના મૂળભૂત સિદ્ધાંતો મુજબ પુરાવા આપવાનો ભાર સંપૂર્ણપણે ફરિયાદી પક્ષ ઉપર હોય છે.' હાઈકોર્ટે એમ પણ નોંધ્યું છે કે આ કેસમાં જે પુરાવા ઉપર આધાર રખાયો છે એનું મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે ફરિયાદી પક્ષ અપીલકર્તા આરોપીઓ વિરુદ્ધ વાજબી શંકાથી વધુ આરોપો સિદ્ધ કરી શક્યા નથી. તેથી તેમને દોષિત ઠરાવી સજા આપતો ટ્રાયલ કોર્ટનો ચુકાદો કાયદાની દૃષ્ટિએ ટકી શકે નહીં અને પરિણામે તેને રદબાતલ કરવામાં આવે છે.' આ ચુકાદો આપતાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે, 'ટ્રાયલ કોર્ટે આરોપીઓને દોષિત ઠરાવી સજા ફટકારવાનો આદેશ યોગ્ય નથી, કેમ કે ફોજદારી કાયદાશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત કહે છે કે આરોપી વિરુદ્ધ ગુનાના પુરાવા આપવાનું સમગ્ર ભારણ ફરિયાદી પક્ષ ઉપર જ હોય છે. આવા મામલે માત્રને માત્ર શંકા કે ધારણાના આધારે આરોપીને દોષિત ન ઠરાવી શકાય. આરોપીને દોષિત ઠેરવવા માટે ખૂબ જ મજબૂત શંકા અને અત્યંત શંકાસ્પદ પરિબળોના અસ્તિત્વનો ઉલ્લેખ કરીને ફરિયાદ પક્ષની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકાતી નથી.'હાઈકોર્ટે આરોપી ઓની અપીલ ગ્રાહ્ય રાખતાં ચુકાદામાં નોંધ્યું છે કે,'પ્રસ્તુત કેસમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરતાં એ સ્પષ્ટ છે કે માણસાના જૈન મંદિરમાંથી સોના-ચાંદીના ૩.૯૮ લાખના ઘરેણાંની ચોરી થઈ હતી. જે-તે વખતે મંદિરમાં CCTV કેમેરા નહોતા. FIR કેટલાક અજાણ્યા શખ્સો વિરુદ્ધ નોંધાઈ હતી. ત્યારબાદ અરજદારોને શંકાના આધારે પકડીને કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા રજૂ કરાયેલા એક સાક્ષીની સમક્ષ આરોપીઓએ એક તબક્કે ગુનો કબૂલ કર્યો હતો. જોકે સાક્ષીએ શંકાના આધારે આરોપી ઓ ઉપર આક્ષેપ કર્યો હતો. પોલીસ કે પોલીસ દ્વારા રજૂ કરાયેલો સાક્ષી તે અંગેના કોઈ પુરાવા દર્શાવી શક્યા નહોતા. પોલીસને કોઈ કડી ત્રણ મહિના સુધી મળી નહોતી અને માત્ર તેમની કબૂલાતનામા ઉપર ધરપકડ કરાઈ હતી.' વધુમાં આદેશમાં એમ પણ નોંધવામાં આવ્યું હતું કે, 'કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોની ચકાસણી કરીએ તો પોલીસ અધિકારી સમક્ષ આરોપી દ્વારા કરવામાં આવેલું કબૂલાતનામુ સ્વીકાર કરી શકાય નહીં. જ્યાં સુધી મેજિસ્ટ્રેટની ઉપસ્થિતિમાં કબૂલાત ન કરવામાં આવે ત્યાં સુધી એ પુરવાર થઈ શકતું નથી. તેથી આવા સંજોગોમાં આરોપીની દોષિત હોવાની કબૂલાત તેના વિરુદ્ધમાં જતી નથી. પ્રસ્તુત કેસના કથિત આરોપીઓ પોલીસ કસ્ટડીમાં હતા.

# અમદાવાદ જેવા મેગા સિટીમાંથી બાળલગ્નની ઘટનાની સામે આવી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।**

ગુજરાતમાં મોટાભાગે આદિવાસી વિસ્તારમાં બાળલગ્નના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે અમદાવાદ જેવા મેગા સિટીમાંથી બાળલગ્નની ઘટનાની સામે આવતાં ચકચાર મચી ગઈ છે. પોલીસને એક નનામી અરજી મળી હતી, જેમાં અમદાવાદના જમાલપુર વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યા હોવાનો ઉલ્લેખ હતો. પોલીસે નનામી અરજીના આધારે તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસે કાઝી સહિત સાત લોકોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર જમાલ પુર વિસ્તારમાં બાળલગ્ન થઈ રહ્યા હોવાની પોલીસને નનામી અરજી મળી હતી. જેના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરતાં ૧૪ વર્ષની સગીરના લગ્ન ૧૯ વર્ષના યુવક સાથે કરાવવામાં આવી રહ્યા હતા. સગીરાના પિતાએ તેના નાના ભાઈના પુત્ર સાથે પોતાની પુત્રીના લગ્ન કરાવી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બાળલગ્ન મામલે યુવક અને કાઝી સહિત સાત લોકો વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી છે. ૩૦ એપ્રિલના રોજ નરેશભાઈએ અરજી મામલે દીકરાના પિતાને પૂછપરછ અને નિવેદન માટે બોલાવ્યા હતા. તેઓએ પોલીસ સમક્ષ પોતાનુ નિવેદન લખાવ્યું હતું કે, તેની પત્ની બીમાર છે તેમજ સમાજના રીતરીવાજ મુજબ પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે લગ્ન થતા હોય છે. તેણે તેના પિતા અને નાના ભાઈ સાથે વાત કરી હતી. બાળલગ્નને લઈને યુવકના પિતાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે મારી પત્ની બિમાર છે અને અમારા સમાજના રીત-રિવાજ મુજબ પિતરાઈ ભાઈ-બહેન વચ્ચે લગ્ન થતા હોય છે. જેથી તેણે મોટાભાઈની પુત્રી સાથે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. ત્યારબાદ જમાલપુર કાચની મસ્જિદ ખાતે નિકાહ કરવામાં આવ્યા હતા અને તેમને લગ્નનું સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યું છે. જેને નિકાહનામા કહેવામાં આવે છે. પોલીસે તમામ નિવેદનો અને પુરાવા તપાસતાં જાણવા મળ્યું છે કે પરિવાર બાળ લગ્નના નિયમોનો ભંગ કર્યો છે. જેથી પોલીસે મસ્જીદના કાઝી જમાલુદીન સિદ્દીકી સહિત ૭ લોકો વિરૂદ્ધ ગુનો નોંધી અટકાયત કરી છે.

# ૯૦૦૦ HPનાં પ્રથમ લોકોમોટિવ રેલવે એન્જિનનું લોકાર્પણ કરશે PM નરેન્દ્ર મોદી

**। (એજન્સી) દાહોદ, તા.૨૧ ।**

ઓપરેશન સિંદૂર બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ વખત પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. PM મોદી ૨૬ અને ૨૭મે ના દિવસે ગાંધીનગર, કચ્છ અને દાહોદ એમ ત્રણ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ કચ્છના ભુજમાં મીરજાપર રોડ પર જાહેર સભા બાદ તેઓ માતાના મઢ આશાપુરા મંદિરના દર્શન કરશે. ઉલ્લેખનીય છે કે, દાહોદ ખાતે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલ્વે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું લોકાર્પણ વડાપ્રધાન મોદી આ પ્રવાસ દરમિયાન કરવાના છે. દાહોદમાં ૨૦ હજાર કરોડના ખર્ચે PPP મૉડલ પર તૈયાર થયેલા રેલ કારખાનામાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલા લોકોમોટિવ એન્જિન તૈયાર થવાના છે. જેમાંથી ૪ એન્જિન ટૂંક સમયમાં જ તૈયાર થશે. અહીં બનતા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં 100% મેઈક ઈન ઈન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે. આ તમામ એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખાશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે. આ લોકોમોટિવ એન્જિનની ખાસિયત એ છે કે, તે ૪૬૦૦ ટનના કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવે છે. એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ મૂકવામાં આવ્યા છે. આ સાથે દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ પહેલેથી જ લગાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦ હજાર માનવીઓને રોજગારી મળશે. તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. આ ઉપરાંત, સૌથી નીચા બીડર તરીકે બહાર આવેલી મલ્ટિનેશનલ કંપની દ્વારા રેલવે એન્જિનના ઉત્પાદન માટે વિવિધ ચીજોની જરૂરિયાત માટે પાવર સેક્ટર, એન્જિનિયરિંગ સેક્ટરની નાની-મોટી કંપનીઓ માટે પણ ચીજ વસ્તુઓ પૂરી પાડવા માટે તક ઊભી થશે. ઉલ્લેખનીય છે કે, ૯૦૦૦ એચપીના ૬ એક્સલવાળા ઈલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ ૭૫ કિ.મી. કલાક રહેશે.